કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી, ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સકર્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
અમરભાઈ વાઢાઃ 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂ. ૨.૦૦/-
Website : www.kutchuday.com
તા.૧૩ જૂન, ૨૦૨૬ શનિવાર
E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૦૨૨◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલિક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૧૩ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## હર્ષ સંઘવીની વધુ એક વખત પ્રજા પરાયણતા ઝળકી

# જન સુખાકારી સરકાર માટે સર્વોપરી : સંઘવી

**૭૨ કરોડથી વધુના ખર્ચે બનેલા રાજકોટના સાંઢીયા પુલનુ રાજયના નાયબ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ : ૫૦ હજારથી વધુ વાહનચાલકોને મળી મોટી રાહત : હર્ષ સંઘવીએ ખુલ્લી જીપમાં અભિવાદન જીલતી વખતે વાહનચાલકોને રોકેલા જોઈએ પોલીસને તરત આપી સુચના, પ્રજાને કોઈ જ સમસ્યા ન થાય તે જુઓ,વાહન ચાલકોને કાફલા માટે રોકો નહી**






ગાંધીનગર : ગુજરાત સરકારના લોકપ્રિય અને સંવેદનશીલ ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રજાપરાયણતા અને સંવેદનશીલતાના દર્શન આજે ફરી એકવાર રાજકોટની જનતાને થયા છે. રાજકોટ ખાતે આયોજિત કરોડો રૂપિયાના વિકાસ કાર્યોના લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન ગૃહમંત્રીએ પોતાના પ્રોટોકોલ કરતાં સામાન્ય જનતાની સુખાકારીને વધુ મહત્વ આપીને સૌના દિલ જીતી લીધા હતા.રૂપિયા ૭૨ કરોડથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ રાજકોટના વિકાસમાં વધુ એક છોગું ઉમેરતા આજરોજ શહેરમાં રૂપિયા ૭૨ કરોડથી વધારેના ખર્ચે તૈયાર થયેલા વિવિધ જનહિતના પ્રકલ્પોનું લોકાર્પણ ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ભવ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે જ્યારે ગૃહમંત્રીનો કાફલો પસાર થઈ રહ્યો હતો, ત્યારે સુરક્ષા અને પ્રોટોકોલના ભાગરૂપે પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક નિયંત્રણ માટે સામાન્ય વાહનચાલકોને રોકી રાખવામાં આવ્યા હતા. ગૃહમંત્રીએ તુરંત જ કાફલો રોકવા આપ્યો આદેશઃ કાર્યક્રમના સ્થળ તરફ ખુલ્લી જીપમાં જનતાનું અભિવાદન ઝીલતા ઝીલતા આગળ વધી રહેલા ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીની નજર રસ્તા પર રોકાઈ રહેલા વાહનચાલકો અને ટ્રાફિક જામના દ્રશ્યો પર પડી હતી. સામાન્ય નાગરિકોને પડી રહેલી હાલાકીને જોઈને તેમનું સંવેદનશીલ હૃદય દ્રવી ઉઠ્યું હતું. તેમણે પ્રોટોકોલની પરવા કર્યા વગર તુરંત જ સ્થળ પર હાજર ઉચ્ચ પોલીસ અધિકારીઓને કડક સૂચના આપી હતી કે, "મારા કારણે જનતાને કોઈ તકલીફ ન પડવી જોઈએ, વાહનોને રોકવાના બદલે તુરંત જ ટ્રાફિક મુક્ત કરો."જનતાની સુવિધા સર્વોપરીઃ ગૃહમંત્રીની સૂચના મળતા જ પોલીસે તમામ વાહનચાલકોને મુક્ત કરી દીધા હતા અને ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત કરી હતી. ગૃહમંત્રીએ પોલીસ તંત્રને તાકીદ

અનુસંધાન પાના નં.૪ પર

## આસામના જોરહટથી ઉડાન ભર્યા બાદ ભારતીય વાયુસેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત




(એજન્સી દ્વારા)જોરહટ (આસામ): આસામના જોરહટ એરફોર્સ સ્ટેશન પરથી ઉડાન ભર્યા બાદ ભારતીય વાયુસેનાનું એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાના દુઃખદ સમાચાર સામે આવ્યા છે. વાયુસેનાના પ્રવક્તા દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, વિમાને જોરહટથી નિયમિત ઉડાન ભરી હતી, પરંતુ ટેક-ઓફના થોડા સમય બાદ જ તેનો ગ્રાઉન્ડ કંટ્રોલ અને રડાર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.મળતી માહિતી મુજબ, વિમાને જોરહટ એરબેઝ પરથી પોતાના નિર્ધારિત રૂટ માટે પ્રયાણ કર્યું હતું. સંપર્ક તૂટ્યા બાદ વાયુસેના, ભારતીય સેના (આર્મી) અને સ્થાનિક વહીવટીતંત્ર

અનુસંધાન પાના નં.૪ પર

## યુવાધનને નશાના રવાડે ચડાવતી દવાઓના વેચાણ પર પ્રફુલ પાનશેરીયાનો મોટો પ્રહાર

**કડક આદેશથી ૭૨ દુકાનો સીલ- ૧૩૧ને શો-કોઝ નોટિસ સહિત લાયસન્સ રદ કરવા સુધીના પગલાં**

(એજન્સી દ્વારા) ગાંધીનગર : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ હેઠળ, નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા અને કાયદાનું ઉલ્લંઘન કરનારા તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે, આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર -FDCA દ્વારા રાજ્યભરમાં એક વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં નશા માટે દુરુપયોગ થઈ શકે તેવી દવાઓ જેવી કે કોડીન, અલ્પ્રાઝોલમ, નાઈટ્રાઝેપામ,

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાન બાદ ટ્રમ્પની સેના વેનેઝુએલામાં ત્રાટકી

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આંતરરાષ્ટ્રીય રાજકારણ અને સૈન્ય મોરચેથી એક સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ સોશિયલ' પર સત્તાવાર જાહેરાત કરીને જણાવ્યું છે કે, અમેરિકન સેનાએ વેનેઝુએલામાં એક ભયાનક સૈન્ય ઓપરેશન પાર પાડીને ખતરનાક ડ્રગ માફિયા હેક્ટર રસ્ટનફોર્ડ ગુરેરો ફ્લોરેસ ઉર્ફે 'નીનો ગુરેરો' ને મોતને ઘાટ ઉતારી દીધો છે.

### દેશના અડધાથી વધુ પ્રોપર્ટી કાર્ડ ગુજરાતમાં બન્યા

## સ્વામિત્વ યોજનાના બીજા તબક્કામાં ગુજરાત નંબર ૧

(એજન્સી દ્વારા) ગાંધીનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા ૧૨ વર્ષોમાં કેન્દ્ર સરકારે ગ્રામીણ સશક્તિકરણની દિશામાં ઐતિહાસિક પહેલો હાથ ધરી છે, જેમાં 'પ્રધાનમંત્રી સ્વામિત્વ યોજના' એક સીમાચિહ્નરૂપ યોજના તરીકે ઊભરી છે. દાયકાઓ સુધી ગામડાઓમાં રહેણાંક મિલકતોના કાનૂની દસ્તાવેજો ઉપલબ્ધ ન હોવાથી ગ્રામજનો પોતાના જ ઘર-મિલકતના કાનૂની અધિકારો તેમજ વિવિધ આર્થિક લાભોથી વંચિત રહેતા હતા. આજે સ્વામિત્વ યોજના દ્વારા ગામડાઓમાં રહેતા લોકોને પોતાની મિલકતનું સાચું 'સ્વામિત્વ' મળી રહ્યું છે, જેના પરિણામે તેઓ આર્થિક રીતે વધુ સશક્ત બની રહ્યા છે. એટલું જ નહીં, આ મહાઅભિયાનના

અનુસંધાન પાના નં.૪ પર

## રાહુલ ગાંધીનો પીએમ મોદી પર પ્રહાર

નવી દિલ્હી : થોડા દિવસ પહેલાં અમેરિકન નેવીએ ભારતીય જહાજ પર કરેલાં હુમલાની ઘટના આતંરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બની છે, ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. ખાડી દેશો નજીક આંતરરાષ્ટ્રીય જળસીમામાં અમેરિકન નૌકાદળ દ્વારા કરવામાં આવેલાં હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના મોતના મામલે વડાપ્રધાનની મૌન નીતિ સામે વિપક્ષે સખત વાંધો ઉઠાવ્યો છે.

## રાજ્યના પોલીસ વડાશ્રી જી.એસ.મલિકના અધ્યક્ષસ્થાને મહત્વપૂર્ણ વિડિઓ કોન્ફરન્સ યોજાઈ




**મિશન બેટર પોલિસિંગઃ જી. એસ. મલિકે ટેક્નોલોજી આધારિત સુરક્ષા સુધારાઓ કરવા સૂચના અપાઈ : ડિજિટલ સુરક્ષા નેટવર્કને મજબૂત કરવા ખાનગી CCTV કેમેરાનું પોલીસ સિસ્ટમ સાથે ઇન્ટિગ્રેશન કરવા પર મુકાયો ભાર : ડીજીપી એ રાજ્યની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી**

ગાંધીનગરઃ ટેક્નોલોજી અને જનભાગીદારીના સમન્વયથી ગુજરાતના સુરક્ષા માળખાને વધુ મજબૂત કરવાના એક મોટા પ્રયાસરૂપે, રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને આજે પોલીસ ભવન, ગાંધીનગર ખાતેથી એક ઉચ્ચ સ્તરીય વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં તેમણે રાજ્યભરના પોલીસ અધિકારીઓને ખાનગી CCTV કેમેરાને પોલીસ સર્વેલન્સ નેટવર્ક સાથે સાંકળવાની કામગીરી ગતિશીલ બનાવવા આદેશ આપ્યા હતા. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાજ્યના તમામ મહાનગરોના પોલીસ કમિશનરો, રેન્જ આઇ.જી. ઓ, જિલ્લા પોલીસ વડા ઓ તેમજ તમામ પોલીસ યુનિટના વડાઓ ઓનલાઈન જોડાયા હતા. બેઠકમાં કાયદો-વ્યવસ્થા, ગુના નિયંત્રણ, નાગરિકોની ફરિયાદોનું નિવારણ, પોલીસ ફોર્સની

અનુસંધાન પાના નં.૪ પર


## દુશ્મનોની મિસાઇલ હવામાં જ ધ્વસ્ત થશે : ભારતની મોટી સિદ્ધિ



**આધુનિક મિસાઇલ - સંરક્ષણ તાકાત ધરાવતા વિશ્વના દેશોની એલીટ કલબમાં ભારત સામેલઃ ડીઆરડીઓએ સળંગ બે દિવસ સફળ ટેસ્ટ કર્યા : સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે અભિનંદન પાઠવ્યા**

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : ભારતે પાડોશી દુશ્મન દેશોના ખતરા સામે સૈન્ય શક્તિ વધુને વધુ મજબુત કરવાનું ચાલુ જ રાખ્યું હતું અને હવે દુશ્મનની મિસાઈલોને પક્ષમાં જ તોડી પાડતી તાકાત હાંસલ કરીને વિશ્વની એલીટ દેશોની યાદીમાં સ્થાન મેળવી લીધું છે.ભારતની સંરક્ષણ ટેકનોલોજી વિરસાવતી એજન્સી ડીઆરડીઓ દ્વારા લાંબા અંતરની બેલેસ્ટીક મિસાઈલો તથા સમુદ્રી સંકટનો સામનો કરવા અત્યાધુનિક ટેકનીકનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. છેલ્લા બે દિવસ દરમિયાન ભારતની મલ્ટી-લેપર્ડ બેલેસ્ટીક મિસાઈલ ડિફેન્સ પ્રણાલીએ ટારગેટને સચોટ રીતે ધ્વસ્ત કર્યા હતાં.

## નહી ચલાવી લેવાય! ત્રણ ભારતીયોના મોત પર રૂબીયોને ઝાટકતા જયશંકર



**અમેરિકી વિદેશ મંત્રી સાથે ભારતના વિદેશમંત્રીની ટેલીફોન વાતચીત**

નવી દિલ્હી : હોર્મુઝ જળમાર્ગમાંથી પસાર થઈ રહેલા ભારતના વ્યાપારી જહાજ પર અમેરિકી હુમલા અને ત્રણ ભારતીયોના મોત પર ભારતે અત્યંત ગંભીરતાથી આ મુદ્દો રાજદ્વારી ચેનલ પર લીધો છે અને વિદેશ મંત્રી એસ.જયશંકરે આ અંગે અમેરિકી વિદેશમંત્રી માર્કો રૂબીયો સાથે ફોન પર વાતચીત કરી આ પ્રકારના હુમલા કોઈ પણ રીતે સ્વીકાર્ય ગણી શકાય નહી તે સ્પષ્ટ ભાષામાં જણાવી દીધું હતું.ગલ્ફ ઓફ ઓમાન પાસેથી પસાર થતા ઓઈલ ટેક્કર 'સેટલબેલો' જેના પર ૨૪ ભારતીયો સહિત ૨૮ ખલાસીઓ હતા.



# કચ્છના પશુપાલકો માટે પશુધન વીમા સહાય યોજનાનો પ્રારંભ

**પ્રીમિયમમાં મળશે ૮૫ ટકા સુધીની માતબર સબસિડી : આઈ-ખેડૂત પોર્ટલ પર આગામી ૩૦મી જૂન સુધીમાં અરજી કરવા કચ્છ જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. રાજેશ પટેલની ખાસ અપીલ**



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના પશુપાલકોના આર્થિક હિત અને પશુધનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા એક ખૂબ જ મહત્વકાંક્ષી યોજના અમલમાં મૂકવામાં આવી છે. કચ્છ જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. રાજેશ પટેલે આ અંગે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું છે કે, રાજ્ય સરકારના પશુપાલન વિભાગ દ્વારા પશુધન વીમા સહાય યોજનાનું સફળ અમલીકરણ તારીખ ૧ જૂન ૨૦૨૬થી સમગ્ર જિલ્લામાં શરૂ કરી દેવામાં આવ્યું છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય પશુપાલકોને આકસ્મિક સંજોગોમાં થતા આર્થિક નુકસાન સામે કવચ પૂરું પાડવાનો છે. જિલ્લાના તમામ પશુપાલકો આ યોજનાનો મહત્તમ લાભ મેળવે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

આ યોજનાની વિગતો આપતાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, આ યોજના અંતર્ગત પશુધનના દૂધાળા પશુઓ કે જેઓ પહેલું, બીજું અથવા ત્રીજું વેતર ધરાવતા હોય તેવા તમામ પશુઓને આ વીમા સહાય યોજનામાં આવરી લેવામાં આવશે. પશુપાલકો પોતાના પશુઓનો વીમો કરાવીને ચિંતામુક્ત બની શકે તે માટે સરકારે પ્રીમિયમની રકમમાં પણ ખૂબ જ મોટો રાહત દર જાહેર કર્યો છે. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા નેશનલ લાઈવસ્ટોક મિશન હેઠળ પશુધનના એક વર્ષના વીમા પ્રીમિયમની કુલ રકમના ૮૫ ટકા જેટલી માતબર રકમ સબસિડી એટલે કે સહાય પેટે ચૂકવવામાં આવશે. આનો સીધો અર્થ એ થાય છે કે પશુપાલકોએ માત્ર ૧૫ ટકા જેટલી નજીવી પ્રીમિયમની રકમ જ પોતાની ગજવામાંથી ભોગવવાની રહેશે.

યોજનાનો લાભ લેવાની પ્રક્રિયા અને મર્યાદા અંગે વાત કરતા ડૉ. રાજેશ પટેલે જણાવ્યું હતું કે, એક પશુપાલક વધુમાં વધુ પોતાના ૧૦ પશુઓ માટે આ વીમા સહાય યોજના અંતર્ગત ઓનલાઈન અરજી કરી શકશે. આ યોજનાનો લાભ મેળવવા માટે પશુપાલકોએ આગામી તારીખ ૩૦ જૂન ૨૦૨૬ પહેલાં સરકારના અધિકૃત આઈ-ખેડૂત પોર્ટલ પર જઈને ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી કર્યા બાદ પશુપાલકોએ દિન સાતની અંદર આ અરજીની નકલ એટલે કે હાર્ડ કોપી પોતાના નજીકના સરકારી પશુ દવાખાને જમા કરાવવાની રહેશે. કચ્છ જિલ્લાના તમામ પશુપાલકો સમય મર્યાદા ચૂક્યા વગર આ યોજનાનો લાભ ઉઠાવે તેવી જિલ્લા પશુપાલન વિભાગ વતી ખાસ અપીલ કરવામાં આવી છે. માનવ વસ્તી કરતાં વધુ પશુધનની વસ્તી ધરાવતા કચ્છ જિલ્લાના પશુપાલકો અને માલધારીઓ માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થશે.

# માધાપરમાં કિશોરના મોત બાદ પણ તંત્ર બેફિકર! મુખ્ય માર્ગો પર અકસ્માતને ખુલ્લું આમંત્રણ

**સીસીટીવીમાં કેદ થયો કરૂણ અકસ્માત : ભારે વાહનો પરનો પ્રતિબંધ માત્ર કાગળ પર**




ભુજ - કચ્છઉદય : માધાપરમાં સોરઠીયા સમાજવાડી સામે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૫ વર્ષીય કિશોરનું મોત થયા બાદ પણ માર્ગ સલામતી અંગે તંત્રની બેદરકારી યથાવત જોવા મળી રહી છે. ગાંધી સર્કલથી પોલીસ સ્ટેશન તરફ જતા માર્ગ પર પાછળથી આવી રહેલા ટ્રકે બાઈકને ટક્કર મારતાં બાઈક પાછળ બેઠેલા ભુજના ૧૫ વર્ષીય કિશોરનું ઘટના સ્થળે જ મોત થયું હતું. ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા, જેમાં કિશોર ટ્રકના પૈડાં નીચે આવી જતાં જીવ ગુમાવતો હૃદયદ્રાવક દ્રશ્ય જોવા મળ્યું હતું.

**કચ્છભરમાં વધી રહ્યા છે માર્ગ અકસ્માતો**

છેલ્લા કેટલાક દિવસોમાં કચ્છના વિવિધ વિસ્તારોમાંથી માર્ગ અકસ્માતોના બનાવો સતત સામે આવી રહ્યા છે. આ સ્થિતિ પોલીસ ટ્રાફિક વિભાગ, આરટીઓ તેમજ માર્ગ અને મકાન વિભાગની માર્ગ સલામતી પ્રત્યેની બેદરકારી તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટર દ્વારા રોડ સેફ્ટી અંગે બેઠક યોજાઈ હતી. જોકે દર વખતે બેઠક યોજાયા બાદ પણ અકસ્માત નિવારણ માટે નક્કર અને જમીન સ્તરે દેખાતા પગલાં લેવામાં આવતા નથી. પરિણામે નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે.

સ્થાનિકની પરિસ્થિતિ મુજબ અકસ્માત સ્થળની સામે ગામમાં જતાં માર્ગનું કામ પૂર્ણ થઈ ગયું હોવા છતાં રસ્તાને બચાવવા માટે મૂકવામાં આવેલી બાવળની આડશ હજુ સુધી દૂર કરાઈ નથી. જેના કારણે અંજાર તરફ જતો અડધો માર્ગ બંધ થઈ ગયો છે. ગાયત્રી મંદિર નજીક કેટલાક વેપારીઓએ રોડની બાજુમાં જ પેવર બ્લોક ગોઠવી દીધા છે. વાહનો અંદર પાર્ક ન થઈ શકે તે માટે ઉભા કરાયેલા આ અવરોધોને કારણે માર્ગ વધુ સાંકડો બન્યો છે. મુખ્ય માર્ગ પર આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને લારીઓ પાસે ગ્રાહકોના વાહનો બંને બાજુએ આડેધડ પાર્ક થતા રસ્તો ખૂબ જ સાંકડો બની ગયો છે. ભારે વાહનો, એસ. ટી. બસો અને દૈનિક હજારો વાહનોની અવરજવર વચ્ચે માર્ગની પહોળાઈ સતત ઘટી રહી છે. ભુજ શહેરમાં આરટીઓ અને એરપોર્ટ રોડ પર થયેલા ગંભીર અકસ્માતો બાદ જિલ્લા કલેક્ટરે ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે હાલ આ પ્રતિબંધ માત્ર કાગળ પર હોવાનું દેખાઈ રહ્યું છે. માધાપરમાં પણ ભારે ટ્રકો અને માલવાહક વાહનોની અવરજવર વધતા સ્થાનિકોમાં ચિંતા વધી રહી છે.

માધાપરમાં પોલીસ ચોકી નજીક અકસ્માતમાં યુવતીનું મોત થયા બાદ ગ્રામજનોએ વિરોધ સ્વરૂપે સર્કલ તોડી નાનું કર્યું હતું. પરંતુ આજદિન સુધી તંત્ર દ્વારા નવું સર્કલ બનાવવા કે ટ્રાફિક વ્યવસ્થા સુધારવા માટે કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. માર્ગ પરના દબાણો પણ યથાવત છે.

# વરસામેડી સીમમાં આઘાતજનક બનાવ : સગીરાનું મોત

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વરસામેડી ગામે એક દુઃખદ અને આઘાતજનક બનાવ સામે આવ્યો છે. વરસામેડી ગામે મદીના મસ્જીદની પાછળ રહેતી આશરે ૧૭ વર્ષીય સગીરા આફ્રીન કાયમ કુંભારજા તા.૧૨/૦૬/૨૦૨૬ના રોજ બપોરે ૧૩:૩૦ વાગ્યાની આસપાસ સીમમાં ભેંસો ચરાવવા માટે ગઈ હતી. આ દરમિયાન અગમ્ય કારણોસર સીમમાં બહાર નીકળી આવેલા કોઈ અજ્ઞાત જંગલી જાનવરે સગીરા પર અચાનક હુમલો કરી દીધો હતો.

જાનવરના આ ઘાતક હુમલાને કારણે ગંભીર ઈજાઓ થતાં સગીરાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું અને તે સીમમાંથી જ મરણજનાર હાલતમાં મળી આવી હતી. આ બનાવ અંગે પોલીસને તે જ દિવસે બપોરે ૧૫:૨૦ વાગ્યે જાણ કરવામાં આવી હતી.

આ ચકચારી બનાવની જાણ થતાં જ અંજાર પોલીસ તુરંત હરકતમાં આવી હતી અને મૃતક સગીરાની લાશને પંચનામાની વિધિ પૂર્ણ કરી અંજાર સ્થિત ડી ડી મેડી પ્લસ સી.સી.એચ. સી. કેપીટલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. હાલમાં મૃતકની લાશને હોસ્પિટલના પી.એમ. (પોસ્ટમોર્ટમ) રૂમમાં રાખવામાં આવેલ છે. આ બનાવ સંદર્ભે અંજાર પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.રજી નં.૬૫/૨૦૨૬ અને બીએનએસએસની કલમ ૧૯૪ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લાશનું સચોટ પોસ્ટમોર્ટમ અને ઈન્કવેસ્ટ (પંચનામું) યોગ્ય રીતે થઈ શકે તે માટે અંજાર પોલીસ દ્વારા માનનીય મામલતદાર શ્રી અંજાર તરફ જરૂરી યાદી મોકલી આપવામાં આવી છે.

આ સમગ્ર સંવેદનશીલ કેસની પ્રાથમિક તપાસ અંજાર પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. કિરીટભાઈ તથા એ.એસ. આઈ. અરવિંદભાઈ રેવાભાઈ મારૂડીયા દ્વારા શરૂ કરવામાં આવી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને આ કેસની આગળની તમામ ઉંડાણપૂર્વકની તપાસ અંજાર પોલીસ સ્ટેશનના આસી. પો.સબ ઈન્સ. (પી. એસ.આઈ.) જે.એમ. ઝાલા સાહેબને સોંપવામાં આવી છે, જેઓ આ મામલે આગળની કાનૂની કાર્યવાહી ચલાવી રહ્યા છે.

# અંજારમાં રોકાણ પર ઊંચા નફાની લાલચ આપી રૂ. ૧.૫૦ લાખની છેતરપિંડી, બે ઈસમો સામે ગુનો નોંધાયો

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ સ્ટેશનમાં રોકાણ પર ટૂંકા ગાળામાં વધુ નફો અપાવવાની લાલચ આપી એક વ્યક્તિ સાથે રૂ. ૧.૫૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી પાર્થ જયસુખલાલ કારેલિયા (રહે. રાજકોટ)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી પ્રતિક પટેલ તથા તેની સાથેના અન્ય એક અજાણ્યા ઈસમે ફરિયાદીને રોકાણ બદલ વધુ નફો મેળવવાની લાલચ આપી હતી. આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂ. ૧,૫૦,૦૦૦ મેળવી લીધા હતા અને બાદમાં નક્કી કરેલી રકમ પરત આપી નહોતી. ફરિયાદ મુજબ તા. ૨૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ અંજાર નજીક સતાપર ફાટક પાસે આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ જીતી રોકાણના બહાને રકમ મેળવી હતી. ત્યારબાદ નફો કે મૂળ રકમ પરત ન આપતા ફરિયાદીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. અંજાર પોલીસે આરોપી પ્રતિક પટેલ અને અન્ય એક અજાણ્યા ઈસમ સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સર્વોચ્ચ અદાલત દ્વારા દેશભરમાં લોક અદાલતનું આયોજન

**'સમાધાન સમારોહ-૨૦૨૬' માટે અરજીની મુદત ૩૧ જુલાઈ સુધી લંબાવાઈ**

ભુજ-કચ્છઉદય : વર્ષો સુધી કોર્ટમાં ચાલતા વિવાદોનો પરસ્પર સમજૂતીથી ઝડપી અને સંતોષકારક ઉકેલ લાવવા માટે ભારતના સર્વોચ્ચ અદાલત દ્વારા 'સમાધાન સમારોહ-૨૦૨૬' નામે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. દેશના નાગરિકોને સરળ, સસ્તો અને સુલભ ન્યાય મળે તેમજ વિવાદોના નિરાકરણ માટે વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ બને તે હેતુથી આ વિશેષ લોક અદાલતનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સર્વોચ્ચ અદાલતની આ મહત્વાકાંક્ષી પહેલ અંતર્ગત ખાસ લોક અદાલત આગામી ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાનાર છે. આ લોક અદાલતમાં બંને પક્ષોની સંમતિ અને પરસ્પર સમજણના આધારે વિવાદોનો નિકાલ કરવામાં આવશે. પરિણામે પક્ષકારોને લાંબી કાનૂની પ્રક્રિયા, વધતા ખર્ચ અને સમયના બગાડમાંથી રાહત મળશે. સાથે જ ન્યાયિક વ્યવસ્થા પરનો ભાર પણ ઘટાડવામાં મદદ મળશે. વિશેષ લોક અદાલતમાં વધુમાં વધુ લોકો જોડાઈ શકે તે માટે સર્વોચ્ચ અદાલતે અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કર્યો છે. અગાઉ ૩૧ મે, ૨૦૨૬ સુધી અરજી સ્વીકારવાની તારીખ નક્કી કરવામાં આવી હતી. પરંતુ હવે તેને લંબાવીને ૩૧ જુલાઈ, ૨૦૨૬ કરવામાં આવી છે. આ નિર્ણયથી દેશભરના પક્ષકારો અને તેમના વકીલોને અરજી કરવા માટે વધુ સમય મળશે.

રસ ધરાવતા પક્ષકારો અથવા તેમના વકીલો સત્તાવાર ગુગલ ફોર્મ મારફતે પોતાની અરજી ઓનલાઈન નોંધાવી શકે છે. અરજી માટેની લિંક https:// forms.gle/ jqxefq F4BCW zukoP6 જાહેર કરવામાં આવી છે. ઉપરાંત વધુ વિગતો માટે સર્વોચ્ચ અદાલતની સત્તાવાર વેબસાઈટ https:// www.sci. gov.in/ પર પણ માહિતી ઉપલબ્ધ છે. આ સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવા માટે સર્વોચ્ચ અદાલતે વિશેષ હેલ્પ લાઈન વ્યવસ્થા પણ ઊભી કરી છે. વન સ્ટોપ સેન્ટર (વોર રૂમ), સી.આર.પી. વિભાગ તેમજ નિર્ધારિત ઈ-મેઈલ મારફતે પક્ષકારો જરૂરી માર્ગદર્શન મેળવી શકે છે.

# ટ્રેલર ચાલકની બેદરકારીથી અકસ્માતમાં યુવાનનું મોત, લાકડીયા પોલીસમાં ગુનો નોંધાયો

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકાના લાખડિયા પોલીસ સ્ટેશનમાં ટ્રેલર ચાલક સામે જીવલેણ અકસ્માતનો ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર તા. ૧૨/૦૬/૨૦૨૫ના રોજ સાંજે આશરે ૬:૧૮ વાગ્યે સામખિયાળી-નારણપુર નેશનલ હાઈવે પર કેપની નજીક આવેલા પુલ પાસે ટ્રેલર નં. RJ-07-GC-9694ના ચાલકે પોતાના વાહનને બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવ્યું હતું. ચાલકે કોઈપણ જાતનું પૂર્વ સૂચન કે સિગ્નલ આપ્યા વગર અચાનક વાહન સાઈડમાં લેતા પાછળથી આવી રહેલું ટ્રેલર નં. GJ-39-T-2124 તેની સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં બીજા ટ્રેલરના ચાલક મરચા જનાર અશરફશકુરસમેજી પુનક્કટ (ઉ.વ. ૨૪), રહે. રાજસ્થાનને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાને લઈને ફરિયાદી યુવરાજસિંહ અર્જુનસિંહ વાઘેલા, રહે. ગાયત્રીનગર, લાખડિયા દ્વારા લાખડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા ટ્રેલર ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૦૫(૧), ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીની ઓળખ અને ધરપકડ માટે પોલીસ દ્વારા કાર્યવાહી ચાલુ છે.

# ગાંધીધામમાં જૂની અદાવતમાં યુવકો પર લાકડીથી હુમલો: ચાર સામે ગુનો દાખલ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.-૧૧૧૯ ૩૦૦૬૨ ૬૦૭૧૫ /૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ મુજબનો ગુનો નોંધાયો છે. આ ગુનાની ઘટના તારીખ ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ કલાક ૧૨/૦૦ આસપાસ બની હતી, જે અંગેની ફરિયાદ તે જ દિવસે એટલે કે તારીખ ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ કલાક ૧૬/૫૦ વાગ્યે પોલીસ સ્ટેશને જાહેર કરવામાં આવી હતી. આ ગુનાની વિગત એવી છે કે આ કામના આરોપી ઓએ ફરિયાદીના ભાઈ બાબુને પોતાના ઘર પાસે ઈન્ટરલોક બ્લોક રાખવા માટે આરોપી નંબર ૦૨ આબીદે કહેલ કે "કેમ અહીંયાં બ્લોક રાખેલ છે?" તેમ કહી તે બાબતનું મન દુખ રાખી ફરિયાદીના ભાઈને જેમ તેમ ગાળો બોલી ફરિયાદીના ભાઈ નંબર ૦૧ આબીદ અને તેને પોતાની મોટરસાયકલ નીકળવા બાબતે ઝઘડો કરી જેમ તેમ ગાળો બોલી ફરિયાદીના ભાઈને ગડદા પાટુનો માર મારી તેમજ લાકડી વડે ઈજા પહોંચાડી હતી. આ દરમિયાન ફરિયાદીના ભાઈ બાબુને છોડાવવા માટે વચ્ચે પડેલા સાહેદ કુણાલને પણ આરોપી નંબર ૦૧ આબીદે લાકડી વડે ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ આરોપી નંબર ૦૨ આબીદે ફરિયાદીને પણ ગડદા પાટુનો માર માર્યો હતો અને તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત આરોપી નંબર ૦૩ આબીદે પણ પાછળથી આવી ફરિયાદીના ભાઈને પકડી રાખ્યો હતો. આમ, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો આચર્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ તરીકે (૧) દીલશાદ હામદશાહ અલ્વી (અલવી) રહે. ભારતનગર, રેલ્વે લાઈન પાછળ, રૂમ નં-૬ ગાંધીધામ, (૨) અલ્તાફ ઉર્ફે કરણશાહ અલ્વી (અલવી), (૩) ગુલુશાહ રશીદશાહ અલ્વી (અલવી) અને (૪) અલ્તાફશાહ ઉર્ફે લાલશાહ અહેમદશાહ અલ્વી રહે. અણજારના નામો સામે આવ્યા છે. આ સમગ્ર મામલે ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. મુસ્તાફા દ્વારા ફરિયાદીની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જ્યારે કેસની વધુ તપાસ પો.સબ.ઈન્સ. જયદિપ કુમારના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગાંધીધામ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# ગણેશનગરથી ત્રિમંદિર સુધી ભુજની મુખ્ય ગટરલાઈન પાથરવાના કામની પાલિકાના હોદ્દેદારો દ્વારા સમીક્ષા કરાઈ



ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકા દ્વારા ભાડા ગ્રાન્ટ અંતર્ગત કોમર્સ કોલેજ પાસે ગણેશનગરથી ત્રિમંદિર સુધી ગ્રેવીટી ડ્રેનેજલાઈન પાથરવાનું કામ ચાલુમાં છે, જેની ભુજ નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહ, કારોબારી ચેમેન કમલભાઈ ગઢવી, શાસકપક્ષના નેતા ધર્મેશભાઈ ગોર, નગરપાલિકા ડ્રેનેજ શાખાના ઈન્જીનીયર તેમજ આ કામની એજન્સીના કોન્ટ્રાક્ટર સાથે સ્થળ પર જઈ થઈ રહેલા કામોની સમીક્ષા કરાઈ હતી.

આ અંગે ભુજ નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહે જણાવ્યું હતું કે, ભાડા ગ્રાન્ટ અંતર્ગત ગણેશનગરથી ત્રિમંદિર સુધી આ ગ્રેવીટી ડ્રેનેજલાઈન પાથરવાનું કામ ચાલુ છે જેનાથી વોર્ડ નં.૮ અને ૧૧નો ડ્રેનેજનો પાણી જે વોર્ડ નં.૭ના સંસ્કારનગરમાંથી થઈ વોર્ડ નં.૧ના ખાસરા ગ્રાઉન્ડ પાસેથી થઈ કરીને એરપોર્ટ રોડ પર આવેલી નગરપાલિકાની મુખ્યલાઈનમાં જોડાય છે. આ અંદાજીત ૨ કિમીની લાઈનની સંપૂર્ણ કામગીરી થયા બાદ જે ડ્રેનેજનો પાણી વચ્ચેથી પસાર થાય છે તેને બદલે સીધું અમૃત યોજના અંતર્ગત એરપોર્ટ રોડ પર બનેલી મુખ્યલાઈનમાં જોડાણ કરવામાં આવશે, જેનાથી વોર્ડ નં.૧ અને ૭માં જે ડ્રેનેજનું પાણી જાય છે તે પાણી સીધું એરપોર્ટ રોડ પર બનેલી મુખ્યલાઈનમાં સમાઈ જશે. આગામી ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને આ થઈ રહેલા કામોને સત્વરે પૂર્ણ કરવા કોન્ટ્રાક્ટરને ટકોર કરવામાં આવી હતી. આ ડ્રેનેજલાઈનનું કામ થઈ ગયા બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવા રોડ બનાવાની કામગીરી હાથ ધરવામાં આવશે, જેથી આ વિસ્તારના લોકોને ડ્રેનેજલાઈન તમજ નવા રોડની સુખાકારીનો લાભ મળી શકે.

# મોટા અંગિયા ખાતે રમાયેલી ક્રિકેટ ટૂર્નામેન્ટમાં હિતાર્થ ટીમ વિજેતા





નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના મોટા અંગિયા ખાતે રમાયેલી ક્રિકેટ ટૂર્નામેન્ટમાં હિતાર્થ ટીમ વિજય બની હતી. મોમાઈ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ સમાપન સમારોહનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોટડા આથમડા પૂર્વ સરપંચ શભુભાઈ જગમાલભાઈ રબારી, રબારી માકપટ પૂર્વ પ્રમુખ ખેંગારભાઈ રબારી, ગઢશીશા તાલુકા પંચાયત સદસ્ય રાજેશભાઈ રબારી, ગોપાલભાઈ ગરવા સરપંચ મોટાઅગીયા, ઉપસરપંચ ઈકબાલભાઈ ઘાચી, ડો. બી.બી. દેસાઈ, ડો. મેક્સ દેસાઈ, મમુભાઈ રબારી, જગદીશભાઈ, બુધાભાઈ, લખનભાઈ તેમની સાથે મોમાઈ મોટાઅગીયા ટીમ અને મોટા અંગીયા યુવક મંડળ જહેમત ઉઠાવી હતી. જેમાં બે ટીમ મોમાઈ ડેરી વિથોણ અને હિતાર્થ નખત્રાણા વચ્ચે રમાઈ હતી, જેમાં નખત્રાણા હિતાર્થની ટીમ વિજય થઈ હતી.

# નખત્રાણાના ખાનાયનો માથાભારે વ્યાજખોર અમદાવાદથી ઝડપાયો



ભુજ - કચ્છઉદય : નખત્રાણા વિસ્તારમાં વ્યાજખોરીના અનેક ગુનાઓમાં સંડોવાયેલા ખાનાય ગામના માથાભારે આરોપીને નખત્રાણા પોલીસે અમદાવાદ ખાતેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ખાનાય ગામના બળવંતસિંહ ઉર્ફે બળુભા તગજી સોઢા સામે નખત્રાણા પોલીસ મથકે વ્યાજખોરી સંબંધિત અનેક ફરિયાદો અને ગુનાઓ નોંધાયેલા છે. આરોપી લોકોને ઊંચા વ્યાજે રૂપિયા ધીરધાર આપતો હતો અને બાદમાં બળજબરી, ધાકધમકી તેમજ દબાણ કરીને વસૂલાત કરતો હોવાના આક્ષેપો છે. આરોપીના વ્યાજના ચક્રમાં ફસાયેલા લોકોએ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદ બાદ આરોપી ફરાર થઈ ગયો હતો અને પોલીસ પકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જોકે, સેશન્સ કોર્ટ દ્વારા તેની આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપી હાઈકોર્ટમાં રાહત મેળવવા પહોંચે તે પહેલાં જ નખત્રાણા પોલીસે ચોક્કસ બાતમીના આધારે અમદાવાદથી તેને ઝડપી લીધો હતો. હાલ પોલીસે આરોપીની અટકાયત કરી વધુ પૂછપરછ શરૂ કરી છે અને સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભજારભાવ

| ભુજ માર્કેટ યાર્ડ | |
|---|---|
| **૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૫૪૩૦-૫૫૧૧ |
| મગ નવા | ૭૫૦૦-૮૦૦૦ |
| તુવેર | ૫૫૦૦-૬૦૦૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | |
| **૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૫૪૦-૨૫૮૦ |
| રાયડો | ૨૭૦૦-૨૭૮૧ |
| ઈશબગુલ | ૩૩૦૦-૪૫૧૪ |
| તલી | ૪૦૦૦-૪૬૮૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | |
| **૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૪૮૯૦-૫૫૭૦ |
| કાળા તલ | ૧૧૦૦૦-૧૫૦૦૦ |
| વરિયાળી | ૬૦૦૦ |
| ઘઉં | ૨૨૫૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | |
| **૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૫૨૧-૨૬૦૮ |
| જીરૂ | ૪૪૪૦-૭૬૮૦ |
| તલ | ૩૫૦૧-૫૧૦૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | |
| જીરૂ | ૩૩૦૦ |
| એરંડા | ૧૨૩૫-૧૨૫૫ |
| ઈશબગુલ | ૧૪૫૧-૧૬૫૧ |
| ગોવાર | ૧૦૪૩ |
| અજમો | ૧૨૦૦-૧૫૦૦ |

| ભચાઉ માર્કેટ યાર્ડ | |
|---|---|
| એરંડા | ૧૨૮૦-૧૩૦૦ |
| સાખજીરૂ | ૩૪૮૦-૩૬૭૫ |
| ગોવાર | ૧૦૨૫-૧૦૫૦ |
| રાયડો | ૧૩૫૦-૧૩૭૬ |
| ઈશબગુલ | ૧૪૦૦-૧૫૦૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | |
| **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | |
| ડુંગળી | ૧૯-૨૪ |
| બટેટા | ૧૪-૧૫ |
| ટમેટા | ૩૫-૫૫ |
| મરચા | ૨૦-૪૫ |
| મરચી | ૩૫-૫૫ |
| રીંગણા કાળા | ૪-૧૦ |
| રીંગણા બાજરીયા | ૫-૧૫ |
| કોબી દેશી | ૩-૮ |
| કોબી | ૧૨-૧૭ |
| ફુલાવર | ૨૦-૩૦ |
| ફુલાવર દેશી | ૨૫-૪૦ |
| વટાણા | ૮૦-૧૧૫ |
| ધાણા | ૩૦-૪૦ |
| ભીંડા | ૧૫-૩૨ |
| કાકડી કાળી | ૪-૧૨ |
| કાકડી સફેદ | ૫-૧૦ |
| કાકડી ખીરા | ૧૦-૩૦ |
| પાલક | ૮-૧૩ |
| લસણ સુકું | ૯૦-૧૨૦ |
| લીંબુ | ૨૫-૪૦ |

| | |
|---|---|
| પીત્તાઈ ગાજર કેશરી | ૧૫-૩૦ |
| દુધી | ૪-૮ |
| આદુ | ૧૦૦-૧૨૫ |
| કારેલા | ૧૦-૨૦ |
| શક્કરિયા | ૧૫-૨૫ |
| ચોળા ડોલર | ૨૦-૪૦ |
| ગીલોડા | ૨૫-૪૦ |
| મરચા સીમલા | ૬૦-૮૦ |
| ગોવાર દેશી | ૨૫-૫૦ |
| ગીસોડા | ૧૦-૨૫ |
| ગેલકા | ૧૫-૨૦ |
| પરવળ | ૪૫-૫૫ |
| સરગવો | ૨૦-૩૦ |
| કોળુ | ૭-૧૦ |
| **ભુજ ફ્રુટ બજાર** | |
| કેળા કાચા | ૫-૧૦ |
| કેળા પાકા | ૧૫-૨૫ |
| પપૈયા કાચા | ૧૦-૧૫ |
| પપૈયા પાકા | ૧૨-૧૭ |
| જામફળ | ૩૦-૫૦ |
| ચીકુ | ૧૫-૨૫ |
| શક્કરટેટી | ૨૦-૪૫ |
| ફણસી | ૧૦૦-૧૨૦ |
| દાડમ | ૧૦-૬૦ |
| કલીંગર | ૫-૧૦ |
| કાચી કેરી | ૫-૨૦ |
| કેસર કેરી | ૨૦-૬૦ |
| રાજાપુરી કેરી | ૧૫-૩૫ |

# રાજેશભાઈના નિધનથી સમાજે એક ધાર્મિક અગ્રણી ગુમાવ્યા છે : શંકરભાઈ સચદે

ભુજ-કચ્છઉદય : રાજેશભાઈના નિધનથી સમાજમાં ઊંડો શોક વ્યાપ્યો છે અને સમાજે એક પ્રતિષ્ઠિત ધાર્મિક અગ્રણી ગુમાવ્યા છે તેવી લાગણી પૂર્વ નગરપતિ શંકરભાઈ સચદેએ વ્યક્ત કરી છે.

તેમણે જણાવ્યું હતું કે રાજેશભાઈ સમાજના ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યોમાં હંમેશા આગેવાન તરીકે જોડાયેલા રહ્યા હતા. તેમના નિધનથી જે ખાલીપો સર્જાયો છે તે લાંબા સમય સુધી પૂર્ણ થઈ શકશે નહીં. તેઓ સરળ સ્વભાવ, સૌહાર્દપૂર્ણ વર્તન અને સમાજસેવા પ્રત્યેની નિષ્ઠા માટે વિશેષ રીતે જાણીતા હતા. શંકરભાઈ સચદેએ વધુમાં જણાવ્યું હતું કે રાજેશભાઈ જેવા વ્યક્તિત્વો સમાજ માટે પ્રેરણાસ્રોત સમાન હોય છે અને તેમની યાદો તથા યોગદાન હંમેશા સ્મરણમાં રહેશે. તેમના નિધનથી ધાર્મિક અને સામાજિક વર્તુળમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે.

# ભુજ નગરપાલિકા દ્વારા આવતીકાલે "જન કલ્યાણ શિબિર" યોજાશે

ભુજ - કચ્છઉદય : રાજ્યની પ્રજા સુધી જન કલ્યાણ યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોચે અને તે યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે કેન્દ્ર સકાર તથા રાજ્ય સરકારની પ્રમુખ યોજનાઓ સમાવેશ કરીને તા.૧૨ થી ૨૦ જુન દરમિયાન "જન કલ્યાણ શિબિર"નું આયોજન કરવાનો નિર્ણય ગુજરાત સરકાર, સામાન્ય વહીવટી વિભાગના તા.૨૯/૫/૨૦૨૬ વાળા પરિપત્ર દ્વારા કરવામાં આવેલ છે. જન કલ્યાણની યોજનાઓનો મહતમ લાભ મહતમ લોકો સુધી પહોંચાડવા તેમજ યોજનાનો લાભ જે લાભાર્થીને મળવા પાત્ર હોય તેઓની નોંધણી સદરહુ યોજનાઓમાં થાય તે માટે ભુજ નગરપાલિકા દ્વારા "જન કલ્યાણ શિબિર" તા.૧૪/૬ રવિવારના રોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ કલાક સુધી "કચ્છ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકના કોન્ફરન્સ હોલ, વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ ખાતે યોજાશે. આ શિબિરમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ૧૩ જેટલી સેવાઓ આયુષ્માન ભારત યોજના, આયુષ્માન વયવંદના યોજના, નમોશ્રી યોજના, પીએમજેએવાયમાં અરજી, પીએમ સૂર્ય ઘર યોજના, આદિજાતિ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વિદ્યાર્થીઓ માટે ફ્રી શીપ કાર્ડ (શાળા કોલેજ પ્રવેશ દરમ્યાનમાં), શેરી ફેરિયાઓ માટે પીએમ સ્વનિધિ, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મુખ્યમંત્રી લક્ષ્મી યોજના, સરસ્વતી યોજના વિગેરે યોજનાઓના લાભ એક જ સ્થળે સરકારના વિવિધ વિભાગોની કચેરીઓના અધિકારીઓ - કર્મચારીઓની ઉપસ્થિતિમાં આપવામાં આવશે. ભુજ શહેરના નાગરિકોએ જરૂરી આધાર પુરાવા - દસ્તાવેજો સાથે ઉપરોક્ત સેવાઓનો મહતમ લાભ લેવા શિબિરમાં ઉપસ્થિત રહેવા ભુજ નગર પાલિકાના મુખ્ય અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

# પૂર્વ કચ્છ LCBનો સપાટોઃ ટપ્પર વાડી વિસ્તારમાંથી બિનવારસુ દારૂ ભરેલું ટેન્કર ઝડપાયું

ગાંધીધામ - કચ્છ ઉદય : પૂર્વ કચ્છ એલસીબીએ દારૂની હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરતા દુધઈ પોલીસ સ્ટેશન વિસ્તારના ટપ્પર વાડી વિસ્તારમાંથી બિનવારસુ હાલતમાં દારૂ ભરેલું ટેન્કર ઝડપી પાડ્યું છે.પ્રાથમિક માહિતી મુજબ ટેક્રરમાં અંદાજે ૧,૨૭૭ પેટી વિદેશી દારૂ હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. એલસીબીની ટીમે સ્થળ પર પહોંચી ટેન્કરને કબજે લઈ દારૂના જથ્થાની ગણતરી અને તપાસ શરૂ કરી છે. દારૂનો આટલો મોટો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર કાર્યવાહીથી દારૂના કાળા કારોબાર સાથે સંકળાયેલા તત્વોમાં ખળભળાટ મચી ગયો છે.

# મેઘપર કુંભારડીમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો : અંજાર પોલીસે રૂ. ૧.૪૭ લાખનો મુદ્દામાલ કર્યો જપ્ત

અંજાર : અંજાર પોલીસે પ્રોહિબિશન વિરોધી ઝુંબેશ અંતર્ગત મેઘપર કુંભારડી વિસ્તારમાં દરોડો પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ચોક્કસ બાતમીના આધારે રવેચીનગર ખાતે આવેલા એક મકાનમાં રેડ દરમિયાન વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.પોલીસે આ કાર્યવાહી દરમિયાન અંદાજે રૂ. ૧.૪૭ લાખની




કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં મકાનમાંથી ગેરકાયદેસર રીતે દારૂનો સંગ્રહ અને વેચાણ થતું હોવાનું સામે આવ્યું છે.આ મામલે મેરૂભા ઉદેસંગ વાઘેલા, રહે. અંતરજાળ (તા. ગાંધીધામ) સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર કાર્યવાહી અંજાર પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એ. જાડેજાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

## 'મારાથી ખરાબ કોઈ મુખ્યમંત્રી નહીં હોય' : સુવેન્દુ અધિકારી થયા ગુસ્સે

નવી દીલ્હી : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું અને ચેતવણી આપી કે જો કોઈ કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરશે તો તેમનાથી ખરાબ કોઈ મુખ્યમંત્રી નહીં હોય.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સત્તામાં આવ્યા પછી સતત કાર્યવાહીમાં છે. શુક્રવારે તેમણે ગુંડાઓને ચેતવણી આપી હતી કે જો કોઈ કાયદો અને વ્યવસ્થાનું ઉલ્લંઘન કરશે અથવા તેનો ભંગ કરવાનો પ્રયાસ કરશે, તો તેમનાથી ખરાબ કોઈ મુખ્યમંત્રી નહીં હોય.

## ચોપડવામાં સ્વ. જીતેન્દ્રસિંહ જાડેજાના નામની તકતીનું અનાવરણ

ભચાઉ - કચ્છ ઉદય : ભચાઉ એસ.આર.પી. ગ્રૂપના ગેટની સામે નર્મદા કેનાલ ઉપર ભચાઉ તાલુકાના ચોપડવા ગામના વતની વીર સપૂત સ્વ. જીતેન્દ્રસિંહ બળવંતસિંહ જાડેજાના નામની તકતીનું અનાવરણ રાપરના ધારાસભ્ય, કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું.

સ્વ. જીતેન્દ્રસિંહ બળવંતસિંહ જાડેજાએ એક મુસ્લિમ સમાજના યુવાન અકરમભાઈ જુસબભાઈ અબડા નામનો યુવાન નર્મદા કેનાલમાં ડૂબી રહ્યો હતો ત્યારે તેને બચાવવા માટે માનવતા દાખવી હતી. યુવાનને બચાવવાના પ્રયાસ દરમીયાન તેમણે પોતાના જીવની પણ પરવા ન કરી અને અંતે પોતાનો જીવ ગુમાવ્યો હતો. તેમના આ બહાદૂરી ભર્યા અને માનવતાના કાર્યને યાદગાર બનાવવા માટે આ



સ્મારક સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સ્મારક તેમના સાહસ માનવતા અને પરોપકારની ભાવનાને સદૈવ જીવંત રાખે છે.

કાર્યક્રમમાં ભચાઉ તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજના પ્રમુખ વાઘુભા જાડેજા, જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય જનકસિંહ જાડેજા, જિલ્લા પંચાયતના સદસ્ય વાઘજીભાઈ આહીર, ભચાઉ નગરપાલિકાના પ્રમુખ પેથાભાઈ રાઠોડ, અવીનાસભાઈ જોષી, હરીસિંહ ડી. જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા (ચોપડવા)એ જહેમત ઉઠાવી હતી. સંચાલન અને આભારવિધિ ભરતસિંહ જાડેજાએ કરી હતી.

## જબરૂં કૌભાંડ : ગુજરાતના લોકો રાજસ્થાનમાં ટેસ્ટ આપ્યા વગર ડ્રાઈવિંગ લાયસન્સ મેળવી રહ્યા છે

(એજન્સી દ્વારા)

જયપુર : ગુજરાતમાં ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવામાં ઓનલાઈન સિસ્ટમ સક્રિય હોવાથી વાહનચાલકોને લાયસન્સ માટે ભારે પરેશાની નડે છે. જેના પગલે છેલ્લાં ઘણા સમયથી ગુજરાતના કેટલાક એજન્ટ દ્વારા રાજસ્થાન તેમજ ઉત્તર પૂર્વીય રાજ્યોના આરટીઓ સાથે સાંઠગાંઠ કરીને ગુજરાતના વ્યક્તિને ત્યાં મોકલ્યા વિના જ જે-તે રાજ્યના બનાવટી સરનામા પર ડ્રાઈવિંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવે છે. ત્યારબાદ તે ગુજરાતના આરટીઓમાં સરનામું બદલવા માટે અરજી કરવામાં આવે છે. આ કૌભાંડ વાહન વ્યવહાર કમિશનરના ધ્યાનમાં આવતા તેમણે અન્ય રાજ્યોમાંથી ગુજરાતનું સરનામું બદલવાની થતી અરજીઓ અંગે તપાસના આદેશ આપ્યા છે.

રાજસ્થાન અને ઉત્તર પૂર્વીય રાજ્યોમાંથી ઈસ્યુ થયેલા ડ્રાઈવિંગ લાયસન્સ ધરાવતા કેટલાક લોકો દ્વારા ગુજરાતમાં અમદાવાદ સહિતના વિવિધ શહેરોમાં સરનામું બદલવાની મોટા પ્રમાણમાં અરજી કરવાના કિસ્સાઓમાં વધારો થયો હતો. ત્યારે આ અંગે પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના કમિશનર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. જે અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવતા નિયમોનો ભંગ કરીને ગેરકાયદે લાયસન્સ ઈસ્યુ કરવાનું કૌભાંડ સામે આવ્યું હતું.

જેમાં અમદાવાદ કે અન્ય જિલ્લાઓમાં રહેતી વ્યક્તિને ગુજરાતના આરટીઓમાં ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે ટેસ્ટ આપવી ફરજિયાત છે. પરંતુ, આરટીઓ ટ્રેક સેન્સર બેઝ હોવાથી મોટાભાગના લોકોને સફળ થતા ન હોવાથી ગુજરાતના કેટલાક આરટીઓ એજન્ટ રાજસ્થાન, સિક્કિમ, મણિપુર, આસામ સહિતના રાજ્યોના આરટીઓના અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરીને મોટું કૌભાંડ શરૂ કર્યું છે.

## પહેલા પાનાથી...

### જન સુખાકારી

કરી હતી કે વીઆઈપી મૂવમેન્ટ દરમિયાન સામાન્ય જનતાને કોઈપણ પ્રકારની સમસ્યા ન થાય તેની ખાસ કાળજી રાખવામાં આવે. પોતાના નેતાની આ સહજતા, સરળતા અને પ્રજા પ્રત્યેની સંવેદના જોઈને ત્યાં હાજર વાહનચાલકો અને રાજકોટની જનતાએ ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને તેમના આ પગલાને બિરદાવ્યું હતું.

### આસામના જોરહટથી

દ્વારા તાત્કાલિક સંયુક્ત સર્ચ એન્ડ રેસ્ક્યુ (બચાવ) ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આસામ અને અરૂણાચલ પ્રદેશના પહાડી અને ગીચ જંગલો ધરાવતા સરહદી વિસ્તારોમાં વિમાનનો કાટમાળ શોધવા માટે વાયુસેનાના સુખોઈ-૩૦ (Su-30 MKI) અને સી-૧૩૦જે (ઝ-૧૩૦ત્ન) જેવા આધુનિક વિમાનો તેમજ હેલિકોપ્ટર્સની મદદ લેવામાં આવી હતી.ગીચ જંગલો અને ખરાબ હવામાનના કારણે સર્ચ ઓપરેશનમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સેનાના વિમાન અને સેટેલાઇટ ઈમેજરીની મદદથી વિમાનનો કાટમાળ પહાડી વિસ્તારમાંથી મળી આવ્યો છે. દુર્ઘટના એટલી ભયાનક હતી કે વિમાનનો સંપૂર્ણ મલાજો નાશ પામ્યો હતો. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર વાયુસેનાના બહાદુર જવાનો અને ક્રૂ મેમ્બર્સ શહીદ થયા હોવાની આશંકા સેવાઈ રહી છે, જેમના પ ાર્થિવ દેહને બહાર કાઢવા માટે એરફોર્સના ગરુડ કમાન્ડો અને ટ્રેકિંગ ટીમને હેલિકોપ્ટર મારફતે ઘટનાસ્થળે ઉતારવામાં આવી છે.વાયુસેનાના મુખ્ય મથક દ્વારા આ ગંભીર અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા માટે 'કોર્ટ ઓફ ઈક્વાયરી' (ઉચ્ચ સ્તરીય તપાસ) ના આદેશ આપી દેવામાં આવ્યા છે. પ્રાથમિક દ્રષ્ટિએ ખરાબ હવામાન અથવા કોઈ ટેકનિકલ ખામીના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.ભારતીય વાયુસેનાએ આ દુર્ઘટના અંગે ઊંડો અફસોસ વ્યક્ત કર્યો છે અને જણાવ્યું છે કે, "દેશની સેવામાં જીવ ગુમાવનારા વીર જવાનોના પરિવારજનો સાથે આખું રાષ્ટ્ર સદાય ઊભું છે." સંરક્ષણ મંત્રાલય અને વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ સમગ્ર બચાવ કામગીરી અને તપાસ પ્રક્રિયા પર સીધી નજર રાખી રહ્યા છે.

### યુવાધનને નશાના

ટ્રામાડોલ અને ઝોલપીડેમ વગેરેના ગેરકાયદે ખરીદ-વેચાણને રોકવાના હેતુથી આ ડ્રાઈવ યોજાઈ હતી.આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ વિગતો આપતા ઉમેર્યું કે, આ વિશેષ ઝુંબેશ હેઠળ કુલ ૨૦૮ પેઢીઓમાં સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. તેમાંથી હિસાબોમાં વિસંગતતા જણાતા ૧૩૧ પેઢીઓને કારણદર્શક નોટિસ ફટકારવાની કાર્યવાહી શરૂ કરાઈ છે, જ્યારે ગંભીર નિયમભંગ બદલ ૭૨ પેઢીઓના વેપાર પર તાત્કાલિક પ્રતિબંધ મૂકી ખરીદ-વેચાણ બંધ કરાવાયું છે. દવાઓની ગુણવત્તાના સચોટ મૂલ્યાંકન માટે તંત્ર દ્વારા ૫૫ સેમ્પલ પણ લેબોરેટરી ચકાસણી અર્થે લેવામાં આવ્યા છે.પ્રિસ્ક્રિપ્શન વિના કે શંકાસ્પદ રીતે આવી દવાઓનું વેચાણ કરનારાઓ સામે તંત્ર લાલઆંખ કરશે. નિયમોનું ઉલ્લંઘન કરનારી ૧૩૧ પેઢીઓને કારણદર્શક નોટિસ આપ્યા બાદ લાયસન્સ સસ્પેન્ડ કે રદ કરવા સુધીની કડક વહીવટી કાર્યવાહી કરાશે. એટલું જ નહીં, ગંભીર ગુનાના કિસ્સામાં આવી પેઢીઓ વિરૂદ્ધ કાયદેસરની ફોજદારી કે કાનૂની પગલાં પણ ભરવામાં આવશે તેમ આરોગ્ય રાજ્ય મંત્રીએ કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર યુવાધનને નશાના દૂષણથી બચાવવા અને ફાર્મસી ક્ષેત્રે સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે તેમ આરોગ્ય રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

### સ્વામિત્વ યોજનાના

સફળ અમલીકરણમાં ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવીને એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્યની આ સિદ્ધિ એટલા માટે પણ વિશેષ છે કે, યોજનાના બીજા તબક્કામાં દેશભરમાં તૈયાર થયેલા કુલ પ્રોપર્ટી કાર્ડમાંથી ૫૦ ટકાથી વધુ પ્રોપર્ટી કાર્ડ ફક્ત ગુજરાતમાં તૈયાર થયા છે. ૧૪,૯૦૦ ડ્રોન ફલાઈટ્સ અને ૧૮.૫૦ લાખથી વધુ પ્રોપર્ટીકાર્ડ બનાવીઃ સ્વામિત્વ યોજનામાં ગુજરાતે રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતે 'પ્રધાનમંત્રી સ્વામિત્વ યોજના'ના અસરકારક અમલીકરણ દ્વારા સમગ્ર દેશ માટે એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અત્યાધુનિક ડ્રોન ટેક્નોલૉજીથી ગ્રામ્ય મિલકતોનું સચોટ સર્વેક્ષણ અને મૅપિંગ કરીને રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૧૮.૫૦ લાખથી વધુ ગ્રામીણ મિલકતોના કાયદાકીય દસ્તાવેજ તરીકે 'પ્રોપર્ટીકાર્ડ' તૈયાર કરવામાં આવ્યા છે.

### રાજ્યના પોલીસ

ફિટનેસ અને 'મિશન બેટર પોલિસિંગ'જેવામહત્વનામુદ્દાઓપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં મહત્વનો એક મુદ્દો લોકભાગીદારી દ્વારા રાજ્યના ડિજિટલ સુરક્ષા કવચને સુદ્રઢ કરવાનો હતો. જી. એસ. મલિકે ખાનગી ધોરણે લાગેલા CCTV કેમેરાને પોલીસ મોનિટરિંગ સિસ્ટમ સાથે લિંક કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રીઅલ-ટાઈમ સર્વેલન્સ ક્ષમતા વધારવા, ગુનાઓ શોધી કાઢવા અને તપાસને વધુ સચોટ બનાવવા માટે લોક સહયોગથી CCTV નેટવર્કનો વ્યાપ વધારવા પર વિશેષ ભાર મૂક્યો હતો. રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરતા રાજ્યના પોલીસ વડા એ અધિકારીઓને 'પ્રોએક્ટિવ પોલિસિંગ' કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, પ્રજાની ફરિયાદોનું ઝડપી, પારદર્શી અને સંતોષકારક નિવારણ લાવવા માટે 'Public Grievance Redressal System' ને વધુ મજબૂત કરવા તાકીદ કરી હતી. ગુનાખોરી અટકાવવા, ગુનાઓનો ભેદ ઉકેલવા અને વૈજ્ઞાનિક તેમજ સમયબદ્ધ તપાસ કરવા માટે ડીજીપી દ્વારા ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે જ, પોલીસ દળ શારીરિક અને માનસિક રીતે સક્ષમ રહે તે માટે કર્મચારીઓના હેલ્થ અને ફિટનેસ પર વિશેષ ધ્યાન આપવા એકમોના વડાઓને જણાવાયું હતું. પોલીસિંગ વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ અને નાગરિક-કેન્દ્રિત બનાવવા માટે "મિશન બેટર પોલિસિંગ" અંતર્ગત ગઠિત કરવામાં આવેલી વિવિધ સમિતિઓની કામગીરીની પ્રગતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી, અને સુધારાઓનો અસરકારક અમલ કરવા દિશા-નિર્દેશો અપાયા હતા.બેઠકના અંતે, ડીજીપી જી. એસ. મલિકે તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓને આ સંવેદનશીલ અને મહત્વના મુદ્દાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી, સમયમર્યાદામાં તમામ નિર્ણયોનું યોગ્ય અમલીકરણ સુનિશ્ચિત કરવા કડક આદેશ આપ્યા હતા. બે કલાકથી વધુ સમય સુધી ચાલેલી આ મેરેથોન વીડિયો કોન્ફરન્સમાં રાજ્યના પોલીસ વડાશ્રી દ્વારા કાયદો-વ્યવસ્થા અને વહીવટી પ્રક્રિયાને વધુ સુદ્રઢ કરવા અન્ય પ્રસ્તુત મુદ્દાઓ પર પણ ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી આવતી ફરિયાદોના ત્વરિત નિવારણ માટે 'GP-SMASH' પ્રોજેક્ટને વધુ મજબૂત કરવા તેમજ PG પોર્ટલ પર આવતી અરજીઓનો ઝડપી નિકાલ કરવા તાકીદ કરાઈ હતી. તે ઉપરાંત પોલીસ દળમાં શિસ્ત જળવાઈ રહે અને કર્મચારીઓ તણાવમુક્ત રહી શકે તે માટે સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ અને પોલીસ કર્મચારીઓની ફિટનેસ પર વિશેષ ભાર મુકાયો હતો. આ ઉપરાંત, દરેક પોલીસ સ્ટેશનમાં સ્વચ્છતા જાળવવા, SRP પોઈન્ટ્સનું નિયમિત ચેકિંગ કરવા, ફરજ દરમિયાન બોડી વોર્ન કેમેરાના ફરજિયાત ઉપયોગ અને સમન્સ-વોરંટની બજવણી ઓનલાઈન માધ્યમથી ઝડપી બનાવવા સૂચનાઓ અપાઈ હતી.પ્રજાની સુખાકારી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને વ્યાજખોરો વિરૂદ્ધ કડક ઝુંબેશ ચાલુ રાખવા, અસામાજિક તત્વો વિરૂદ્ધ પાસા-તડીપારની કાર્યવાહી કરવા, ગેરકાયદેસર દબાણો હટાવવા તેમજ એફઆઈઆર બારીક વિગતો સાથે ઝડપી નોંધવા અને આરોપીની ધરપકડ ત્વરિત કરવા સહિતના કોર પોલીસિંગના મુદ્દાઓ પર ભાર મૂકવા કડક આદેશો અપાયા હતા. વધુમાં, પોલીસ કર્મચારીઓના કલ્યાણ અર્થે રહેણાંક પોલીસ ક્વાર્ટર્સ મંજૂર કરવાની પ્રક્રિયાને પણ વેગ આપવા બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

# હેક્સાવેર નવી રોજગારીની તકો ઊભી કરશે : ભુપેન્દ્ર પટેલ

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં હેક્સાવેર ટેક્નોલોજીઝના નવા ડિલિવરી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. ગિફ્ટ સિટીના પ્રજ્ઞા-II બિલ્ડિંગના ૭મા અને ૮મા માળે શરૂ થયેલું.આ અત્યાધુનિક સેન્ટર ગુજરાતની ટેક્નોલોજી ઈકોસિસ્ટમ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બનશે. આ સેન્ટરના પ્રારંભથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડેટા એનાલિટિક્સ, ઓટોમેશન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન જેવા અદ્યતન ક્ષેત્રોમાં નવી તકોનું સર્જન થશે તેમજ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા યુવાનો માટે રોજગારીના નવા દ્વાર



ગિફ્ટ સિટીમાં હેક્સાવેર ટેક્નોલોજીઝના નવા ડિલિવરી સેન્ટરનું મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન

ખુલશે. હેક્સાવેર ટેક્નોલોજીઝ વિશ્વની અગ્રણી ડિજિટલ અને ટેક્નોલોજી સેવાઓ પ્રદાન કરતી કંપનીઓમાંની એક છે. કંપની વૈશ્વિક સ્તરે બેંકિંગ, નાણાકીય સેવાઓ, આરોગ્ય, વીમા, ઉત્પાદન, રિટેલ, પ્રવાસન અને પરિવહન સહિતના વિવિધ ક્ષેત્રોમાં અદ્યતન ટેક્નોલોજી આધારિત સોલ્યુશન પૂરા પાડે છે. વિશ્વના અનેક દેશોમાં કામગીરી ધરાવતી હેક્સાવેર ટેક્નોલોજીઝ આગામી ત્રણ વર્ષમાં આશરે ૧,૦૦૦ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા રોજગારનું સર્જન કરવાની ક્ષમતા ધરાવે છે. ગિફ્ટ સિટીમાં હેક્સાવેરના ડિલિવરી સેન્ટરની સ્થાપના ગુજરાતના ટેક્નોલોજી અને નવીનતા આધારિત વિકાસને વધુ મજબૂત બનાવશે. આ પ્રસંગે, ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, હેક્સાવેર ટેક્નોલોજીઝના સીઈઓ અને એક્સએક્ઝ્યુટિવે ડાઈરેક્ટર આર. શ્રીકૃષ્ણ સહિત કંપનીના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર વિકાસ કુમાર જૈન તેમજ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## વરસામેડી કેનાલ પરથી ચોરાયેલ બાઇક સાથે આરોપી ઝડપાયો : અંજાર પોલીસની સફળતા

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસે વરસામેડી સીમ વિસ્તારમાં કેનાલ પાસેથી ચોરાયેલી યમાહા એફઝેડ બાઈકના ગુનાનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડ્યો છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે ધોબીવાસ, અંજારના રહેવાસી



સોહીલ આદમ કુંભાર (ઉ.વ. ૨૪) ને ચોરીની બાઈક સાથે ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ બાઈક ચોરી કર્યાની કબૂલાત આપતા પોલીસે રૂ. ૫૦ હજાર કિંમતની યમાહા એફઝેડ બાઈક કબજે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી અંજાર પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એ. જાડેજાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

## નાગલપરની વ્રજ ગૌશાળામાં ગૌસેવાનો અનોખો કાર્યક્રમ



### ગાયોને ૫૦૦ કિલો કેરી ખવડાવવામાં આવી

અંજાર - કચ્છ ઉદય : તાલુકાના નાગલપર ગામ ખાતે આવેલી સચિદાનંદ સંપ્રદાય સંચાલિત વ્રજ ગૌશાળામાં ગૌસેવાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. ગૌશાળામાં રહેલી ગાયોને આશરે ૫૦૦ કિલો કેરી ખવડાવી ગૌસેવા કરવામાં આવી હતી.આ પ્રસંગે ગૌભક્તો અને સેવાભાવીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉનાળાની ઋતુમાં ગાયોને પૌષ્ટિક અને પોષણયુક્ત આહાર મળે તે હેતુથી કેરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સચિદાનંદ સંપ્રદાયના મહંત ત્રિકમદાસજી મહારાજે જણાવ્યું હતું કે ગૌસેવા ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાનો મહત્વપૂર્ણ ભાગ છે. ગાયોની સેવા અને સંવર્ધન માટે સંપ્રદાય સતત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરે છે. ગૌશાળામાં યોજાયેલા આ સેવાયજ્ઞથી રસીકજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

## ITના સર્વેમાં આપેલું સ્ટેટમેન્ટ હવે કરદાતા ફેરવી શકશે નહીં

નવી દિલ્હી : આવકવેરાના સરવે હેઠળ આવરી લેવામાં આવેલા પક્ષકારે આવકવેરાના અધિકારીઓને આપેલા સ્ટેટમેન્ટમાંથી હવે પીછેહઠ કરી શકશે નહિ. ભૂતકાળમાં સ્ટેટમન્ટ આપ્યા પછી દબાણ હેઠળ સ્ટેટમેન્ટ લેવાયું હોવાનું જણાવીને ફરી જતાં હતા તે હવે શક્ય બનશે નહિ. આવકવેરા ધારા ૨૦૨૫ની કલમ ૨૫૩માં કરવામાં આવેલી જોગવાઈને પરિણામે આવકવેરા અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા સરવે હેઠળની પાર્ટીઓએ પણ આવકવેરા અધિકારીઓને સોગંદનામા પર સ્ટેટમેન્ટ આપવું પડશે. તેથી તેઓ દબાણ હેઠળ સ્ટેટમેન્ટ લીધું હોવાનું જણાવીને સ્ટેટમેન્ટ હેઠળ ફરી જઈ શકશે નહિ.પહેલા માત્ર આવકવેરા કચેરીએ પાડેલા દરોડાના કેસોમાં સોંગદનામા પર સ્ટેટમેન્ટ લેવાતા હતા. હવે સરવે પછીના સ્ટેટમેન્ટ પણ સોગંદનામા પર લેવામાં આવશે. હવે સરવેના કેસોમાં પણ નવી જોગવાઈ લાગુ કરવામાં આવી છે. આ જોગવાઈ ટીડીએસના સરવે તથા ચેરિટેબલ ટ્રસ્ટ પરના સરવે માટે પણ લાગુ પડશે.આવકવેરાના નવા કાયદા હેઠળની પ્રસ્તુત જોગવાઈ ટીડીએસ-કરકપાતના સરવે કે પછી ચેરિટેબલ ટ્રસ્ટની ઓફિસ પર કરવામાં આવેલા સરવે માટે પણ લાગુ કરવામાં આવશે. આવકવેરાના જાણકારોનું કહેવું છે કે નવો કાયદો અમલમાં આવ્યો તે પહેલા આવરવેરાના જૂના કાયદાની કલમ ૧૩૩-એ કરદાતાઓની ઓફિસના કરવામાં આવેલા સરવેને અંતે સોગંદનામા પર સ્ટેટમેન્ટ લેવાની કોઈ જ જોગવાઈ નહોતી.

## ધો. ૧૦ અંગ્રેજીની પૂરક પરીક્ષામાં ૪૬૫ છાત્રો ગેરહાજર

ભુજ - કચ્છઉદય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પૂરક પરીક્ષાનો આજે ત્રીજો દિવસ હતો.

આજે સવારના સેશનમાં ગેરહાજર રહેનારા વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર જોવા મળી છે. ધોરણ ૧૨ ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય વ્યવસ્થાની પરીક્ષા યોજાઈ હતી. આ વિષયમાં પરીક્ષા આપવા માટે કુલ ૨૧૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૧૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા જ્યારે ૪૯ વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. બીજી તરફ, ધોરણ ૧૦ની પરીક્ષામાં સવારના સેશનમાં અંગ્રેજી દ્વિતીય ભાષાનું પેપર હતું. આ પરીક્ષા માટે કુલ ૧૦૨૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૫૫૬ વિદ્યાર્થીઓએ હાજર રહીને પરીક્ષા આપી હતી અને ૪૬૫ જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત, સંસ્કૃત પ્રથમા પરીક્ષા અંતર્ગત અંગ્રેજી દ્વિતીય ભાષાની પરીક્ષામાં કુલ ૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને આ બંને વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા.

## ગાંધીધામની પંચાયત શાળામાં બાઉન્ડરી અને બાથરૂમનું કામ તકલાદી





ગાંધીધામ - કચ્છ ઉદય : શહેરમાં મહેશ્વરી નગર વિસ્તારમાં પંચાયત શાળામાં બાઉન્ડરી અને બાથરૂમનું કામ ચાલુ રહ્યો છે જે ભ્રષ્ટાચાર કરી કામની ગુણવત્તા અને મજબૂતી જોવા મળી રહી નથી. કોન્ટ્રાક્ટને વારંવાર કામની વિગતો માંગતા હાનાકાની કરી કામમાં ગેરજીમેદારી પુર્વક કામગીરી ચાલુ રાખેલ છે.

કચ્છ જિલ્લાને ભુકંપ વિસ્તાર હોવાથી ભુકંપપ્રુફ કામગીરી થાય તો પ્રજાના પૈસા વેડફાઈ ન જાય તેવી તકેદારી રાખવામાં આવે તો શાળામાં ભણતા વિદ્યાર્થીઓ, શિક્ષકો ગંભીર ઘટનાનો ભોગ ન બને અને મજબૂતી પૂર્ણ કામ થાય એવી અમારી માંગ છે.

## વિપક્ષી જૂથ મૂંઝવણમાં છે

નવીદિલ્હી : ઈન્ડિયા એલાયન્સની બેઠકમાં, રાહુલ ગાંધીએ સ્પષ્ટપણે કહ્યું કે વિપક્ષી જૂથમાં હજુ પણ મૂંઝવણ છે. ટીએમસી, એસપી અને આરજેડી જેવા પક્ષો માને છે કે તેમણે અત્યાર સુધી જે રાજકીય પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે તે કામ કરતી રહેશે.

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આ અઠવાડિયાની શરૂઆતમાં ઈન્ડિયા એલાયન્સની બેઠકમાં નેતાઓને કહ્યું હતું કે લોકોમાં ફેલાયેલા ગુસ્સાને જોતાં, આગામી સામાન્ય ચૂંટણી પહેલાથી જ નક્કી છે, પરંતુ મુખ્ય સમસ્યા એ છે કે નિષ્પક્ષ ચૂંટણી નહીં થાય. સોમવારે ઈન્ડિયા એલાયન્સની બેઠકમાં, તેમણે નેતાઓને એક રહેવાનું પણ આહ્વાન કર્યું, અને કહ્યું કે જો તેઓ સાથે ઉભા રહે અને તેનો વિરોધ કરે તો ભાજપને હરાવવાનું સરળ છે. રાહુલ ગાંધીએ વિપક્ષી જૂથમાં મૂંઝવણનો પણ દાવો કર્યો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે સમાજવાદી પાર્ટી, ટીએમસી અને આરજેડી જેવા પક્ષો માને છે કે અત્યાર સુધી તેમણે જે રાજકીય પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે તે હજુ પણ કામ કરશે, પરંતુ પરિસ્થિતિ હવે એવી નથી.

ડાબેરી પક્ષો સહિત તેમના સાથી પક્ષો દ્વારા કોંગ્રેસની ટીકાનો જવાબ આપતા, રાહુલ ગાંધીએ નીલકંઠ (શિવ) ની છબીનો ઉલ્લેખ કર્યો જે બધું ઝેર ગળી જાય છે અને કહ્યું કે તેમના પર અથવા તેમના પક્ષ પર કરવામાં આવેલી કોઈપણ ટીકાને સ્મિત સાથે સ્વીકારવામાં આવશે. શુક્રવારે, ગાંધીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર નવ મિનિટથી વધુનું ભાષણ શેર કર્યું જે તેમણે એક બેઠકમાં આપેલું હતું જેમાં ઈન્ડિયા એલાયન્સના ભાગીદારોએ ભાજપ સામે એકતા પર ભાર મૂક્યો હતો.

## MC નેતા મદન મિત્રાનાં સ્થળોએ EDના દરોડા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના નગરપાલિકા ભરતી કૌભાંડમાં EDએ પોતાની તપાસ વધુ તેજ બનાવી છે. શનિવારે સવારે EDએ ભવાનીપુર સ્થિત ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી મદન મિત્રાના નિવાસસ્થાન સહિત કુલ સાત સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ તમામ સ્થળોએ તપાસ અને તલાશી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે મદન મિત્રાએ કથિત રીતે દલાલો મારફતે રોકડ રકમ અને સોનાના રૂપમાં લાંચ લીધી હતી.

## રૂ.૧૨ હજારના ડ્રગ્સ સાથે યુવક પકડાયો ટ્રેનમાંથી રૂ.૯૯ હજારનો ગાંજો પકડાયો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : રખિયાલમાંથી પોલીસે રૂા.૧૨ હજારના ૪.૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બાપુનગરના યુવકને ઝડપી પાડયો હતો. પોલીસ તપાસમાં નશાના રવાડે ચઢેલા યુવકે ડ્રગ્સના ધંધામાં ઝંપલાવ્યું હતું. આ નશીલો પદાર્થ કાલુપુર રેલવે સ્ટેશન પાસેથી અજાણ્યા શખ્સ પાસેથી લાવતો હતો. જ્યારે કાલુપુર રેલવે સ્ટેશને તામિલનાડુથી આવેલી નવજીવ એક્સપ્રેસ ટ્રેનમાંથી બિનવારસી હાલતમાં રૂા. ૯૯ હજારનો ૧ કિલો ૯૮૦ ગ્રામ ગાજો મળી આવ્યો હતો. આ બન્ને બનાવમાં પોલીસે ગુનો નોંધીને ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.રખિયાલ પોલીસે ચોક્કસ બાતમી મળી હતી કે બેનર એસ્ટેટ પાસે એક શખ્સ ટુ-વ્હીલર લઈને ડ્રગ્સનો જથ્થો વેચવા આવાનો છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવીને શંકાસ્પદ યુવકને પકડી પાડયો હતો. તેની પૂછપરછ કરતાં યુવક બાપુનગરમાં રહેતો હોવાનું બહાર આવ્યું હતું. યુવક અને ટુ-વ્હીલરની તપાસ કરતા ડેકીમાંથી પ્લાસ્ટીકની બેગમાંથી રૂા. ૧૨,૬૦૦ની કિમતનું ૪.૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. જેથી પોલીસે આરોપી પાસે થી કુલ રૂા. ૭૨,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## ઈરાનને મોટો આંચકો : અમેરિકાની કડકાઈ વચ્ચે ચીન હવે રશિયા પાસેથી ખરીદશે સસ્તું ક્રૂડ ઓઈલ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકી પ્રતિબંધો છતાં ચીનની સતત ખરીદીને કારણે લાંબા સમય સુધી મજબૂત રહેલું ઈરાનનું અર્થતંત્ર હવે મુશ્કેલીમાં મુકાયું છે. ચીની કંપનીઓએ ઈરાનની મોટી માંગ અને અમેરિકાની કડકાઈને કારણે ઓઈલની ખરીદીમાં મોટો ઘટાડો કર્યો છે, જેના લીધે ઈરાન ભારે દબાણ હેઠળ આવી ગયું છે. છેલ્લા એક મહિનામાં ઈરાનનું ઓઈલ પ્રોડક્શન ૧૯ ટકા જેટલું ગગડી ગયું છે અને તેના તેલ નિકાસની આવક પર મોટું સંકટ ઊભું થયું છે. ગ્રાહકોને આકર્ષવા માટે ઈરાની ઓઈલ વિક્રેતાઓએ કિંમતોમાં પણ ઘટાડો કરવો પડી રહ્યો છે.ઈરાનના કુલ તેલ નિકાસનો લગભગ ૯૦ ટકા હિસ્સો ખરીદતી ચીનની સ્વતંત્ર 'ટીપોટ રિફાઈનરીઓ' હાલ સતત આર્થિક નુકસાનનો સામનો કરી રહી છે. આ કારણે ચીને ઓઈલ પ્રોસેસિંગ ક્ષમતા અને ખરીદી બંનેમાં ભારે ઘટાડો કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. શરૂઆતમાં ચીને આ રિફાઈનરીઓને ઈંધણ ઉત્પાદન ચાલુ રાખવા કહ્યું હતું, પરંતુ વધતા નુકસાનના કારણે પાછળથી આ નિયમોમાં ઢીલ આપી દેવામાં આવી. બીજીતરફ ચીન પાસે હવે રશિયાના સસ્તા ઓઈલનો વિકલ્પ પણ ઉપલબ્ધ હોવાથી તેના પર ઈરાન પાસેથી જ ઓઈલ ખરીદવાનું કોઈ દબાણ રહ્યું નથી.

# શ્રવણ યાત્રાથી પરત ફરેલા ૭૦૦ વડિલોએ ભદ્રેશ્વર ખાતે લીધા આશીર્વાદ

## યાત્રાનું પુણ્ય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અર્પણ કરાયું



માંડવી - કચ્છઉદય : માંડવી વિધાનસભા વિસ્તારના શ્રવણ યાત્રામાં ભાગ લેનારા આશરે ૭૦૦ જેટલા વડિલ યાત્રાળુઓ યાત્રા પૂર્ણ કરીને પરત ફર્યા હતા. આ પ્રસંગે ભદ્રેશ્વર સ્થિત શ્રી રોકડિયા હનુમાનજી મંદિર ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વડિલોએ ભગવાનના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન માંડવીના ધારાસભ્ય અને ગુજરાત ભાજપના મહામંત્રી અનિરુદ્ધ દવે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યાત્રાળુઓનું સ્વાગત કરી તેમની સુખદ અને સફળ યાત્રા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. વડિલોએ યાત્રા દરમિયાન પ્રાપ્ત થયેલા આધ્યાત્મિક અનુભવો વ્યક્ત કર્યા હતા અને ભગવાન



સમક્ષ સમાજ, રાજ્ય તથા દેશની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

અનિરુદ્ધ દવેએ જણાવ્યું હતું કે, શ્રવણ યાત્રા માત્ર ધાર્મિક પ્રવાસ નહીં પરંતુ વડીલોને આધ્યાત્મિક શાંતિ, સામાજિક સંવાદિતા અને સાંસ્કૃતિક વારસાની અનુભૂતિ કરાવતું મહત્વપૂર્ણ માધ્યમ છે. સરકાર દ્વારા વડીલોને તીર્થસ્થળોના દર્શનનો લાભ મળી રહે તે માટે આવી યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મુકાઈ રહી છે. ભદ્રેશ્વર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ યાત્રાળુઓએ સમગ્ર યાત્રાનું પુણ્ય દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને અર્પણ કરતાં તેમના દીર્ઘાયુષ્ય, સ્વાસ્થ્ય અને દેશના સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી હતી. ધાર્મિક અને ભાવનાત્મક વાતાવરણ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને ભક્તજનો પણ જોડાયા હતા.

# શ્રી અંજાર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિદ્યાર્થીઓ માટે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

અંજાર : શ્રી અંજાર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ક્લાસમેટ કંપનીની અંદાજે ૫,૦૦૦ જેટલી નોટબુકો ૫૦ ટકા રાહત દરે વિતરણ કરવામાં આવી હતી. સમાજ દ્વારા સતત ચાર વર્ષથી આ સેવાકીય અને શૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લીધો હતો.

વધતી જતી શૈક્ષણિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત નોટબુકો રાહત દરે ઉપલબ્ધ કરાવવાનો સમાજનો આ પ્રયાસ ખૂબ જ પ્રશંસનીય રહ્યો છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સમાજના પ્રમુખ શ્રી હિરેનભાઈ ખાંડેકાના




માર્ગદર્શન હેઠળ રોહિત ખાંડેકા, રમેશ મઢવી, તેજસ હર્ષ, તુષાર પંડ્યા, રવિ જોશી, ભુપેન્દ્ર રાવલ, મહેન્દ્ર પંડ્યા, હરેશ મઢવી, પ્રથમ ખાંડેકા સહિતના કાર્યકરોએ સતત ચાર દિવસ સુધી ભારે જહેમત ઉઠાવી હતી. તેમની નિષ્ઠા અને સેવાભાવના કારણે વિતરણ કાર્યક્રમ સુચારુ અને સફળતાપૂર્વક પૂર્ણ થઈ શક્યો હતો. સમાજના આગેવાનો દ્વારા ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત માટે આવા સમાજ ઉપયોગી કાર્યક્રમો સતત યોજાતા રહેશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમના લાભાર્થીઓ અને વાલીઓએ શ્રી અંજાર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજનો આભાર વ્યક્ત કરી આ પહેલને આવકાર આપી પ્રશંસા કરી હતી.

# રાપરના જૂના રામવાવ ગામના છપ્પર વિસ્તારમાં પાણીની ગંભીર સમસ્યા

## નળ સે જળ યોજનામાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરાઈ

રાપર - કચ્છઉદય : રાપર તાલુકાના જૂના રામવાવ ગામના છપ્પર વિસ્તારમાં હાલ પીવાના પાણીની અત્યંત ગંભીર સમસ્યા સર્જાઈ છે. સ્થાનિક રહેવાસીઓ છેલ્લા ઘણા સમયથી પાણી માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને પાણી મેળવવા માટે મહિલાઓ, વૃદ્ધો તેમજ બાળકોને દૂર-દૂર સુધી ભટકવાની ફરજ પડી રહી છે, જેના કારણે સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ અને અસંતોષ વ્યાપી ગયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા દરેક ઘેર શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે 'નળ સે જળ' યોજના અમલમાં મૂકવામાં આવી હોવા છતાં, જૂના રામવાવના આ વિસ્તારના લોકોને આજદિન સુધી આ યોજનાનો કોઈ યોગ્ય લાભ મળ્યો નથી. સ્થાનિક સ્તરે એવી વ્યાપક ફરિયાદો ઉઠી છે કે આ યોજનાની કામગીરીમાં મોટા પાયે ગંભીર ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે, જેના પરિણામે જ સામાન્ય જનતા સુધી પાણી પહોંચી શક્યું નથી. આ ગંભીર જનસમસ્યા અંગે રાપર તાલુકા કોંગ્રેસના મહામંત્રી કરસનભાઈ હરિભાઈ મણવર દ્વારા જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. તેમણે વહીવટી તંત્રને અનુરોધ કર્યો છે કે છપ્પર વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાનું તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવવામાં આવે અને ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નિયમિત ટેક્કર દ્વારા પાણી પુરવઠો શરૂ કરવામાં આવે. આ સાથે જ તેમણે 'નળ સે જળ' યોજનાની કામગીરી અંગે ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસ કરાવવાની માંગ કરી છે. તેમણે ઉમેર્યું છે કે જો તપાસમાં કોઈ અધિકારી, કર્મચારી કે કોન્ટ્રાક્ટરની બેદરકારી અથવા ભ્રષ્ટાચાર બહાર આવે તો તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ અને યોજનાનું કામ તાત્કાલિક પૂર્ણ કરી તમામ પરિવારોને પાણી ઉપલબ્ધ કરાવવું જોઈએ. જો આ પ્રશ્નનો વહેલી તકે ઉકેલ નહીં આવે, તો સ્થાનિક લોકોને લોકશાહી ઢબે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | | | 9 | | |
| | 2 | 7 | 6 | 9 | | | 8 | |
| 4 | | | | | | | 6 | |
| | 1 | | | 8 | 4 | 7 | | |
| 2 | | | 5 | | 1 | | | 8 |
| | | 8 | 9 | 6 | | | 2 | |
| | 6 | | | | | | | 2 |
| | 7 | | | 1 | 8 | 5 | 9 | |
| | | 4 | | | | 8 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | 2 |
| 5 | 2 | 1 | 4 | 7 | 8 | 9 | 3 | 6 |
| 6 | 4 | 9 | 2 | 3 | 1 | 8 | 5 | 7 |
| 7 | 3 | 2 | 9 | 4 | 6 | 5 | 8 | 1 |
| 1 | 8 | 5 | 3 | 2 | 7 | 6 | 9 | 4 |
| 9 | 6 | 4 | 1 | 8 | 5 | 7 | 2 | 3 |
| 3 | 9 | 7 | 8 | 1 | 4 | 2 | 6 | 5 |
| 2 | 1 | 8 | 6 | 5 | 3 | 4 | 7 | 9 |
| 4 | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | 8 |

# અવસાન નોંધ

**આદિપુર** : મૂળ ખંભરા (તા. અંજાર)ના કમલેશ દેવજીભાઈ ખોખર (ઉ.વ. ૩૨) તે નાથીબેન દેવજીભાઈ વરજાંગ ખોખરના પુત્ર, સ્વ. રાજીબેન વરજાંગભાઈના પૌત્ર, હિમાબેન ગાંગજી નથુ ખોખર (મિરજાપર), ભચીબેન સ્વ. રાયશીભાઈ, ભાનુબેન આત્મારામ, શાંતાબેન સુમાર, હિરૂબેન મગન, લક્ષ્મીબેન લાલજી પઢિયાર, ગં.સ્વ. સોનાબેન ધનજી જખુ લોંચા (આદિપુર)ના ભત્રીજા, મહેશ, લક્ષ્મણ, જગદીશ, મુકેશ, રાહુલ, દીપક, રમેશ, અજય, નિખિલ, સ્વ. જ્યોતિબેન મેઘજી મણોઢિયા (ખંભરા), શાંતાબેન લાલજી બુચિયા (ફરાદી), ચંદાબેન કાનજી મંગરિયા (ભુજોડી), ભાવનાબેન અનિલ લોંચા (કુકમા)ના ભાઈ, ગં.સ્વ. સવિતાબેન પુનાભાઈ બુચિયાના (દોહિત્ર), અરજણ પુના, સ્વ. ઈશ્વર પુના, વિશ્રામ પુના બુચિયા (જાબુંડી)ના ભાણેજ, મંજુલાબેન, મીનાબેન, વેલબાઈ, લક્ષ્મીબેન, જાગૃતિબેન, ભાવિકાબેન, આરતીબેનના દિયર, ખુશાલી, ધૈર્યના કાકા તા. ૯-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા તા. ૧૩-૬ના શનિવારે સાંજે આગરી અને તા. ૧૪-૬ના રવિવારે સવારે ઘડાઢોળ (પાણી) નિવાસસ્થાને મેઘમાયા સોસાયટી, આદિપુર ખાતે.

**ચાંદ્રોડા (તા. અંજાર)** : ગોસ્વામી ગવરીબેન કાશીગિરિ (ઉ.વ. ૮૨) તે સ્વ. કાશીગિરિ હરીગિરિના પત્ની, સ્વ. શાન્તાબેન હરીગિરિ (વીડી, તા. અંજાર)ના પુત્રી, મંગલગિરિ, સ્વ. પ્રભાબેન, નીમુબેનના બહેન, ગોસ્વામી દિનેશગિરિ (નવીનગિરિ), કલાવંતીબેન ચમનગર (માથક), દમયંતીબેન રમેશગિરિ (પશુડા), રંજનબેન કાન્તિગિરિ (સંઘડ), સ્વ. શિલ્પાબેન જયસુખગિરિ (અંજાર), પ્રેમિલાબેન રસિકગિરિ (રાપર)ના માતા, ડિમ્પલબેનના સાસુ, સ્વ. શ્યામગિરિ હરીગિરિના ભાભી, સ્વ. ત્રિવેણીબેનના જેઠાણી, રમેશગિરિ, મહેન્દ્રગિરિ, લખનગિરિ, જયશ્રીબેન ભરતવન (નાની ચીરઈ)ના મોટાબા, દીપક, ભાવિકાબેન યોગેન્દ્રભારથી (નાગોર), દિવ્યાબેન, હિતેષ, મીત, શિવમ, યશ, જીલ, સીમાના દાદી, દિવ્યાનીબેન દીપકગિરિ, બીનાબેન હિતેષગિરિના દાદીસાસુ, શૈલેશગિરિ, પ્રવીણગિરિ, મેહુલગિરિ, કલ્પેશગિરિ, આશિષગિરિ (એડવોકેટ - અંજાર), વિશાલગિરિ, જુગલગિરિ, સતીશવન (એડવોકેટ ભચાઉ), ઉમેદવનના નાની, જીયાબેન દીપકગિરિના પરદાદી તા. ૧૦-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૬ના શનિવારે સાંજે ૪થી ૫ નિવાસસ્થાન ચાંદ્રોડા (તા. અંજાર) ખાતે તેમજ ધાર્મિકક્રિયા તા. ૨૨-૬ના સોમવારે.

**બેલા (તા. રાપર)** : ક્રિષ્નાબા વાઘેલા (ઉ.વ. ૮૦) તે નરપતસિંહ જસવંતસિંહ વાઘેલાના પત્ની, લક્ષ્મણસિંહ, ઘનુભાના ભાભી, સ્વ. લોકેન્દ્રસિંહ, સત્યજિતસિંહના માતા, પૂર્વરાજસિંહ, મૂળુરાજસિંહ, હરદીપસિંહના મોટીમા, શિવપાલસિંહ, પ્રિન્સરાજસિંહ, હર્ષરાજસિંહના દાદી તા. ૪-૬ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૧૪-૬ના નિવાસસ્થાન દરબાર ગઢ, બેલા ખાતે.

**ભુજ** : રાજેશભાઈ સૂર્યકાંતભાઈ ભટ્ટ (ઉ.વ. ૬૪) તે પ્રોફેસર સૂર્યકાંતભાઈ ભટ્ટ (લાલન કોલેજ) તથા સ્વ. કોકિલાબેનના પુત્ર, ભાવના, કીર્તના, નીલેશ, નિકુંજના ભાઈ, જ્યોતિબેનના પતિ, ભક્તિ, કામિનીના જેઠ, પ્રાર્થના, ફલકના પિતા, ભાવેશ, ડો. ધાર્મિ, વૃત્તિ આગમ શાહના કાકા, કિન્નર, અભયા, પીયૂષના મામા, દક્ષેશભાઈ પુરુષોત્તમભાઈ ઠક્કરના સસરા તા. ૧૨-૬-૨૦૨૬ના અમદાવાદ ખાતે અવસાન પામ્યા છે.

**ભુજ** : ગં.સ્વ. અંજનાબેન ઉલ્લાસભાઈ વૈષ્ણવ તે સ્વ. ઉલ્લાસભાઈ વૈષ્ણવ (ભુજ નગરપાલિકા)ના પત્ની, સ્વ. પ્રેમિલાબેન મુલશંકર વૈષ્ણવના પુત્રવધૂ, સ્વ. જ્યોત્સનાબેન શિવપ્રસાદ છાયાના પુત્રી, કલ્પેન્દ્રભાઈ, સ્વ. પુષ્પેન્દ્રભાઈ, સ્વ. પ્રકાશભાઈ, વિરલભાઈના બહેન તા. ૮-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૬ના શનિવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ હાટકેશ કોમ્પ્લેક્સ, ભુજ ખાતે.

**ભુજ** : ભરતભાઈ ચમનલાલ અબડા (ઉ.વ. ૬૯) (નિવૃત્ત આર્મી, નિવૃત્ત એસબીઆઈ બેંક) તે સ્વ. મેઘબાઈ ચમનલાલ અબડાના પુત્ર, ભાનુબેનના પતિ, ધારા (સોનુ), મેહુલ (એપીએલ)ના પિતા, વિજયભાઈ એમ. ડુડિયા (એમઆઈસીટી), દામિની, ગ્રીષ્મા, ધારા, આરાધ્યાના સસરા, સ્વ. દેવુબેન જખુભાઈ રાઠોડના જમાઈ, સ્વ. શંકરસિંહ રાઠોડના બનેવી, મહેશભાઈ વલ્લભજી ડુડિયા (રિવા), સ્વ. પ્રતાપભાઈ હરિભાઈ મકવાણાના વેવાઈ, સ્વ. જેન્તીભાઈ, સ્વ. દિનેશભાઈ, સ્વ. પ્રવીણભાઈ, યોગેશભાઈ, ગં.સ્વ. લક્ષ્મીબેન કરશનભાઈ સોલંકી, સ્વ. મંજુલાબેન રમણીકભાઈ રાજપૂત, અરવિંદભાઈ એમ. અબડાના ભાઈ, કુસુમબેનના દિયર, મંજુલાબેનના જેઠ, સ્વ. ઉદય, વિશાલ (એપીએલ), પ્રીતમ, પૃથ્વીરાજ (એમઆઈસીટી), મોહિત, યશરાજ, કૃપાલી હાર્દિક દૈયાના કાકા, સ્વ. પરેશભાઈ (એસ.ટી.), પ્રફુલ્લભાઈ (ભુ.ન.પા.), દીપકભાઈ (ભુ.ન.પા.), જસ્મિનભાઈ, અમિતભાઈ, રેનુબેનના મામા, ક્રિષ્ના, પ્રાચી, પ્રિયંકાના દાદા, મોક્ષના નાના, રૂપલ, રીની, અનિતા, નીકિતા, કીર્તિદા, અનંત એમ. સોલંકીના મામાજી સસરા તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૬ના શનિવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ રાજપૂત સમાજવાડી, નવી રાવલવાડી રિલોકેશન સાઈટ ખાતે.

**ભુજ** : મૂળ સણવા (તા. રાપર)ના જગદીશભાઈ ખેતશીભાઈ મજીઠિયા તે સ્વ. દિવાળીબેનના પુત્ર, કાન્તાબેન, હર્ષાબેન, કંચનબેન, લીલાબેન, સ્વ. તારાબેન પ્રાણભાઈ, કાન્તિભાઈના ભાઈ, વિજય, ગોપી, નમનના મોટાબાપા, મયૂર, મીના (મોટર ડ્રાઈવિંગ સ્કૂલ - ભુજ)ના મામા તા. ૭-૬ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ભુજોડી (તા. ભુજ)** : મૂળ અમદાવાદના ઉર્મિલાબેન શંકરભાઈ પાયણ (ઉ.વ. ૭૧) તે શંકરભાઈ કાળાભાઈ પાયણના પત્ની, મુકેશ, હસમુખ, દર્શન, લક્ષ્મીબેન નાનજી ચોરસિયા (ભુજોડી), મંજુલાબેન જેન્તીભાઈ (અમદાવાદ), જયાબેન શિવજી નિઝાર (નિરોણા)ના માતા, નયનાબેન, મંજુલાબેનના સાસુ, છગનભાઈ કાળાભાઈ પાયણ (ભુજોડી), કુંવરબેન તુગા ખોયલા (ઝુરા), સામતભાઈ, ખીમજીભાઈ, સ્વ. ભરતભાઈ, ઉમેશભાઈ, સ્વ. દિલીપભાઈ (કાદિયા નાના), ગં.સ્વ. ઉમરાબેન, ગં.સ્વ. ગંગાબેનના ભાભી, પુરબાઈ રામજી સીજુ (વિરાણી), રાજબાઈ મનજી જેપાર (મથલ), રત્નાબેન મગન કુંવટ (ભારાસર), રામજી સુમારભાઈ પરગડુ (મથલ)ના બહેન, સમય, હેમાંગી, ભૂમિ, પ્રકાશના દાદી, વનિતા, મેહુલ, વર્ષા, સંજયના મોટીમા તા. ૯-૬ના અવસાન પામ્યા છે. આગરી તા. ૧૩-૬ના શનિવારે અને તા. ૧૪-૬ના રવિવારે પાણીયારૂં નિવાસસ્થાને ભુજોડી ખાતે.

**ભુજ** : કુંભાર હાજિયાણી ખતુબાઈ (ઉ.વ. ૬૨) તે મ. કુંભાર હાજી સુલેમાન હસન ઉર્ફે (પાંચો કાકા)ના પત્ની, અબ્દુલસતાર ઉર્ફે (પપ્પુ)ના માતા, મો. શાફીક, મો. શાકીબ, મો. હુસૈન, મો. તુફેલના દાદી, કુંભાર દાઉદ હસન (મિરજાપર)ના ભાભી, મ. ભખર ઈશાક (મુંદરા)ના પુત્રી, સુમાર જાકબ અલીમામદ (મુંદરા)ના બહેન, આફતાબ જુસબ, સમીર રઝાક (ભુજ), ઓસમાણ સુમાર, અહેમદ અલીમામદ (મુંદરા)ના સાસુ તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૪-૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧ મોલુવાલી મસ્જિદ, જમાતખાના, સરપટ ગેટ બહાર, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ ખારોઈના સામાબેન લોંચા (ઉ.વ. ૭૮) તે સ્વ. રાજાભાઈ પરબત લોંચાના પત્ની, મંજુલાબેન, મહેન્દ્રના માતા, સ્વ. ઉગાભાઈ, દેવશીભાઈ, દેવજીભાઈ, ભચુભાઈ, સ્વ. કેશવજીભાઈના નાના ભાઈના પત્ની, રવજીભાઈ, ખેતાભાઈ, થાવરભાઈ, વેરશીભાઈના ભાભી, હરિલાલ, મનજી (ભોપા), મણિલાલ, કમલ, નયનના કાકી, દિનેશ, મૂરજી, ધરમ, ગોવિંદ, પાલાભાઈ, પ્રફુલ્લના મોટીમા, સ્વ. ખેતશી ભીમાના પુત્રી, વીરજીભાઈ, રામીબેન રામજી ખોખર, સામાબેન મેઘજી જેપારના બહેન, મયૂર, પ્રતિપાલ, કોમલના દાદી તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિક્રિયા તા. ૧૩-૬ના આગરી તથા તા. ૧૪-૬ના ઘડાઢોળ નિવાસસ્થાન ગ્રીન સિટી, માધાપર ખાતે.

**માંડવી** : મ.ક.સ.સુ જ્ઞાતિ નવીનચંદ્ર જેરામભાઈ પરમાર (ઉ.વ. ૮૨) તે સ્વ. જયાબેન જેરામભાઈ પરબતના પુત્ર, સરલાબેનના પતિ, અલ્પાબેન સંજયભાઈ સોલંકી (ગાંધીધામ), પ્રીતિબેન શૈલેશભાઈ સોલંકી (અંજાર), રીટાબેન હિંમતભાઈ સોલંકી (અંજાર), સ્વ. રાહુલના પિતા, ગં.સ્વ. હેમલતાબેન જાદવજી પરમાર, સ્વ. વાલીબેન નાનજીભાઈ પરમારના ભત્રીજા, સ્વ. મધુબેન વિનોદભાઈ ચૌહાણ (ભુજ), સ્વ. રંજનબેન લવજીભાઈ સોલંકી (રાજકોટ), ગં.સ્વ. તરલાબેન પ્રતાપભાઈ ધામેચા (માધાપર), સ્વ. લક્ષ્મીબેન અરાવિંદભાઈ ચૌહાણ (ભચાઉ), પ્રવીણાબેન કનુભાઈ સોલંકી (ભુજ), વસંતબેન જેન્તીલાલ ધામેચા (બિદડા), સ્વ. અશોકભાઈ, સ્વ. દિનેશભાઈ, સ્વ. દમયંતીબેન ભવાનજી વાઘેલા (ભુજ), સ્વ. ધનવંતીબેન ખેંગારભાઈ વાઘેલા (ભુજ), ગં.સ્વ લીલાવંતીબેન ઈશ્વરભાઈ સોલંકી (ભુજ), મુક્તાબેન ઠાકરશીભાઈ ચૌહાણ (ભચાઉ), કિશોરભાઈ, ભૂપેન્દ્ર, ભરત, ડિમ્પલબેન દીપકભાઈ પરમાર (રાજકોટ)ના ભાઈ, નીતાબેન અશોકભાઈના જેઠ, શ્યામ, અંજની, સતીશ, કુંજન, સ્વ. બલરામ, જીગિષા, અંજલિ, પ્રિયંકા, ઋષભ, હર્ષના મોટાબાપા, સ્વ. કાશીબેન પ્રેમજીભાઈ પરમાર (મુંદરા)ના જમાઈ, સ્વ. મુક્તાબેન મહેશભાઈ સોલંકી (માધાપર), મહેશભાઈના બનેવી, સુમન, જિજ્ઞેશ, ભ્રાંતિ, પ્રિયા, જીનલ, શિવમના નાના તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૬ના શનિવારે સાંજે ૪થી ૫ દરજી સમાજવાડી, નાગનાથ રોડ, માંડવી ખાતે.

**મુંદરા - માંડવી** : મૂળ માંડવીના બલોચ ગુલાબખાન મીરખાન (ઉ.વ. ૬૮) તે મ. જુસબખાન, મ. જુમાખાન, મ. નાસીરખાન, ઈબ્રાહિમખાન, મુસાખાન, આદમખાનના મોટા ભાઈ, અલ્તાફ, શબ્બીરખાનના પિતા તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૪-૬ના રવિવારે સવારે ૧૧થી ૧૨ ધોબી જમાતખાના, માંડવી ખાતે.

**મંજલ - તરા (તા. નખત્રાણા)** : અરુણાબા અરવિંદભા આમર (ઉ.વ. ૭૦) તે સ્વ. ધનુભા કાનજીભા આમરના પુત્રવધૂ, સ્વ. લાખિયારજી મુરૂજી સોલંકી (રાજડા)ના પુત્રી, સ્વ. અરવિંદભા કાનજીભા આમર (નિવૃત્ત એસ.ટી. ડ્રાઈવર - નખત્રાણા)ના પત્ની, સ્વ. સામજીભા (નિવૃત્ત એસ.ટી. કન્ડક્ટર - ભચાઉ), લાલજીભા (નિવૃત્ત એસ.ટી. ડ્રાઈવર - નખત્રાણા), સ્વ. દેવકાબા, રમાબા (માંડવી), સ્વ. દાનસંગજી, સ્વ. વિશ્રામજી, સ્વ. મીઠુભા (કોઠારા), છગનભા, સ્વ. બાબુભા, સ્વ. રમણીકભા, ચમનભા, સ્વ. કુંવરબા, ચંદ્રિકાબા, સ્વ. વેલાબાના ભાભી, રાજલબા, ભાવિનીબા (દેવપર), સોનાલીબા (અંજાર)ના માતા, સ્વ. દિલીપસિંહ, હેમંતસિંહ, નિતેષસિંહ, મહેન્દ્રસિંહ, મિત્તલબા (ગાંધીધામ), મીનાબા (ભુજ)ના મોટાબા, ગં.સ્વ. સરલાબા, જ્યોતિબાના જેઠાણી, માનસંગજી, સ્વ. મીઠુભાના બહેન, હરેશસિંહ, દીપકસિંહ, સ્વ. સુરેશસિંહ, શાંતિસિંહ, ઉમેદસિંહ, નીતિનસિંહ, અનિલસિંહ, અશ્વિનસિંહ, પરેશસિંહ (ભુજ), દેવેન્દ્રસિંહ, દીપકસિંહ, કિશોરસિંહ (કોઠારા)ના કાકી, કિશોરસિંહ, રાહુલસિંહ (દેવપર), અંકિતસિંહ (અંજાર)ના સાસુ, કિશનસિંહ (ગાંધીધામ), સન્નીસિંહ (ભુજ), નીતાબા, રંજનબા, નીતાબાના મોટા સાસુ, ધવલસિંહ, વિષ્ણુસિંહ, હેન્સીબા, આરોહીબા, આયુષીબા, પ્રિન્સીબા, કેદારસિંહ, ધ્રુવરાજ, જયદીપસિંહ, ભદ્રરાજ, દિવ્યરાજ, ક્રિષ્નવીબાના નાની, માનસીબા, કાવ્યાબા, પ્રિયાંશીબા, ક્રિષ્નાબા, પવનસિંહ, પરાક્રમસિંહ, દિવ્યાબાના દાદી તા. ૧૧-૬ના અવસાન પામ્યસા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૬ના સાંજે ૪થી ૫ ગઢવી સમાજવાડી, મંજલ ખાતે.

# કચ્છ નોંધ

**ભુજ તાલુકા પં. પ્રા. શિક્ષક કર્મચારીઓની ધિરાણ સહ. મંડળી લી.**

● મંડળીની વાર્ષિક સાધારણ સભા તા. ૧૪-૬-૨૦૨૬, સવારે ૧૦ કલાકે પિથોરાપીર મંદિર હોલ, મિરઝાપર હાઈવે, ભુજ ખાતે પ્રમુખ નિલેશ ગોરની અધ્યક્ષતામાં. સાધારણ સભામાં સભાસદોના તેજસ્વી બાળકોના સન્માન તથા ગિફ્ટ વિતરણ સાથે અગત્યના ઠરાવો કરવાના હોઈ તમામ સભાસદોને બિનચૂક ઉપસ્થિત રહેવા સંસ્થાના માનદમંત્રી હરિસિંહ જાડેજાની યાદીમાં જણાવાયું છે.

**કલાવૃંદ ક્લબ**

● કલાવૃંદ ક્લબના ઉપક્રમે તા ૧૪-૬ના સાંજે ૬.૧૫ વાગ્યે સભ્યો માટે ગીત, સંગીતની બેઠક પ્રમુખ અશોકભાઈ માંડલિયાના નિવાસસ્થાને ૧૦૧, એ, સંતોષ ટાવર, હોસ્પિટલ રોડ, ભુજ ઈંગ્લીશ સ્કુલ પાસે યોજાશે.

**આઈ ટી. આઈ- અંજાર**

●રાજ્ય સરકારના ટેકનોલોજી વિભાગ અંજાર આઈ ટી. આઈ તરફથી ચાલતા તમામ કોર્સની માહિતી માર્ગદર્શન એડમીશન માટે માહિતી સ્કીલ ડેવલોપ મેન્ટનો સેમિનાર રાખવામાં આવેલ છે.જેમા ધો ૮થી ૧૨ તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો ભાગ લઈ શકશે.તા ૧૩/૬/૨૦૨૬ શનિવાર સમય ૪/૩૦- થી ૫/૩૦ સ્થળ રામકૃષ્ણ શારદા સેવાશ્રમ, બિલેશવર નગર,ખેતર પાર દાદા મંદિર પાછળ નયા અંજાર

# ચોમાસા પૂર્વે મતિયાનગરની સમસ્યાઓ ઉકેલવાની માંગ ઉગ્ર

## દર ચોમાસે ઘૂંટણસમા પાણી ભરાતા રહેવાસીઓ પરેશાન : ત્રણ વર્ષથી મંજૂર નવી આંગણવાડીનું કામ શરૂ ન થતાં બાળકોને હાલાકી

અંજાર - કચ્છ ઉદય : શહેરના વોર્ડ નં. ૧ હેઠળ આવેલા મતિયાનગર, મફતનગર અને સથવારાવાસ વિસ્તારમાં વર્ષોથી યથાવત રહેલી પાયાની સુવિધાઓની સમસ્યાઓને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસું નજીક આવતાં વરસાદી અને ગટરના પાણીના ભરાવાની સમસ્યા વધુ ગંભીર બનવાની ભીતિ વચ્ચે કોંગ્રેસ આગેવાનો દ્વારા અંજાર નગરપાલિકા સમક્ષ તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ સાથે લેખિત રજૂઆત કરવામાં આવી છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ દર વર્ષે વરસાદી મોસમ દરમિયાન મતિયાનગર સહિતના વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં રહેણાંક મકાનોમાં પાણી ઘૂસી જાય છે. ગટર વ્યવસ્થાનો યોગ્ય નિકાલ ન હોવાથી વરસાદી પાણી સાથે ગટરના ગંદા પાણી પણ માર્ગો પર ફરી વળે છે. પરિણામે શાળા જતાં વિદ્યાર્થીઓ, મહિલાઓ, વડીલો તેમજ મંદિર તરફ અવરજવર કરતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.વિસ્તારના મુખ્ય માર્ગો પર ગટરના પાણી ભરાઈ રહેતાં સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત પ્રશ્નો પણ ઊભા થાય છે. ચોમાસા દરમિયાન મચ્છરોના ઉપદ્રવ અને રોગચાળાના ભય વચ્ચે સ્થાનિકોએ કાયમી ઉકેલની માંગ ઉઠાવી છે. કોંગ્રેસના આગેવાનોનું કહેવું છે કે આગામી વરસાદી મોસમ પહેલાં વરસાદી તેમજ ગટરનાં પાણીના નિકાલ માટે અસરકારક અને દીર્ઘકાલીન વ્યવસ્થા ઊભી કરવી જરૂરી બની ગઈ છે.આ ઉપરાંત મતિયાનગર વિસ્તારમાં આવેલા અનેક રસ્તાઓ પણ લાંબા સમયથી જર્જરિત હાલતમાં હોવાથી લોકોની અવરજવર મુશ્કેલ બની છે. ખાડાઓ અને બિસ્માર માર્ગોના કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને દૈનિક તકલીફોનો સામનો કરવો પડે છે. આ રસ્તાઓનું તાત્કાલિક સમારકામ અને પુનઃનિર્માણ હાથ ધરવાની માંગ સાથે અંજાર શહેર કોંગ્રેસ પ્રમુખ યુવરાજસિંહ જાડેજા દ્વારા નગરપાલિકા સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

## કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં

# મુંદરામાં ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાનનું કરાયું આયોજન




મુંદરા - કચ્છઉદય : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે મુંદરા ખાતે ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા, મુંદરા ગામનાં સ્થાપક ભોજરાજજી બાપુની પ્રતિમા, એસ.ટી.બસ સ્ટેન્ડમાં આવેલ જાહેર શૌચાલય, હિંદુ સ્મશાન, રોકડીયા હનુમાન મંદિરની બાજુમાં, કોલી સમાજના સ્મશાન ખાતે, જાહેરમાં આવેલ ગાયોને પીવા માટેના અવાડા ખાતે સફાઈ કરાઈ હતી.

આ કાર્યક્રમમાં મુંદરા શહેર ભાજપ પ્રમુખ અરવિંદભાઈ પટેલ, મહામંત્રી હીરેન સાવલા, મંત્રી ભરત માલમ, નગરપાલિકાના પ્રમુખ ભોજરાજભાઈ ગઢવી, ઉપપ્રમુખ આશાબેન પટેલ, કારોબારી ચેરમેન ધર્મેન્દ્રસિંહ ઝાલા, શાસક પક્ષના નેતા દિલીપભાઈ ગોર, દંડક પ્રકાશ ઠક્કર, સદસ્ય રાજેશ માલમ, પ્રકાશ પાટીદાર, ડાયાલાલ ગોહિલ, અલ્પેશ સોલંકી, વોર્ડ નંબર ૫નાં સંયોજક પ્રણવભાઈ શાહ, અમીત પટેલ, રૂપેશ માલમ, અશોક મહેશ્વરી, ખેંગાર ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. મુંદરા-બારોઈ નગરપાલિકાનાં સફાઈ કર્મચારીઆનો સહયોગ મળ્યો હતો તેવું કાર્યક્રમના ઈન્ચાર્જ ધર્મેન્દ્ર જેસર, સહઈન્ચાર્જ નરેન્દ્રસિંહ (લાલુભા) પરમાર અને સાગર મોતાની યાદીમાં જણાવાયું હતું.

# રત્નકણિકા

**અસત્ય બોલનાર અસત્ અર્થાત લુપ્ત થઇ જાય છે.**
**- અથર્વવેદ**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. બહમન-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૧૩ શિવરાત્રી તા.૧૩ જૂન ૨૦૨૬, શનિવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૨૭, કૃતિકા નક્ષત્ર, સુકર્મા યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઇ), સવારે ૯:૨૬ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – પ્રણય પ્રસંગમાં સફળતા મળે. સંતાન સાથે સુમેળ રહે, માંગલિક પ્રસંગનું આયોજન થાય.

**વૃષભ** – સામાજિક પ્રતિષ્ઠા વધે. ધંધાકીય પ્રવૃત્તિમાં હકારાત્મક વાતાવરણ રહેતું જણાય.

**મિથુન** – નવા સાહસનું આયોજન થતું જણાય. ભાઈ-ભાંડુ સાથે સુમેળ સર્જાય.

**કર્ક** – કુટુંબમાં સુમેળભર્યું વાતાવરણ રહે. જમીન-મકાનના કામમાં સરળતા રહે.

**સિંહ** – ભાઈ-બહેનનો સહકાર મળે. પ્રવાસ-પર્યટનનો આયોજન થાય.

**કન્યા** – કોઈ લક્ઝરીયસ ચીજ-વસ્તુની ખરીદી થાય. મુસાફરીનું આયોજન થઈ શકે.

**તુલા** – જામીનગીરીના કામકાજમાં સરળતા રહે. વડીલવર્ગ તેમજ મિત્રો સાથે સુમેળ રહે.

**વૃશ્ચિક** – પિતા સાથે એકવાક્યતા રહે. જમીન-મકાનના કાર્ય સરળતાથી પાર થાય.

**ધન** – કોર્ટ-કચેરીના કામકાજમાં સરળતા રહે. પડોશી સાથે સુમેળ રહે.

**મકર** – નાણાકીય કટોકટી થતી જણાય. વાણી ઉપર અંકુશ રાખવો જરૂરી.

**કુંભ** – જાહેર જીવનમાં માન-પ્રતિષ્ઠા વધે. ભાગીદારી પેઢીમાં એકવાક્યતા રહે.

**મીન** – કોર્ટ-કચેરીના કામકાજમાં પ્રતિકૂળતા રહે. મોસાળપક્ષ તરફ અસંતોષ રહે.

# સેવા, સુશાસન અને રાષ્ટ્ર ઉત્થાનના સફળ ૧૨ વર્ષ નિમિત્તે ભાજપ દ્વારા કચ્છભરમાં ભવ્ય મહાઆરતીઓ યોજાઈ







ભુજ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને રાષ્ટ્ર ઉત્થાનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે કચ્છ જિલ્લાભરમાં ભાજપ પરિવાર દ્વારા ભવ્ય અને દિવ્ય મહાઆરતીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના માર્ગદર્શન અને આગેવાની હેઠળ કચ્છની તમામ છ વિધાનસભા બેઠકોમાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ભાજપના આગેવાનો, હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ, પ્રબુદ્ધ નાગરિકો, ભક્તજનો અને શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. દેશને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવનાર, વિકાસ અને જનકલ્યાણના અનેક આયામો સ્થાપિત કરનાર તથા આત્મનિર્ભર ભારતના સંકલ્પ ને સાકાર કરનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર કચ્છમાં ભક્તિમય માહોલ વચ્ચે તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને અવિરત રાષ્ટ્રસેવા માટે વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી.

અંજાર વિધાનસભા વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિર, અંજાર ખાતે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, રાજ્યમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા સહિત આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મળીને વડાપ્રધાનના સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. કચ્છ જિલ્લા પંચાયતના અધ્યક્ષ પ્રભાબેન હુણે, ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજાએ માતાના મઢ ખાતે દેશદેવી મા આશાપુરાના ચરણોમાં આરતી ઉતારી વડાપ્રધાનને દીર્ઘ આયુષ્ય અને નિરોગી જીવનની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

માંડવી વિધાનસભા વિસ્તારમાં પ્રદેશ ભાજપના મહામંત્રી અને માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેની વિશેષ ઉપસ્થિતિમાં મુન્દ્રા તાલુકાના ભદ્રેશ્વર સ્થિત રોકડીયા હનુમાનજી મંદિર ખાતે ઢોલ-નોબતના નાદ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે અનોખી મહાઆરતી યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મંડળના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા અને વડાપ્રધાનના નેતૃત્વમાં દેશ વધુ વિકાસના માર્ગે આગળ વધે તેવી પ્રાર્થના કરી હતી.

ભુજ શહેરના ઉપલીપાળ રોડ સ્થિત રામ મંદિર ખાતે યોજાયેલી મહાઆરતીમાં કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખંડોર, પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મહેતા, ભુજ નગરપાલિકા પ્રમુખ શીતલભાઈ શાહ, કારોબારી ચેરમેન કમલ ગઢવી, શહેર ભાજપ અધ્યક્ષ મિતભાઈ ઠક્કર, જિલ્લા ભાજપના સુરેશભાઈ સંઘાર, અશોકભાઈ હાથી સહિત જિલ્લાના અનેક આગેવાનો, મંડળના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, કાઉન્સિલરો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીધામ ખાતે લીલાશા મધ્યે આવેલ શિવ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, નગરપતિ, ચેરમેન તેજશભાઈ શેઠ સહિત આગેવાનો, કાર્યકર્તાઓ અને ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન દેશની સતત પ્રગતિ અને વડાપ્રધાનશ્રીના ઉત્તમ સ્વાસ્થ્ય માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી.

રાપર વિધાનસભામાં રાપર સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. આ પ્રસંગે નગરપતિ શ્રી ચાંદ ઠક્કર તેમજ સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ અને ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુષ્ય તથા દેશના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

અબડાસા વિધાનસભા વિસ્તારમાં નખત્રાણા સ્થિત સિદ્ધેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાયેલી મહાઆરતીમાં અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે નગરપતિ વસંતભાઈ વાઘેલા, અબડાસા તા.પં. પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજા, પરેશભાઈ ભાનુશાલી સહિત અનેક આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં શહેરીજનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે દેશના સર્વાંગી વિકાસ, સમૃદ્ધિ અને વડાપ્રધાનના સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુષ્ય માટે સામૂહિક પ્રાર્થના કરવામાં આવી હતી.

સમગ્ર કચ્છ જિલ્લામાં યોજાયેલા આ કાર્યક્રમોમાં ઉત્સાહ, શ્રદ્ધા અને રાષ્ટ્રભાવનાનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. ભક્તિમય માહોલ વચ્ચે યોજાયેલી મહાઆરતીઓ દ્વારા વડાપ્રધાનશ્રી પ્રત્યેનો જનસમર્થન અને સ્નેહ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જિલ્લાભરના તમામ કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન થયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ ના મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી અને સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરાની યાદીમાં જણાવાયું હતું.

**શિરાનીવાંઢ પ્રા.શાળામાં બાળકીએ પૂછ્યું, પોલીસ બનવા માટે શું કરવું પડે ?**


# સરહદી ગામોમાં આરોગ્ય, શિક્ષણ, પાણી અને માર્ગ સહિતના પ્રશ્નો ગુંજ્યા







**રાજ્ય સરકારના બોર્ડર વિલેજ વિઝિટ કાર્યક્રમ અંતર્ગત ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી સમસ્યાઓ સાંભળી**



ભુજ : રાજ્ય સરકારના બોર્ડર વિલેજ વિઝિટ કાર્યક્રમ અંતર્ગત કચ્છના સરહદી ગામોની મુલાકાતે આવેલા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી તેમની સમસ્યાઓ અને માંગણીઓ સાંભળી હતી. પૂર્વ અને પશ્ચિમ કચ્છના સરહદી વિસ્તારોમાં યોજાયેલી બેઠકો, લોકસંવાદ અને રાત્રિસભાઓ દરમિયાન પાણી, આરોગ્ય, શિક્ષણ, માર્ગ, મોબાઈલ ટાવર, ગૌચર જમીન, નર્મદા પાણી યોજના અને ટ્રાફિક સલામતી જેવા અનેક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

લખપત તાલુકાની બે દિવસીય મુલાકાતે આવેલા અમદાવાદના એડિશનલ કમિશનર (સ્પેશિયલ બ્રાન્ચ) આર.ટી. સુસરાએ પ્રથમ દિવસે પુનરાજપરની મુલાકાત લીધા બાદ બીજા દિવસે ગુનાઉ ગામમાં ગ્રામજનો સાથે બેઠક યોજી હતી. ગામના સરપંચે રજૂઆતમાં જણાવ્યું હતું કે વિસ્તાર છેવાડાનો હોવાથી માધ્યમિક સ્તર સુધીનું શિક્ષણ શરૂ કરવું જરૂરી છે. ઉપરાંત પીવાના પાણીની સમસ્યા, આરોગ્ય સેવાઓની અછત, માર્ગોની સ્થિતિ સુધારવા તેમજ ગુનાઉ ગામને નજીકની ગ્રામ પંચાયતમાં સમાવેશ કરવા માંગ કરવામાં આવી હતી. સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો કે ગામ નજીક આવેલા ઔદ્યોગિક સિમેન્ટ એકમમાં કોન્ટ્રાક્ટ પ્રથાને કારણે સ્થાનિક કામદારોનું શોષણ થાય છે. તેમજ ફોરેસ્ટ વિસ્તારમાં સ્થાનિકોને બદલે બહારના લોકોને રોજગાર આપવામાં આવે છે અને વન વિભાગ દ્વારા ગામની જમીનો પર દબાણ કરીને કબજો કરાયો હોવાના આક્ષેપો સાથે લેખિત રજૂઆત પણ કરવામાં આવી હતી.

આ તરફ કચ્છના સરહદી ગામોના પ્રવાસ દરમિયાન ડીઆઈજી કક્ષાના આઈપીએસ અધિકારી સુધા પાંડે મોટા ભીટારા ગામે પહોંચ્યા હતા. ગામના સરપંચ અને આગેવાનો દ્વારા પરંપરાગત કચ્છી ગોદડી અને શાલ ઓઢાડી તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ પાણી, મોબાઈલ ટાવર, રસ્તા, બન્ની વિસ્તારના પ્રશ્નો, ગામને રેવન્યુ વિલેજનો દરજ્જો અપાવવાની માંગ તેમજ ગૌચર જમીન સંબંધિત પ્રશ્નો રજૂ કર્યા હતા. સુધા પાંડેએ ગ્રામજનોને હૈયાધારણા આપતા જણાવ્યું હતું કે, આપ સૌને મળીને અને આપના વિચારો સાંભળીને મને ખૂબ આનંદ થયો છે. પાણી, ટાવર, રસ્તા, બન્ની વિસ્તારના પ્રશ્નો, ગામને રેવન્યુ વિલેજનો દરજ્જો અને ગૌચર જમીન જેવી માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા પ્રયાસ કરીશ. આગામી મુલાકાત સુધીમાં આ પ્રશ્નોના નિરાકરણ તરફ પ્રગતિ થશે તેવી આશા છે. બીજી તરફ એડીજીપી અજય ચૌધરીએ રાપર તાલુકાના છેવાડાના સરહદી ગામો જાટાવાડા અને શિરાનીવાંઢની મુલાકાત લીધી હતી. અહીં યોજાયેલી લોકસંવાદ સભા અને રાત્રિસભામાં ગ્રામજનોએ વીજળી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ અને નર્મદા યોજનાના પાણી સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. શિરાનીવાંઢ ખાતે સંવાદ દરમિયાન ગ્રામજનોએ ઘડુલી – બાલાસર – સાંતલપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બેફામ દોડતા ટેક્ટર અને ટ્રેઈલરોની ગતિ પર નિયંત્રણ લાવવા, ગતિમર્યાદા નક્કી કરવા તથા અકસ્માતો અટકાવવા માટે સ્પીડ બ્રેકર બનાવવાની માંગ કરી હતી.

ઉપરાંત નર્મદા યોજનાનું પાણી પહોંચાડવામાં આવે તો પીવાના અને સિંચાઈના પાણીની મોટી સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ હોવાનું જણાવ્યું હતું. જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અછતનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. સાથે જ સરહદી વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરવામાં આવી હતી.

લોકસંવાદ પૂર્વે એડીજીપી અજય ચૌધરીએ બાલાસર ખાતે સમર્થ સંસ્થા દ્વારા અમલમાં મુકાયેલી પાણી યોજનાની કામગીરી નિહાળી સંતોષ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ શિરાનીવાંઢ પ્રાથમિક શાળાની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમના યુનિફોર્મ પરના સ્ટાર જોઈ બાળકો દ્વારા "પોલીસ બનવા માટે શું કરવું પડે?" એવો પ્રશ્ન પૂછાતા તેમણે અભ્યાસ પર ભાર મૂકવાની સલાહ આપી હતી. અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, કચ્છ-વાગડના લોકોની મહેમાનગતિ અને તેમણે આપેલો પ્રેમ અવિસ્મરણીય છે. હું આ વિસ્તારની ફરી મુલાકાત જરૂર લઈશ. આ પ્રસંગે પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમાર, ભચાઉ ડીવાયએસપી સાગર સાંબડા, બાલાસર પીએસઆઈ ડી.આર. ગઢવી, બીએસએફ કમાન્ડર નેગી, નાયબ મામલતદાર, તલાટી સહિત વિવિધ અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરના ડીઆઈજીપી કે.એન. ડામોરે ખાવડા વિસ્તારના જુના દેઢિયા ગામની મુલાકાત લઈ રાત્રિ રોકાણ કર્યું હતું. તેમણે ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી ગામની સમસ્યાઓ અંગે ચર્ચા કરી હતી. શાળાની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ દેશના ભાવિ નાગરિકો છે, તેથી મહેનત કરીને દેશનું ગૌરવ વધારો. સાથે જ સરહદી વિસ્તારોમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ દેખાય તો તેની તાત્કાલિક જાણ પોલીસને કરવાની અપીલ પણ કરી હતી. આ સમગ્ર સરહદી સંપર્ક કાર્યક્રમ દરમિયાન ઉચ્ચ અધિકારીઓએ સરહદી ગામોના લોકોની સમસ્યાઓ સાંભળી, સરકાર સમક્ષ અહેવાલ રજૂ કરીને શક્ય તેટલા પ્રશ્નોના ઉકેલ માટે પ્રયાસ કરવાની ખાતરી આપી હતી.

# ભીમાસર પાસે ખાનગી કંપનીના ગોડાઉનમાં ભીષણ આગ

**ભચાઉ સહિત પાંચ ફાયર ફાઈટરની ટીમોએ ભારે જહેમત બાદ આગ પર મેળવ્યો કાબૂ**



અંજાર - કચ્છઉદય : અંજાર તાલુકાના ભીમાસર નજીક આવેલી એક ખાનગી કંપનીમાં ગઈકાલે સાંજે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. ગઈકાલે સાંજે આશરે ૫ વાગ્યાના અરસામાં ભચાઉ નગરપાલિકાની ફાયર શાખાને ફોન દ્વારા સૂચના મળી હતી કે, ભીમાસર પાસેની એક ખાનગી કંપનીમાં રાખવામાં આવેલી ભૂસીમાં અચાનક આગ લાગી છે. આ આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બાજુમાં આવેલા એક મોટા ગોડાઉન તેમજ પાછળના ભાગે ખુલ્લા પ્લોટમાં પણ પ્રસરી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ભચાઉ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગને કાબૂમાં લેવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી હતી.

આગ ખૂબ જ મોટા પાયે ફેલાઈ ચૂકી હોવાથી તેને કાબૂમાં લેવા માટે આજુબાજુની અન્ય ઔદ્યોગિક અને સરકારી ફાયર ટીમોની મદદ લેવાની ફરજ પડી હતી. જેમાં ભચાઉ ફાયર ટીમની સાથે વેલસ્પન કંપની, કંડલા ટિમ્બર, સુમિલોન કંપની તેમજ ગાંધીધામ મહાનગરપાલિકાની ફાયર ટીમો પણ પોતાના અદ્યતન સાધનો સાથે બચાવ કામગીરીમાં જોડાઈ ગઈ હતી. પાંચ જુદી જુદી ટીમોના સંયુક્ત અને સતત પ્રયાસોના અંતે આ ભયાનક આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, જેના કારણે મોટી હોનારત ટળી હતી.

આ સફળ બચાવ કામગીરીમાં ભચાઉ ફાયર ટીમ વતી પ્રવીણ દાફડા, કુલદીપભાઈ અને શક્તિસિંહ, ગાંધીધામ મહાનગરપાલિકાની ટીમમાંથી દીપક ગરવા અને સુમિતભાઈ તેમજ કંડલા ટિમ્બરની ટીમમાંથી રાજેશભાઈ અને રમેશભાઈ સહિતના ફાયર ફાઈટરોના જવાનોએ જીવના જોખમે ભારે જહેમત ઉઠાવીને આગને સંપૂર્ણપણે શાંત પાડી હતી.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતાં સેવાભાવીઓનું સન્માન



ભુજ - કચ્છઉદય : દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળતાપૂર્વક ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા ભુજ સ્થિત માનવજ્યોત સંસ્થાના કાર્યાલયની મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે માનવજ્યોત સંસ્થાના પ્રમુખ પ્રબોધ મુનવરને સાંસદ દ્વારા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ સંસ્થા દ્વારા કરવામાં આવતા વિવિધ સેવાકીય કાર્યોને બિરદાવવામાં આવ્યા હતા. માનવજ્યોત સંસ્થાના પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની અને દીપેશ શાહ દ્વારા સાંસદ વિનોદભાઈ ચાવડાનું કુંડા-ચકલી અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું અને ઉષ્માભર્યો આવકાર આપવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન માનવજ્યોત સંસ્થા દ્વારા ચાલી રહેલી વિવિધ સામાજિક અને માનવસેવાની પ્રવૃત્તિઓ અંગેની વિગતવાર માહિતી સાંસદશ્રીને આપવામાં આવી હતી.

સંસ્થાના સેવાકીય કાર્યો અંગે જાણીને તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને ભવિષ્યમાં પણ આવા સેવાકાર્યો સતત ચાલુ રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં ભુજ શહેર ભાજપ પ્રમુખ મીત ઠક્કર, જીગર શાહ, જયેશ ઠક્કર સહિત ભાજપ ના કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છમાં અસહ્ય ઉકળાટ વચ્ચે મેઘરાજાના આગમનમાં વિલંબની શક્યતા

**હવામાન વિભાગે આગામી સપ્તાહમાં વરસાદ ન પડવાનો આપ્યો વર્તારો : ભેજયુક્ત બફારાથી જનજીવન આકુળ-વ્યાકુળ થયું : અલ નીનોની ચિંતા વચ્ચે પ્રાચીન વર્ષા વિજ્ઞાન સંતોષકારક વરસાદના સંકેત આપ્યા**

ભુજ - કચ્છઉદય : ચોમાસાના આગમનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા કચ્છમાડુઓને હાલમાં અસહ્ય ગરમી અને ઉકળાટમાંથી મુક્તિ મળે તેવા કોઈ ચિહ્નો દેખાતા નથી. હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આગામી અઠવાડિયા દરમિયાન જિલ્લામાં વરસાદ પડવાની કોઈ સંભાવના નથી, તેમજ આ સમયગાળામાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી એટલે કે ચોમાસા પહેલાની ગતિવિધિઓ પણ ધીમી રહેવાની શક્યતા છે. તાજેતરમાં ભુજ, અંજાર, ગાંધીધામ અને નલિયા જેવા વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૩૫થી ૩૯ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭થી ૨૯ ડિગ્રી જેટલું ઊંચું રહેવાના કારણે રાત્રિના સમયે પણ લોકોએ ભારે અજંપો અને ઉકળાટ અનુભવ્યો હતો. દિવસ દરમિયાન પવનની ગતિમાં સતત વધ-ઘટ થવાને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધી ગયું છે, જેના લીધે થતા અસહ્ય બફારાએ જનજીવનને ભારે પરેશાન કરી મૂક્યું છે. હવામાનના કેટલાક નિષ્ણાતોના મતે, આ વર્ષે ચોમાસું તેના નિયત સમય કરતાં થોડું મોડું શરૂ થાય તેવી પ્રબળ સંભાવના છે. એક તરફ વૈશ્વિક સ્તરે અલ નીનોની અસરને કારણે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે, ત્યારે બીજી તરફ ભારતના પ્રાચીન વર્ષા વિજ્ઞાનના આધારે કચ્છ જિલ્લામાં આ વર્ષે સંતોષકારક વરસાદ થશે તેવી આશાસ્પદ ગણતરી પણ રાખવામાં આવી રહી છે. ગત રાત્રિથી જ સમગ્ર જિલ્લામાં પવનની ઝડપમાં મોટો ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે અને આજે સવારથી પણ ૨૨થી ૨૫ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાઈ રહ્યો છે.

# રાપરમાં સગીર યુવતીને શારીરિક-માનસિક ત્રાસ આપ્યાનો ગુનો નોંધાયો

રાપર - કચ્છઉદય : રાપર પોલીસ મથકે એક મહિલાની ફરિયાદના આધારે સગીર દીકરીને લાંબા સમયથી શારીરિક તેમજ માનસિક રીતે હેરાનગતિ કરવામાં આવી હોવાના આક્ષેપો સાથે ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, આરોપી જુહીન અબ્દુલ્લાભાઈ ચૌહાણ, રહે. સમાખિયાળી, તાલુકો રાપર દ્વારા છેલ્લા આશરે એક વર્ષ દરમિયાન સગીરાને વારંવાર પરેશાન કરવામાં આવતી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ સગીરાને ધક્કામુક્કી કરી માર મારવાનો પ્રયાસ કર્યો હતો તેમજ તેની ઈચ્છા વિરુદ્ધ અશ્લીલ અને અભદ્ર ટિપ્પણીઓ કરીને માનસિક ત્રાસ આપ્યો હતો. ઉપરાંત, ઘટનાની જાણ કોઈને કરશો તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ બનાવ અંગે રાપર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તથા પોક્સો અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**જાહેર હરાજી**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના ગણેશનગર ગામે પ્રાથમિક શાળામાં જર્જરિત રૂમ-3 આવેલ છે. ઓરડાઓનો કાટમાળ હરાજીમાં વેચાણથી લઈ તળિયું સાફ કરી જમીન સમતળ કરી આપવાની જાહેર હરાજી નીચે જણાવેલ સ્થળ, તારીખ અને નિર્ધારિત સમય મુજબ રાખવામાં આવેલ છે. રસ ધરાવતા વ્યક્તિઓએ હરાજીમાં ભાગ લેવા હાજર રહેવું.

» હરાજીની તારીખ :- 16/06/2026, મંગળવાર સમય :- સવારે 11:00 કલાકે
» સ્થળ :- શ્રી ગણેશનગર પ્રાથમિક શાળા તા.- નખત્રાણા

શાળા વ્યવસ્થાપન સમિતિ મો.નં-૯૬૨૪૪૩૩૫૭૦

આચાર્યશ્રી, શ્રી ગણેશનગર પ્રાથમિક શાળા

**જાહેર હરાજી**

કચ્છ જિલ્લાના રાપર તાલુકાની શ્રી એકતાનગર નાના ટીંડલવા પ્રા. શાળાના ૨ જર્જરિત ઓરડાને તોડીને કાટમાળ ખસેડી જમીન સમથળ કરી આપવાની હરાજી શ્રી એકતાનગર (નાના ટીંડલવા) પ્રા. શાળા ખાતે તારીખ ૧૮-૦૬-૨૦૨૬ ને સવારે ૧૦.૦૦ કલાકે રાખેલ છે.

તો રસ ધરાવતા લોકોએ હાજર રહેવું. શરતો અને રૂમની પરિસ્થિતિ રૂબરૂ સ્થળ પર જણાવવામાં આવશે. જે જોઈને સમજીને પછી હરાજીમાં ભાગ લેવો.

મુખ્ય શિક્ષકશ્રી સગરામભાઈ એન. ચૌધરી મો. ૬૩૫૪૬ ૧૪૪૪૧

રાણુભા હબજી સોઢા મો. ૯૦૨૩૪ ૬૯૦૬૫

શાળા વ્યવસ્થાપન સમિતિ

**નગર સેવા સદન, ભુજ**

**ભુજ નગરપાલિકા વિસ્તારમાં એનિમલ બર્થ કંટ્રોલ અંતર્ગત કુતરાઓ માટે રસીકરણ અને ખસીકરણ માટે રીટેન્ડર(ત્રીજો પ્રયત્ન)**

ભુજ નગર સેવા સદનની સેનિટેશન શાખા અંતર્ગત, ભુજ નગરપાલિકા વિસ્તારમાં એનિમલ બર્થ કંટ્રોલ અંતર્ગત કુતરાઓ માટે રસીકરણ અને ખસીકરણ માટે રીટેન્ડર(ત્રીજો પ્રયત્ન) કામે ઓનલાઈન ટેન્ડર http://www.tender.nprocure.com થી આમંત્રિત કરેલ છે. જે રીટેન્ડર ઓનલાઈન ભરવાની અંતિમ તા. ૧૯/૦૬/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી ની રાખેલ છે. ફિઝીકલ ડોકયુમેન્ટ નગરપાલિકા કચેરીમાં પહોંચાડવાની અંતિમ તા.૨૫/૦૬/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી રહેશે. રસ ધરાવનાર કોન્ટ્રાકટરોએ ઉકત વેબ સાઈટ પર બાકીની માહિતી મેળવી રીટેન્ડર ભરવાનું રહેશે. અધૂરું તેમજ ભૌતિક રીટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. ન્યાય ક્ષેત્ર ભુજ રહેશે.

મુખ્ય અધિકારી, ભુજ નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૨૫૯/૨૦૨૬-૨૭)

**ટેન્ડર નોટિસ**

**ગુનાકામ અન્વયે તથા વાવાઝોડાં દરમ્યાન જમા થયેલ વૃક્ષોના લાકડાંનું ઈ-ઓકશન વન વિભાગ-ગુજરાત રાજ્ય (બીજો પ્રયાસ)**

આથી ગુનાકામ અન્વયે તથા વાવાઝોડાં દરમ્યાન જમા થયેલ વૃક્ષોના લાકડાંનું ઈ-ઓકશનમાં ભાગ લેવા રસ ધરાવતાં વેપારીઓને જણાવવાનું કે, સામાજીક વનીકરણ ભુજ હેઠળની સામાજીક વનીકરણ રેંજ નલિયા, માંડવીમાં તા.૨૦/૦૬/૨૦૨૬ના રોજ ઇ - ઓકશનથી હરાજી કરવામાં આવનાર છે, તો ઈ -ઓકશનમાં ભાગ લેવા વિનંતી છે. સ્થળ મુલાકાત માટે પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, સા.વ. રેંજ નલિયાના સંપર્ક નં.9879290148 તથા પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, સા.વ. રેંજ માંડવીના સંપર્ક નં.9537274750 પર સંપર્ક કરવો.આ ઓકશન માટે જરૂરી માર્ગદર્શન મેળવવા માટે કચેરી નં.02832 250851 પર માહિતી મેળવી શકાશે.ઉપરોકત ઈ - ઓકશનમાં ભાગ લેવા માટે હરાજીની શરતો તેમજ મુકવામાં આવેલ લોટની સંપૂર્ણ માહિતી https://forestauction.nprocure.com વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

નાયબ વન સંરક્ષક, કચ્છ સામાજીક વનીકરણ વિભાગ

(નામાનિ/કચ્છ/૨૬૨/૨૦૨૬-૨૭)

**જાહેર નિવિદા નં. ૦૧/૨૦૨૬-૨૭**

**રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી સામાજીક વનીકરણ રેન્જ નખત્રાણા. બેરૂ રોડ ફોરેસ્ટ કોલોની નખત્રાણા-કચ્છ**

સામાજીક વનીકરણ રેન્જ નખત્રાણા હસ્તકના નિચેની વિગતે આવેલા સરકારી કવાર્ટર ડીમોલેશન કરી કાટમાળની જાહેર હરરાજી નિચે જણાવેલ તારીખ સમયે અને સ્થળે રાખવામાં આવેલ છે તો તેમા ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ હાજર રહેવા વિનંતી. આ ડીમોલેશન કવાર્ટર જોવા માટે રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી ની કચેરી સામાજીક વનીકરણ રેન્જ -નખત્રાણા બેરૂ રોડ ફોરેસ્ટ કોલોની નખત્રાણા-કચ્છનો રૂબરૂ સંપર્ક સાધવાનો રહેશે. હરરાજીની શરતો હરરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે કવાર્ટર જે સ્થતિમાં છે તે સ્થતિમાં હરરાજી કરવામાં આવશે તેમજ હરરાજીમાં ભાગ લેનારે રકમ રૂ.૫૦૦૦/- (અંકે રકમ રૂપિયા પાંચ હજાર પુરા) ડીપોઝીટ તરીકે રોકડા આપવાના રહેશે.

| કવાટર્સનું સ્થળ | કવાટર્સની કેટેગરી | હરરાજીની તારીખ, સમય, સ્થળ |
|---|---|---|
| ફોરેસ્ટ કોલોની નખત્રાણા | આર.એફ.ઓ કવાર્ટર | તા.૨૫/૦૬/૨૦૨૬ સવારે ૧૧:૦૦ કલાકે સ્થળઃ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી સામાજીક વનીકરણ રેન્જ - નખત્રાણા |
| ફોરેસ્ટ કોલોની નખત્રાણા | ગાર્ડ કવાર્ટર | |
| વધુ વિગતો માટે ઉકત કચેરીનો સંપર્ક કરવો રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી સામાજીક વનીકરણ રેન્જ - નખત્રાણા | | |

(નામાનિ/કચ્છ/૨૬૭/૨૦૨૬-૨૭)

રેન્જ ફોરેસ્ટ ઓફિસર, સામાજીક વનીકરણ રેન્જ-નખત્રાણા

**હાર્દિક શુભકામનાઓ**



**શ્રી ભાઈલાલભાઈ માધવજી છાભૈયા (ગઢશીશા)**
**ચેરમેનશ્રી, એ.પી.એમ.સી. - માંડવી**

આપશ્રીની ઉપરોક્ત હોદ્દા પર વરણી થતા હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપ ખેડૂતોના વિકાસના કાર્યો કરી યશભાગી બનો અને રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી હાર્દિક શુભકામનાઓ..

- અનિલ લાલજી છાભૈયા – મુંબઈ
- અરવિંદ રાજા ભગત – મુંબઈ
- વિજય નરશી છાભૈયા – ગઢશીશા
- રમણીક દામજી રંગાણી – ગઢશીશા
- સુનિલ ધનજી રંગાણી – ગઢશીશા
- રાજેશ વલ્લભજી છાભૈયા – ગઢશીશા
- વિનોદ લાલજી રંગાણી – ગઢશીશા
- ત્રિલેશ શશિકાન્ત ગજજર – ગઢશીશા

ગઢશીશા, તા.માંડવી-કચ્છ.

# સરહદી ગામના નાગરિકો દેશના પ્રથમ પ્રહરી સમાન : સુધા પાંડે







## સરહદી ગામ મોટા ભીટારાની આઈપીએસ અધિકારીએ મુલાકાત લીધી : ગ્રામજનો દ્વારા રજૂ કરેલા વિવિધ પ્રશ્નો સાંભળી દિલ્હી સુધી પહોંચાડવાની આપી ખાતરી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના સરહદી વિસ્તારમાં આવેલા મોટા ભીટારા ગામની ડીઆઈપીજી આઈપીએસ અધિકારી સુધાબેન પાંડેએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ગામના સરપંચ અને વડીલો દ્વારા તેમનું પરંપરાગત શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનો અને ખાસ કરીને મહિલાઓએ ઉચ્ચ અધિકારી સમક્ષ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા.

આઈપીએસ અધિકારી સુધાબેન પાંડેએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે, સરહદી વિસ્તારના ગામો દેશની સુરક્ષા માટે અત્યંત મહત્વના છે અને આ વિસ્તારના નાગરિકો દેશના પ્રથમ પ્રહરી સમાન છે. મુલાકાત દરમિયાન ગામના યુવાનો અને સ્થાનિક આગેવાનો દ્વારા સરહદી વિસ્તારમાં પીવાનું પાણી, મોબાઈલ નેટવર્ક માટે ટાવર, પાકા રસ્તાની સુવિધા, ગૌચર જમીનની ફાળવણી તેમજ ગામને રેવન્યુ વિલેજનો દરજ્જો આપવા બાબતે લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. આ ઉપરાંત લાંબા સમયથી બંધ પડેલી સ્થાનિક હાઈસ્કૂલ ફરી શરૂ કરવા અંગે પણ ઉગ્ર માંગણી કરાઈ હતી. જેના પ્રતિસાદમાં અધિકારીએ આ તમામ પ્રશ્નો અને શિક્ષણને લગતી સમસ્યાઓને યોગ્ય કક્ષાએ રજૂ કરીને વહેલી તકે ઉકેલ લાવવા માટે ખાતરી આપી હતી. તેમણે બંધ પડેલી હાઈસ્કૂલની રૂબરૂ મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા પણ કરી હતી.

આ મુલાકાત દરમિયાન હાજીપીર પોલીસ સ્ટેશનના પીઆઈ વી.ડી. ગોહિલ, બીએસએફના અધિકારી રામ રેખા પ્રસાદ, આઈબીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રીમતી એચ.આર. રાઠોડ સહિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત સ્થાનિક વહીવટી તંત્રમાંથી તલાટી અમિતભાઈ સમા, પ્રાથમિક શાળાના શિક્ષકો, પીએચસીનો તબીબી સ્ટાફ, આંગણવાડી તથા આશા વર્કરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ પૈકી સરપંચ પ્રતિનિધિ ખુશી મામદજત, અલ્લાહ જોડિયા જત, અમીનજત, હારુન માખી, મહમદ કાસમ, રમજાન ફકીરાણી જત, કૂલસમ હાજીયાણી, ઈકબાલ ઝાકા તેમજ લુણાના સતાર જીયે જા સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા હાજીપીર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દિનેશભાઈ ચૌધરી, કિશોરસિંહ જાડેજા, કિરણભાઈ નાઈ અને ઋતુરાજ સોઢા દ્વારા સંભાળવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડો. ઉમેશ આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે અંતમાં તલાટી અમિત સમાએ ઉપસ્થિત તમામ અધિકારીઓ અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# "સ્વચ્છતા સપ્તાહ અભિયાન" અંતર્ગત કચ્છના ગામોમાં વિશેષ સફાઇ કાર્યક્રમનું આયોજન





### ગામને સ્વચ્છ, સ્વસ્થ અને સુંદર રાખવા માટે નાગરિકોને સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો

ભુજ - કચ્છઉદય : સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત આજરોજ કચ્છ જિલ્લાના ગામોમાં સફાઇ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામની શેરી, રસ્તા, ગટર, જાહેર વિસ્તારો આસપાસ એકત્ર કચરાની સફાઈ કામગીરી કરાઇ હતી.

કચ્છના ભીરંડીયારા, વોંધ, હીરાપર, આસંબિયા, દેશલપર, દયાપર, વિભાપર, બિદડા, મોડા તથા નાગલપર સહિતના ગામોમાં શેરીઓ, રસ્તાઓ તેમજ ગટરની નજીક એકત્રિત થયેલ કચરાની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ગામના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરી સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. હાજર આગેવાનો દ્વારા ગામને સ્વચ્છ, સ્વસ્થ અને સુંદર રાખવા માટે સૌને સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ગ્રામજનોએ પણ ઉત્સાહપૂર્વક સફાઈ કામગીરીમાં ભાગ લઈ સ્વચ્છતા પ્રત્યે પોતાની જવાબદારી નિભાવી હતી.

આ અભિયાન હેઠળ કચ્છના પ્રખ્યાત યાત્રાધામ માતાના મઢ ગામની તમામ શેરીઓ, મુખ્ય તથા આંતરિક રસ્તાઓ, બજાર વિસ્તાર, જાહેર મેળાવડા સ્થળો, ઈન્ટરસેક્શન અને એપ્રોચ રસ્તાઓની સઘન સફાઈ કરવામાં આવી. રસ્તાની બંને બાજુ એકત્રિત થયેલો કચરો દૂર કરવામાં આવ્યો હતો તેમજ ગટરની આસપાસ જમા થયેલા કચરાની સફાઈ કરી સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ જાળવવા માટે કામગીરી કરાઇ હતી. આ ઉપરાંત અગાઉના દિવસે સાફ કરવામાં આવેલ ગટરના કચરાનો યોગ્ય રીતે ઉપાડ કરી તેનો સુરક્ષિત નિકાલ કરવામાં આવ્યો. સમગ્ર કામગીરી દરમિયાન સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણ સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવા માટે ગ્રામજનોને પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા. સ્વચ્છતા માત્ર સરકારી કાર્યક્રમ નહીં પરંતુ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ અને સમૃદ્ધ ગામના સંકલ્પ સાથે ગામને સ્વચ્છ, સુંદર અને કચરામુક્ત બનાવવા માટે સૌએ સહભાગી બનવું જરૂરી છે તેવું આગેવાનશ્રીઓ દ્વારા ગ્રામજનોને સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સરપંચ, સ્વયંસેવકો, સફાઈ કામદારો, તલાટી મંત્રી તેમજ ક્લસ્ટર કો-ઓર્ડિનેટરોએ ઉપસ્થિત રહી સફાઈ કાર્યમાં સહભાગીતા નોંધાવી હતી.

# ધીમા ઈન્ટરનેટ અને છેતરપિંડી મામલે રિલાયન્સ જીઓ પર દંડ

### ગ્રાહકને રૂા. ૧૯,૭૦૦ ચૂકવવા ગ્રાહક ફોરમનો આદેશ

ચંદીગઢ (એજન્સી દ્વારા) : ગ્રાહકો સાથે આચરાતી અયોગ્ય વ્યાપારી રીતરસમો અને વચન આપ્યા છતાં સેવામાં ખામી રાખવા બદલ ચંદીગઢ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રેડ્રેસલ કમિશને (સ્ટેટ ગ્રાહક ફોરમ) દેશની અગ્રણી ટેલિકોમ કંપની રિલાયન્સ જીઓ વિરુદ્ધ એક મહત્વનો ચુકાદો આપ્યો છે. ફોરમે કંપનીની અપીલ ફગાવી દઈને પીડિત ગ્રાહકને રૂા. ૧૨,૭૨૯ ની વાર્ષિક ફી વ્યાજ સાથે પરત કરવા તેમજ માનસિક સતામણી અને કાનૂની ખર્ચ પેટે રૂ ૭,૦૦૦નું વળતર ચૂકવવાનો નીચલી અદાલતનો આદેશ યથાવત રાખ્યો છે.

કેસની વિગતો મુજબ, ચંદીગઢના રહેવાસી સુશીલ કુમાર અગ્રવાલે ૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ રિલાયન્સ જીઓ પાસેથી હાઈ-સ્પીડ બ્રોડબેન્ડ ફાઈબર કનેક્શન લીધું હતું અને તેના એક વર્ષના પ્લાન પેટે રૂ.૧૨,૭૨૯ નું એડવાન્સ પેમેન્ટ કર્યું હતું. કનેક્શન ઈન્સ્ટોલ થયા બાદ ગ્રાહકને ખબર પડી કે તેમને વચન આપ્યા મુજબનું ઓપ્ટિકલ ફાઈબર વાયર્ડ કનેક્શન નહીં, પરંતુ વાયરલેસ કનેક્શન (એરફાઈબર) આપવામાં આવ્યું છે.

જ્યારે ગ્રાહકે આ અંગે વાંધો ઉઠાવ્યો ત્યારે કંપનીના પ્રતિનિધિઓએ આશ્વાસન આપ્યું હતું કે આ કનેક્શન પણ વાયર્ડ ફાઈબર જેવું જ કામ કરશે અને તેમાં 'અનલિમિટેડ ડેટા' મળશે.

કંપનીના દાવાઓ માત્ર ૧૮ દિવસમાં જ પોકળ સાબિત થયા હતા. ગ્રાહકને કંપની તરફથી મેસેજ મળવા લાગ્યા કે તેમનો ડેટા ક્વોટા ખતમ થઈ ગયો છે અને આગળ ઈન્ટરનેટ વાપરવા માટે વધારાના પૈસા ચૂકવવા પડશે. છેતરાયાની અનુભૂતિ થતાં અગ્રવાલે ૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ કનેક્શન કાપી નાખવા અને પોતાના પૈસા રીફંડ કરવા લેખિત વિનંતી કરી હતી. વારંવારની રજૂઆતો છતાં કંપનીએ પૈસા પરત ન કરતા આખરે તેમણે જિલ્લા ગ્રાહક ફોરમનો દરવાજો ખખડાવ્યો હતો. વિરોધાભાસની વાત એ છે કે, જિલ્લા ફોરમની નોટિસ છતાં જીઓ તરફથી કોઈ હાજર ન થતાં કોર્ટે એકતરફી ચુકાદો આપ્યો હતો. જિલ્લા ફોરમના આદેશને રિલાયન્સ જીઓએ સ્ટેટ કમિશનમાં પડકાર્યો હતો. કંપનીએ દલીલ કરી હતી કે ગ્રાહકે જાણીજોઈને 'જીઓ એરફાઈબર' પ્લાન પસંદ કર્યો હતો, જેમાં દર મહિને ૧,૦૦૦ જીબી ડેટાની મર્યાદા હોય છે અને મર્યાદા પૂરી થયા બાદ ગ્રાહકે વધારાનો ડેટા ખરીદવો પડે છે. જોકે, કોર્ટમાં કંપનીનો જ ઈ-મેલ તેમના વિરુદ્ધ સૌથી મોટો પુરાવો બન્યો હતો.

# રશિયા-યુક્રેન યુદ્ધ હવે પ્રથમ વિશ્વયુદ્ધ કરતાં લાંબુ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : રશિયાએ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ યુક્રેન પર સંપૂર્ણ આક્રમણ શરૂ કર્યું હતું અને ૧૧ જૂન ૨૦૨૬ સુધીમાં આ યુદ્ધ ૧,૫૬૯ દિવસ પૂર્ણ કરી ચૂક્યું છે. પ્રથમ વિશ્વયુદ્ધ ૨૮ જુલાઈ ૧૯૧૪થી ૧૧ નવેમ્બર ૧૯૧૮ સુધી કુલ ૧,૫૬૮ દિવસ ચાલ્યું હતું. એટલે હવે આ યુદ્ધ સમગ્ર પ્રથમ વિશ્વયુદ્ધ કરતાં એક દિવસ લાંબુ થઈ ગયું છે. પુતિને શરૂઆતમાં માત્ર ત્રણ દિવસનું ઓપરેશન ધાર્યું હતું, પણ તે ચાર વર્ષથી વધુ સમયની ઘસારાની લડાઈમાં ફેરવાઈ ગયું. બંને યુદ્ધો વચ્ચે ઘણી સામ્યતા જોવા મળે છે. બંનેની શરૂઆત રાજધાની તરફ ઝડપી હુમલાથી થઈ હતી, જર્મની પેરિસ તરફ અને રશિયા કિવ તરફ, પણ પછી આગળ વધવું અટકી ગયું અને ખાઈઓ, તોપખાનાની ગોળીબારી અને ખુલ્લા મેદાનમાં જીવના જોખમે આગળ વધવાની લડાઈ શરૂ થઈ. પોક્રોવસ્ક જેવા વિસ્તારમાં રશિયન સૈનિકો એક દિવસમાં ફક્ત ૭૦ થી ૭૭ મીટર જ આગળ વધી શક્યા, જે ૧૯૧૬ની સોમેની લડાઈ કરતાં પણ ધીમું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ તોપ, ટાંકી અને વિમાનો માટે જાણીતું હતું, જ્યારે યુક્રેન યુદ્ધ ડ્રોનથી બદલાઈ ગયું છે. ડ્રોનને કારણે મોટા પાયે સૈનિકોની હિલચાલ કરવી મુશ્કેલ બની ગઈ છે અને કોઈ પણ હિલચાલ તરત જ પકડાઈ જાય છે. પૂર્વ અને દક્ષિણ યુક્રેનના ઉજ્જડ શહેરો, ખાડાઓથી ભરેલી જમીન અને તૂટેલા જંગલો પ્રથમ વિશ્વયુદ્ધના યુદ્ધભૂમિ જેવા જ દેખાય છે. ઈતિહાસકારો આ યુદ્ધને પ્રથમ વિશ્વયુદ્ધ સાથે સૌથી વધુ મળતું યુદ્ધ કહે છે. હવે લોકોનું ધ્યાન બીજા વિશ્વયુદ્ધ તરફ જઈ રહ્યું છે કારણ કે તે યુરોપમાં છ વર્ષ ચાલ્યું હતું અને સર્વેમાં અડધા યુક્રેનિયનો માને છે કે આ યુદ્ધ આવતા વર્ષ પહેલાં પૂરું નહીં થાય.

# સ્વચ્છતા સપ્તાહ અભિયાન હેઠળ યાત્રાધામ માતાનામઢમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

### ધારાસભ્ય પી.એમ. જાડેજા, સરપંચ કાસમ કુંભાર સહિત અધિકારી-પદાધિકારી અભિયાનમાં જોડાયા



નખત્રાણા - કચ્છ ઉદય : તીર્થધામ માતાના મઢ ખાતે આજે વહેલી સવારથી સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. ધારાસભ્ય પી.એમ. જાડેજા ઉત્સાહપૂર્વક સફાઈ અભિયાનમાં ભાગ લઈ જણાવ્યું હતું કે, ગામને, તીર્થધામને સ્વચ્છતા માત્ર સરકારી કાર્યક્રમ નથી પરંતુ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. દરેક નાગરિક આ અભિયાનમાં જોડાય.

ગામના સરપંચ કાસમભાઈ કુંભારે કહ્યું કે, માતાના મઢ ગામની તમામ શેરીઓ, વોર્ડને આવરી લેવાયા છે. રસ્તાની બન્ને બાજુ એકત્રીત થયેલ કચરો દૂર કરવામાં આવ્યો હતો. તેમજ ગટરની આસપાસ જમા થયેલ કચરાની સફાઈ કરી સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ જાળવવા માટે કામગીરી કરાઈ હતી. સમગ્ર કામગીરી દરમિયાન, સ્વચ્છતા, આરોગય અને પર્યાવરણ સંરક્ષણ અંગે જન જાગૃતી ફેલાવવા ગ્રામજનોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. તા.વિ.અ. વસંતભાઈ ચંદે, મેઘજી બળિયા, મયૂરસિંહ જાડેજા, નીતિન પટેલ, કરીમ જત, હિતેશ મહેશ્વરી, રામજીભાઈ બાભણીયા, પ્રવિણદાન ગઢવી, તલાટી સુરેન્દ્રસિંહ જાડેજા, અરવિંદભાઈ શાહ, રમેશ જોષી, ઓસ્માણ નોતિયાર, ઈસાક મોડ સહિત ભાજપની ટીમ, વેપારી મંડળ, ગ્રામ પંચાયતના અગ્રણીઓ જોડાયા હતા. રૂપરાઈ તળાવની મુલાકાત લેવામાં આવી હતી.

# આસામના જોરહાટમાં ભારતીય વાયુસેનાનું એએન-૩૨ વિમાન ક્રેશ

નવી દિલ્હી : (એજન્સી મારફતે) આસામના જોરહાટમાં શનિવાર સવારે ભારતીય વાયુસેનાનું એએન-૩૨ ટ્રાન્સપોર્ટ વિમાન રોરિયાહ એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે રનવે પર જ ક્રેશ થઈ ગયું. અકસ્માત એટલો જોરદાર હતો કે ઘટના સ્થળેથી ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડવા લાગ્યા. અવાજ સાંભળીને આસપાસના લોકો અને એરબેઝના જવાનો તરત દોડી આવ્યા હતા. આગની જ્વાળાઓ વચ્ચે ફાયર બ્રિગેડ અને રેસ્ક્યુ ટીમે કામગીરી શરૂ કરી દીધી છે. સમગ્ર વિસ્તારને સુરક્ષા દળોએ ઘેરી લીધો છે. વરિષ્ઠ અધિકારીઓ પણ તાત્કાલિક જોરહાટ પહોંચી ગયા છે.

# કોંગ્રેસે જમ્મુ-કાશ્મીરમાં ગેરશિસ્તની તપાસ માટે સમિતિની રચના કરી

નવી દિલ્હી : જમ્મુ અને કાશ્મીરમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ અને ગેરશિસ્તના અહેવાલોને પગલે કોંગ્રેસ અધ્યક્ષ દ્વારા એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી કે. સી. વેણુગોપાલ દ્વારા બહાર પાડવામાં આવેલી સત્તાવાર યાદી અનુસાર, આ તપાસ સમિતિમાં શક્તિસિંહ ગોહિલ, ડૉ. અમર સિંહ અને રફીક ખાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિ સમગ્ર મામલાની તટસ્થ તપાસ કરીને પક્ષના નેતૃત્વને પોતાનો અહેવાલ સોંપશે. આ આદેશનો તાત્કાલિક અસરથી અમલ કરવામાં આવ્યો છે.

# ઓમાન નજીક ચોથા જહાજ પર હુમલો : ભારતે અફવાઓને નકારી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ઓમાનના દરિયાકાંઠા નજીક શુક્રવારની રાતે ચોથા જહાજ પર હુમલો થયાના અહેવાલોને ભારત સરકારે સત્તાવાર રીતે નકારી કાઢ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે હાલમાં માત્ર ત્રણ જહાજ સંબંધિત ઘટનાઓની જ પુષ્ટિ થઈ છે. તેમણે કહ્યું કે ૮ જૂને એમટી મેરિવેક્સ ટેન્કરમાં આગની ઘટના બાદ તમામ ૨૪ ભારતીય ખલાસીઓને સુરક્ષિત બચાવી લેવાયા હતા. ત્યારબાદ ૧૦ જૂને રૂ સેટેબેલો પર થયેલા હુમલામાં ૨૪ ભારતીય ક્રૂ સભ્યોમાંથી ૨૧ને બચાવી લેવાયા જ્યારે ૩ ભારતીયોના મોત નીપજ્યા હતા. ૧૧ જૂને ઓમાનના શિનાસ બંદર પાસે બનેલી ઘટનાને ભારતીય દૂતાવાસે ત્રીજી ઘટના તરીકે નોંધી છે. ભારત સરકારે આ હુમલાઓની સખત નિંદા કરી છે અને અમેરિકાના ચાર્જ ડી અફેર્સને બોલાવીને વિરોધ નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલયે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પણ સ્પષ્ટ કર્યું કે વેપારી જહાજો પરના હુમલા તાત્કાલિક બંધ થવા જોઈએ કારણ કે અખાતના દેશોમાં રહેતા અને કામ કરતા લગભગ ૧ કરોડ ભારતીયોની સુરક્ષા ભારત માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

# વેનસ અને જ્યુપિટરનો આકાશમાં દુર્લભ સંગમ, ફોટોગ્રાફરો મુગ્ધ

ભુજ - કચ્છઉદય : જૂન મહિનાની શરૂઆતમાં આકાશમાં ખગોળીય ચમત્કાર જોવા મળ્યો. બે સૌથી તેજસ્વી ગ્રહો વેનસ અને જ્યુપિટર ૮ અને ૯ જૂન ૨૦૨૬ની સાંજે એકબીજાની ખૂબ નજીક આવી ગયા હતા. બંને ગ્રહો વચ્ચેનું અંતર માત્ર ૧.૬ ડિગ્રીનું રહ્યું, જેના કારણે તેઓ નરી આંખે લગભગ એક જ બિંદુ જેવા દેખાતા હતા.

સૂર્યાસ્ત પછી પશ્ચિમી ક્ષિતિજ પર આ સુંદર દ્રશ્ય લગભગ એક કલાક સુધી દેખાતું હતું. ભુજમાં પણ રાત્રે ૭ વાગ્યા પછી પશ્ચિમ દિશામાં સ્પષ્ટ આકાશ હોય તો આ સંગમ સરળતાથી નિહાળી શકાયો હતો. ખગોળશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ વેનસને "સાંજનો તારો" કહેવામાં આવે છે અને જ્યુપિટર તેની બાજુમાં ચમકતો હોવાથી સામાન્ય લોકો પણ આ દ્રશ્યથી આકર્ષાયા હતા. ૧૩ જૂનથી ૧૫ જૂન સુધી બુધ ગ્રહ પણ આ જોડીમાં જોડાયેલો રહેશે અને પશ્ચિમી ક્ષિતિજ પર ત્રણ ગ્રહોની પરેડ જોવા મળશે. ત્યારબાદ ૧૬ અને ૧૭ જૂને અર્ધચંદ્ર પણ તેમની નજીકથી પસાર થશે. આવો નજીકનો સંગમ હવે ૧૦ નવેમ્બર ૨૦૨૮ના રોજ ફરી જોવા મળશે. ખગોળપ્રેમીઓ માટે આ મહિનો ખરેખર યાદગાર રહેશે.

# ભુજ નગરપાલિકા દ્વારા ધંધાર્થીઓએ લીધેલ ગેરકાયદેસરના પાણીના જોડાણો કપાયા




ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકા પાણી પુરવઠા શાખા દ્વારા શહેરના ધંધાર્થીઓ દ્વારા લેવાયેલ પાણીના ગેરકાયદેસર કોમર્શીયલ કનેકશનો કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાલ જ્યારે ભુજ શહેરમાં પાણીની અછતની વિકટ પરિસ્થિતિ હોઈ કલેકટર તેમજ કચ્છ સાંસદના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં કલેકટર દ્વારા કરાયેલ હુકમ મુજબ તથા ભુજ નગરપાલિકાના મુખ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ ભુજ નગરપાલિકાની પાણી પુરવઠાની ટીમ દ્વારા ભુજ નગરપાલિકાની મેઈનલાઈનમાંથી જેમણે ગેરકાયદેસરના પાણીના જોડાણો લીધેલ છે તેવા એરપોર્ટ રોડ, હોટલ સેવન સ્કાયની સામે આવેલ દુકાનો, સર્વિસ સ્ટેશનો તેમજ હોટેલોના કુલ ૩૭ જેટલા પાણીના કનેકશનો કાપવામાં આવેલ છે તથા આ કનેકશનો જો ફરીથી ગેરકાયદેસર રીતે લેવામાં આવશે તો તેઓની સામે ફોજદારી ફરિયાદની કાર્યવાહી ભુજ નગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

# કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજેશભાઈ ભટ્ટનું દુખદ નિધન

### કચ્છના ઉદ્યોગ વિકાસમાં મજબૂત નેતૃત્વ આપનાર અગ્રણીને સમગ્ર વેપાર જગતની શ્રદ્ધાંજલી



ભુજ - કચ્છઉદય : કચ્છના વેપાર અને ઉદ્યોગ જગતનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજેશભાઈ ભટ્ટનું દુખદ અવસાન થયું છે. તેઓ ૬૨ વર્ષના હતા. તેમના નિધનના સમાચારથી સમગ્ર કચ્છના વેપાર, ઉદ્યોગ અને સામાજિક વર્તુળમાં ગાઢ શોકની લાગણી વ્યાપી ગઈ છે.

રાજેશભાઈ ભટ્ટ કચ્છના ઔદ્યોગિક વિકાસની યાત્રામાં એક મજબૂત કડી સમાન રહ્યા હતા. ખાસ કરીને ભૂકંપ પછી કચ્છના પુનઃનિર્માણ અને ઔદ્યોગિકરણની ગતિને વેગ આપવા માટે તેમણે સરકાર અને ઉદ્યોગ જગત વચ્ચે સેતુરૂપ ભૂમિકા નિભાવી હતી. તેમના કાર્યકાળ દરમિયાન કચ્છ ચેમ્બરે ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી અનેક પહેલો હાથ ધરી, જેમાં રોકાણકારોને આકર્ષવા અને કચ્છને ઔદ્યોગિક નકશામાં આગવી ઓળખ અપાવવાનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો.

તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ દરમિયાન યોજાયેલા કચ્છ કાર્નિવલ અને વાયબ્રન્ટ ગુજરાત જેવા મંચો પર કચ્છના ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને વૈશ્વિક ઓળખ અપાવવા માટે રાજેશભાઈ ભટ્ટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. દેશ - વિદેશમાં વસતા કચ્છીઓ સાથે સંવાદ સાધીને કચ્છમાં રોકાણ લાવવાના પ્રયાસોમાં તેમનું નેતૃત્વ નોંધપાત્ર રહ્યું હતું. "વાયબ્રન્ટ કચ્છ" જેવી પહેલો પણ તેમના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાઈ હતી, જેને રાજ્યસ્તરે વિશેષ પ્રશંસા પ્રાપ્ત થઈ હતી. ભુજ ખાતે યોજાયેલ પ્રથમ નોન-રેસિડેન્ટ ઈન્ડિયન સંમેલન પણ તેમના કાર્યકાળની એક મહત્વપૂર્ણ સિદ્ધિ રહી હતી, જેમાં ઓમાન, દુબઈ, યુકે સહિત અનેક દેશોમાં વસતા કચ્છીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને કચ્છના સર્વાંગી વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આરોગ્ય ક્ષેત્રે પણ કચ્છમાં સેવાઓના વિસ્તરણ માટે યોજાયેલા મહત્વપૂર્ણ સમારોહ અને બેઠકોમાં તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. અદાણી ગ્રુપ દ્વારા હોસ્પિટલ સંચાલન સંબંધિત આયોજન દરમિયાન કચ્છમાં આરોગ્ય સેવાઓ વધુ મજબૂત બનાવવા માટે તેમણે સંકલનાત્મક ભૂમિકા ભજવી હતી.

કુદરતી આફતોના સમયમાં પણ રાજેશભાઈ ભટ્ટ હંમેશા આગળ રહીને ચેમ્બર મારફતે તંત્ર સાથે સંકલન કરી રાહત કામગીરીમાં સક્રિય રહ્યા હતા. ફૂડ પેકેટથી લઈને આવશ્યક ચીજવસ્તુઓની વ્યવસ્થા સુધી તેમની આગેવાની હેઠળ કચ્છ ચેમ્બરે સમયસર સેવા પહોંચાડી હતી.તેમના અવસાનથી કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનો સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થયો છે. ચેમ્બરના મંત્રી અશોકભાઈ વોરા, જોરાવરસિંહ રાઠોડ, મણીભાઈ ઠક્કર, સંજયભાઈ ઉપાધ્યાય, દિલીપભાઈ કોરડીયા, તલકશીભાઈ નંદુ, કર્નલ જોહર, મિતુલ મહેતા, રવિન્દ્ર ત્રવાડી, અક્ષય ઠક્કર, જટુભા રાઠોડ, મુકેશભાઈ આચાર્ય, પરાક્રમસિંહ જાડેજા, ઈન્દ્રજીતસિંહ જાડેજા, જાદવજી ગોરસિયા, ભુપેન મહેતા, સુબોધ ઠક્કર સહિતના સભ્યોએ તેમના નિધન પર ઊંડો શોક વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

# સૈન્યમાં ફરજિયાત જોડાવાના નિયમથી ગભરાઈને વાળંદ થનારનો પૌત્ર આજે દુનિયાને ધ્રુજાવે છે...


ડોનાલ્ડ ટ્રમ્પનો ચાર વર્ષની ઉમરનો ફોટો


ડોનાલ્ડ ટ્રમ્પ

## આવતીકાલે ડોનાલ્ડ ટ્રમ્પ ૮૦ વર્ષ પુરા કરશે : તેમની જિંદગી રોમાન્સ અને રોમાંચભરી અને અનેક રસભરી વાતોથી ભરેલી રહી છે

ભુજ - કચ્છઉદય : વિશ્વમાં અત્યારે સૌથી વધુ ચર્ચા થઈ રહી છે તે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ જહોન ટ્રમ્પ ૧૪મી જૂનના ૮૦ વર્ષ પૂરા કરી અને ૮૧ વર્ષમાં પ્રવેશ કરશે. ટ્રમ્પની જિંદગીની વાત બહુ જ રસપ્રદ અને રોમાંચ ભરી છે. તેના દાદા જર્મનીમાં રહેતા હતા અને શરીરથી અને મનથી બંને રીતે અત્યંત નબળા હતા. ટ્રમ્પના દાદા ફ્રેડરિક આઠ જ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું મૃત્યુ થઈ ગયું. જર્મનીમાં એવો નિયમ હતો કે દરેકે ત્રણ વર્ષ માટે ફરજિયાત સેનામાં જોડાવું જ પડે. જેનાથી ટ્રંપના દાદાને બહુ બીક લાગતી હતી એટલે ગભરાઈને જર્મનીથી ભાગી અને અમેરિકામાં ન્યુયોર્ક આવી ગયા. આજે તેમનો જ પૌત્ર ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધથી આખી દુનિયાને ધ્રુજાવી નાખે છે. ટ્રમ્પના દાદા શરીરથી નબળા હોવાથી ખેતી ન ફાવતા પોતાની માની સલાહથી અમેરિકામાં પરંપરાગત ખેતી કરવાની જગ્યાએ વાળંદ તરીકે કામ શરૂ કર્યું હતું. પરંતુ નસીબ જ્યારે યારી આપે છે ત્યારે જિંદગી બદલી જાય છે. તેમના દાદા પાસે થોડા પૈસા ભેગા થતાં તેમણે ખાણ ખરીદી જેમાંથી સોનુ નીકળ્યું એટલે રાતોરાત અમીર થઈ ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પના પિતા ધનવાનના દીકરા હોવા છતાં પણ ખૂબ જ મહેનતુ હતા. તેઓ શાળામાં ભણતા અને બાકીના સમયમાં પ્લમ્બરિંગ સુથારી કામ અને ઈલેક્ટ્રીક કામ શીખતા કારણ કે તેમને મહેનત કરવાનો બહુ જ શોખ હતો. ટ્રમ્પના જન્મ પછી તેઓ પછી તેઓ અમેરિકાના મોટા ઉદ્યોગપતિ અને અતિ શ્રીમંત બની ગયા. ટ્રમ્પ બચપણથી જ બહુ જ માથાભારે હતા અને સાથેના વિદ્યાર્થીઓ ઉપર ભારે દાદાગીરી કરતા જે સ્વભાવ આપણે આજે પણ જોઈ શકીએ છીએ. ડો નાલ્ડ ટ્રમ્પની જિંદગી રોમાન્સ બની રહી છે તેમને ત્રણ વાર લગ્ન કર્યા છે તેમણે બિલ્ડર તરીકે અમેરિકા ગગનચુમ્બી ઈમારતો પણ બનાવી છે, ભવ્ય હોટલો અને કેસીના નામ પણ તેઓ માલિક છે અને અનેક વ્યવસાય ધરાવે છે. હાલમાં અમેરિકાના તેઓ બીજીવાર પ્રમુખ થયા છે. અત્યારે ઈરાક સાથે યુદ્ધને કારણે સમગ્ર વિશ્વની ચર્ચાના કેન્દ્રમાં છે.


યુવાન ટ્રમ્પ પહેલી પત્ની અને બાળકો સાથે

# ધોરડોમાં ૧૦૦ ટકા સોલરાઇઝેશનથી ગ્રામજનોને વાર્ષિક રૂા. ૧૪ લાખથી વધુનો લાભ થયો





ભુજ - કચ્છઉદય : આગામી વર્ષોમાં ભારતમાં ઊર્જામાંગની વૃદ્ધિને પહોંચી વળવા તેમજ કોલસા અને અન્ય સ્ત્રોતો પર નિર્ભરતા ઘટાડીને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા હાંસલ કરવા કેન્દ્ર અને રાજ્ય સરકાર કટિબદ્ધ છે. બિન-અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી મહત્તમ વીજળી ઉત્પાદનના ધ્યેયને પહોંળી વળવા તેમજ સૌરઊર્જા માટેની આપણી ક્ષમતાને વિસ્તારવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના કાર્યક્રમ અમલી કર્યો છે, જેમાં કચ્છમાં પ્રવાસન સ્થળ ધોરડોએ ગત વર્ષે ૧૦૦ ટકા સોલરાઈઝેશનની સિદ્ધિ પ્રાપ્ત કર્યા બાદ વર્તમાન સમયમાં તેના મીઠાફળ ચાખી રહ્યું છે. સૌરઊર્જાથી ગ્રામીણોના જીવનધોરણમાં મોટો ફેરફાર આવ્યો છે, ભારત-પાકિસ્તાન સરહદ નજીક વસેલા ભારતના આ ગામે કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે. ૮૧થી વધુ રહેણાંક સાથે સરકારી ઈમારતોમાં સોલાર લાગ્યા બાદ ૫૦૦થી વધુ વસતીના આ ગામનું વીજબીલ શૂન્ય થઈ ગયું છે. જેથી ગરીબ લોકોના જીવનમાં આર્થિક સદ્ધરતા પણ વધી છે.

ધોરડોના ૧૦૦ ટકા સોલારીકરણથી ગામના દરેક વીજ વપરાશકર્તાને વાર્ષિક ૧૬ હજારથી વધુનો આર્થિક લાભ થઈ રહ્યો છે. જેઓ હોમ સ્ટે કે અન્ય વેપાર સાથે સંકળાયેલા છે તેઓને મહિને આવતા તગડા બિલોથી રાહત થઈ છે, ઉપરથી વીજબચત થતાં સામેથી આવક થઈ રહી છે. આ પ્રોજેક્ટ થકી ધોરડોના ૮૫ રહેણાંક ઘરો માટે ૧૮૫ કિલોવોટની સોલાર રૂફટોપ કેપેસિટીથીથી વાર્ષિક ૩ લાખ યુનિટથી વધુ વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે. આ યોજનાના લીધે ગ્રામજનોને વીજળીના બિલમાં બચત થવાની સાથે વધારાના યુનિટના લીધે પણ આવક થઈ રહી છે. દર વર્ષે વીજળીમાં બચત અને વધારાના યુનિટના વેચાણથી કુલ ૧૪ લાખથી વધુનો લાભ ગ્રામજનોને થયો છે.

## સોલાર રૂફટોપથી ગ્રામજનોનું બિલ શૂન્ય થવા સાથે આવક થઇ રહી છે

ભુજ - કચ્છઉદય : આ બાબતે ધોરડો ગામના સરપંચ મિંયા હુસેને જણાવ્યું હતું કે, ભારત-પાકિસ્તાન બોર્ડર પરનું કચ્છ સરહદનું ધોરડો સૌથી છેલ્લું ગામ છે. સફેદ રણને વિશ્વફલક પર લઇ જનાર વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના કારણે આ ગામ તથા આસપાસના વિસ્તારોના લોકોની આર્થિક સદ્ધરતા અને જીવનધોરણ બદલાઇ ગયું છે. આ વિસ્તાર દુનિયાની નજરે વસ્યો છે. તેમાં વધુ એક કલગી સમાન આખા ગામના ઘરોમાં સોલાર રૂફટોપ લાગવાથી લોકોનું વીજબિલ સાવ શૂન્ય થઈ ગયું છે. ગરીબ લોકો માટે આ સૌથી મોટું આર્થિકબળ છે. દર વર્ષે વીજબીલના ૧૬ હજારથી વધુ નાણાની બચત લોકોની થઈ રહી છે. ઉપરાંત વીજ વેચાણની આવક થાય છે તે ફાયદારૂપ છે. તેઓ ઉમેરે છે કે, પહેલા મારા જ ઘરનું બીલ ૩ થી ૪ હજાર આવતું હતું, પરંતુ એક વર્ષથી ઘરે કોઇ બીલ જ નથી આવ્યું. સીધી રીતે મારી ૪૦થી હજારથી વધુની બચત થઇ છે.

સરકારની સબસિડી અને બેંકની લોનથી સફળ થયેલા આ પ્રોજેકટથી ગામના લોકોમાં અત્યંત ખુશીની લાગણી છે. તેમેણે વધુમાં જણાવ્યું હતું કે, ઘર સાથે અમે પ્રાથમિક શાળા-હાઈસ્કૂલ, હોસ્પિટલ, કોમ્યુનિટી હોલ, સરકારી કર્મચારીઓના કર્વાટસ સહિતની ઈમારતોમાં પણ સોલાર લગાવ્યા છે. જે રીતે સરહદી ગામ જાગૃત બનીને ઊર્જાક્ષેત્રે આત્મનિર્ભરતા કેળવીને પર્યાવરણના જતનમાં મદદગાર બની રહ્યું છે. તે જ રીતે કચ્છના તમામ ગામ તથા શહેરના નાગરિકો પણ આ યોજનામાં જોડાઈને સૌરઊર્જા પ્રણાલીને અપનાવે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

# ભુજ ખાતે પશુ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે નવી ક્રાંતિ : વેટરનરી સાયન્સ કોલેજનો પ્રારંભ





## કોલેજ દ્વારા દર વર્ષે આશરે ૧૦૦ વિદ્યાર્થીઓને વેટરનરી સાયન્સ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસની તક મળશે,

ભુજ - કચ્છઉદય : કચ્છ સહિત સમગ્ર ગુજરાતના પશુપાલકો, પશુપ્રેમીઓ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગૌરવની વાત છે કે ભુજ ખાતે કામધેનુ યુનિવર્સિટી સંચાલિત કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડ્રી હવે વધુ સુવ્યવસ્થિત રીતે શૈક્ષણિક અને પશુચિકિત્સા સેવાઓ માટે તૈયાર થઈ રહી છે. આ કોલેજ દ્વારા દર વર્ષે આશરે ૧૦૦ વિદ્યાર્થીઓને વેટરનરી સાયન્સ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસની તક મળશે, જેના કારણે કચ્છના વિદ્યાર્થીઓને હવે પોતાના જિલ્લામાં જ ગુણવત્તાસભર પશુચિકિત્સા શિક્ષણ પ્રાપ્ત કરવાની સુવિધા ઉપલબ્ધ બનશે.

આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી.એચ. ટાંક, વલમજીભાઈ હુંબલ, ચેરમેન મનોજભાઈ સોલંકી, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એચ. બી. પટેલ તેમજ ઓર્ગેનાઈઝર સેક્રેટરી ડૉ. કે. કે. હડિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કોલેજમાં આધુનિક પ્રયોગશાળાઓ, પશુ નિદાન માટેના અદ્યતન સાધનો, વેટરનરી ક્લિનિકલ કોમ્પ્લેક્સ, સંશોધન અને તાલીમની સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને માત્ર પુસ્તક આધારિત જ્ઞાન જ નહીં પરંતુ પશુ સારવાર, સર્જરી, રોગ નિયંત્રણ, પશુપોષણ અને પશુપાલન વ્યવસ્થાપન અંગે પ્રાયોગિક તાલીમ પણ આપવામાં આવશે. કચ્છ જિલ્લામાં પશુપાલન અને પશુ સંશોધન ક્ષેત્રે ઝડપી વિકાસ થઈ રહ્યો છે. માનકુવા ખાતે પશુ ઉત્પાદન અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા "રીજીયનલ લાઈવસ્ટોક રિસર્ચ સ્ટેશન" યોજનાને મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત મુંદ્રા ખાતે "પશુ વિજ્ઞાન કેન્દ્ર"ની સ્થાપના કરવામાં આવી છે, જે પશુપાલકો અને સંશોધકો માટે મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

ભુજ સ્થિત વેટરનરી સંકુલમાં શરૂ થયાના માત્ર આઠ મહિનામાં જ દરરોજ સરેરાશ ૩૦ થી ૩૫ પશુઓ સારવાર અને નિદાન માટે આવી રહ્યા છે. હાલમાં અહીં પર જેટલા ઉચ્ચ લાયકાત ધરાવતા ડોકટરો સેવા આપી રહ્યા છે, જેમાં માસ્ટર ડિગ્રી અને પીએચ.ડી. કરેલા નિષ્ણાતોનો સમાવેશ થાય છે. કામધેનુ યુનિવર્સિટી દ્વારા સંચાલિત બીવીએસસી એન્ડ એએચ અભ્યાસક્રમ રાજ્ય અને દેશભરમાં પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. વેટરનરી ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ કોલેજ એક ઉત્તમ તક બની રહેશે. નીટ આધારિત પ્રવેશ પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગુજરાત રાજ્યમાં હાલમાં કામધેનુ યુનિવર્સિટી હેઠળ કુલ ૬ વેટરનરી કોલેજો કાર્યરત છે, જે રાજ્યના પશુપાલન અને પશુચિકિત્સા ક્ષેત્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. ભુજ ખાતેની આ કોલેજ કચ્છ પ્રદેશ માટે પશુ આરોગ્ય, સંશોધન અને આધુનિક પશુપાલન પદ્ધતિઓના પ્રસારનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. કચ્છ માટે આ માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, પરંતુ પશુપાલન, પશુ આરોગ્ય અને ગ્રામ વિકાસના ક્ષેત્રે નવી ક્રાંતિની શરૂઆત છે. ભુજમાં વેટરનરી સાયન્સ કોલેજનો પ્રારંભ આવનારી પેઢી માટે નવી તકો અને સમગ્ર પ્રદેશ માટે વિકાસના નવા દ્વાર ખોલશે.

# ૨૦૧૦ પૂર્વે નિયુક્ત ૨૫ લાખ શિક્ષકોના હિતોના સંરક્ષણ માટે કેન્દ્ર સરકાર હસ્તક્ષેપ કરે

## ૧૮ જૂને જિલ્લા મુખ્યાલયોએ શાંતિપૂર્ણ ધરણા-પ્રદર્શન, પ્રશ્નો ન ઉકેલાય તો ૨૮ જૂને રાજકોટ પ્રાંત કારોબારી બેઠકમાં આગામી રણનીતિ નક્કી થશે : અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ




અમદાવાદ - કચ્છઉદય : અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ—ગુજરાત દ્વારા પ્રાંત સ્તરીય પ્રેસ વાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ ૨૦૧૦ પૂર્વે નિયુક્ત સમગ્ર ભારતના અંદાજે ૨૫ લાખ તથા ગુજરાતના આશરે ૭૫ હજાર શિક્ષકોના સેવા હિતોના સંરક્ષણ માટે કેન્દ્ર સરકાર સમક્ષ કાયદાકીય અને નીતિગત હસ્તક્ષેપ કરવાની માંગ કરવામાં આવી હતી.

પ્રેસ વાર્તામાં જણાવાયું હતું કે તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૧૦ના રોજ એનસીટીઈ દ્વારા જાહેર કરાયેલી શિક્ષક પાત્રતા પરીક્ષા સંબંધિત અધિસૂચના તથા માનનીય સર્વોચ્ચ ન્યાયાલયના તા. ૨૯ મે, ૨૦૨૬ના નિર્ણયના અનુસંધાનમાં વર્ષ ૨૦૧૦ પૂર્વે નિયુક્ત થયેલા શિક્ષકોના હિતો અંગે સંગઠન દ્વારા ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. કે લાખો શિક્ષકોના સેવા હિતો, વરિષ્ઠતા, બઢતી અને અન્ય પ્રાપ્ત અધિકારોને અસર થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર યોગ્ય કાયદાકીય, નીતિગત તથા વહીવટી ઉકેલ લાવે તેવી માંગ કરવામાં આવી છે.

આ સંદર્ભે તા. ૧૮ જૂનના રોજ ગુજરાતના તમામ જિલ્લા મુખ્યાલયોએ મોટી સંખ્યામાં શિક્ષકો અને માતૃશક્તિ દ્વારા શાંતિપૂર્ણ તથા શિસ્તબદ્ધ ધરણા-પ્રદર્શન યોજાશે. જિલ્લા કલેક્ટર મારફતે પ્રધાનમંત્રી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવશે. સંગઠને જણાવ્યું કે, તમામ કાર્યક્રમો સંપૂર્ણપણે કાયદા અને લોકશાહી મર્યાદાઓમાં રહીને યોજવામાં આવશે તેમ છતાં પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો અખિલ ભારતીય સ્તરે ઘડાનાર આગામી આંદોલનાત્મક કાર્યક્રમોમાં ગુજરાતના શિક્ષકો મોટી સંખ્યામાં જોડાશે.

મહાસંઘે જણાવ્યું કે અગાઉ યોજાયેલી બે પ્રદેશ કારોબારી બેઠકોમાં શિક્ષકોના વિવિધ પ્રશ્નો અંગે રાજ્યના શિક્ષણમંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતી તેમજ ત્યારબાદ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને પણ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું છતાં હજુ સુધી આ મુદ્દાઓના ઉકેલ માટે સંગઠન સાથે કોઈ સત્તાવાર ચર્ચા યોજાઈ નથી.

આ ઉપરાંત તા. ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલાં નિયુક્ત જૂની પેન્શન યોજનાના પાત્ર નિવૃત્ત શિક્ષકો અને કર્મચારીઓને તાત્કાલિક પેન્શન શરૂ કરવા, તેમના બાકી રહેલા જીપીએફ એકાઉન્ટના ઓર્ડરો બહાર પાડવા તથા શિક્ષણ ક્ષેત્રના વિવિધ સંવર્ગોને લગતા મુખ્ય પડતર પ્રશ્નોનો સમયબદ્ધ અને હકારાત્મક ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી છે. મહાસંઘે આશા વ્યક્ત કરી છે કે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ શિક્ષકો તથા શિક્ષણ વ્યવસ્થાના હિતમાં સંગઠન સાથે રચનાત્મક ચર્ચા કરીને યોગ્ય ઉકેલ લાવશે. જો આ મુદ્દાઓ અંગે યોગ્ય પ્રગતિ નહીં થાય તો તા. ૨૮ જૂન, ૨૦૨૬ના રોજ રાજકોટ ખાતે યોજાનારી પ્રાંત કારોબારી બેઠકમાં આગામી કાર્યક્રમો અને રણનીતિ અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે એવું એબીઆરએસએમ ગુજરાત-અધ્યક્ષ મિતેશભાઈ ભટ્ટ અને મહામંત્રી પરેશભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે.

## માંડવી બીચ ખાતે "પર્યટન પર્વ" નિમિતે ભવ્ય લોકડાયરો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકારના રમતગતમ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર, કચ્છ ધ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, કચ્છ-ભુજ દ્વારા સંચાલિત ગુજરાતના પર્યટન સ્થળો પર મુલાકાત લેતા પર્યટકોને વિભિન્ન પ્રકારની ઝાંખી મળે તથા "પર્યટન પર્વ" સ્થળને વધુ ઉર્જાવાન બનાવવાની વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી શકાય તેવા હેતુથી "પર્યટન પર્વ" નિમિતે લોકડાયરો તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૧૪/૬ના સાંજે ૫ કલાકથી માંડવી બીચ, માંડવીખાતે કરવામાં આવેલ છે, જેમાં નામાંકીત કલાકારો દ્વારા લોકડાયરો, સાંસ્કૃતિકની પ્રસ્તુતિઓ કરવામાં આવનાર છે.

# ભુજ નગરપાલિકા દ્વારા નાલા સફાઈના કામોની સમીક્ષા કરાઈ





ભુજ - કચ્છઉદય : આગામી ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાં શરૂ કરાયેલ નાલા સફાઈની ભુજ નગરપાલિકાના પદાધિકારીઓ પ્રમુખ શીતલભાઈ શાહ, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી તેમજ શાસકપક્ષના નેતા ધર્મેશભાઈ ગોર, નગરપાલિકાના સેનિટેશન શાખાની ટીમ તેમજ નાલા સફાઈના કોન્ટ્રાક્ટર સાથે જ્યાં જ્યાં નાલા સફાઈ ચાલુ છે ત્યાંની સ્થળ મુલાકાત લઈ થઈ રહેલા કામોની સમીક્ષા કરાઈ હતી.

આ અંગે ભુજ નગરપાલિકા પ્રમુખ શીતલભાઈ શાહે જણાવ્યું હતું કે, ગત સપ્તાહથી પ્રી-મોન્સૂન નાલા સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે નગરપાલિકાની સેનિટેશન શાખાની ટીમ તેમજ નાલા સફાઈની એજન્સીને ચોમાસાના આગમન પહેલા કામગીરી સત્વરે ચોક્કસાઈપૂર્વક પૂર્ણ કરવા ટકોર કરી છે, જેમકે આવને અડચણરૂપ પુર પથ્થર, ઝાડી, કચરો વગેરે ધ્યાનથી સફાઈ કરવી, નાલામાં કોઈ પણ પ્રકારનો કચરો રહી ન જાય તથા કચરાનું જેસીબી તેમજ ટ્રેક્ટર દ્વારા ડમ્પીંગ સાઈટ પર નિકાલ કરવામાં આવે તેની હિદાયત આપવામાં આવી હતી. આગામી દિવસોમાં ભુજ શહેરમાં આવતા તમામ નાળાઓની સફાઈ કરવામાં આવશે, જેથી કરીને ભુજના હૃદયસમા હમીરસર તળાવમાં નવા નીર આવે તેમજ ભુજ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઉદ્દભવે નહીં.

# આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬: ઈંગ્લેન્ડે શ્રીલંકાને ૮૭ રને હરાવ્યું

(એજન્સી દ્વારા)

લંડન : વિશ્વભરમાં ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની ચર્ચા થઈ રહી છે.ત્યારે આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની પણ ઈંગ્લેન્ડમાં શરૂઆત થઈ ગઈ છે. ફૂટબોલ વર્લ્ડ કપ શરૂ થયાના લગભગ ૨૩ કલાક પછી ઈંગ્લેન્ડમાં મહિલા ટી૨૦ વર્લ્ડ કપ શરૂ થયો હતો અને યજમાન ટીમે પ્રથમ મેચમાં જ રેકોર્ડ સ્કોર સાથે શાનદાર વિજય મેળવ્યો હતો. સ્ટાર બેટ્સમેન ડેની વ્યાટ-હોજે બર્મિંગહામમાં ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં શાનદાર સદી ફટકારી હતી, જેના કારણે ઈંગ્લેન્ડે ૨૧૯ રનનો રેકોર્ડ સ્કોર કર્યો હતો અને શ્રીલંકાને ૮૭ રનથી હરાવ્યું હતું. ૧૨ ટીમોનો ટી૨૦ વર્લ્ડ કપ શુક્રવારે સાંજે એજબેસ્ટન સ્ટેડિયમ ખાતે શરૂ થયો હતો, જેમાં ગ્રુપ ૨ ની આ બે ટીમો આમને-સામને હતી. યજમાન ઈંગ્લેન્ડે મેચમાં ફેવરિટ



## ડેની વ્યાટે ડેબ્યૂમાં ફટકારી સદી

તરીકે પ્રવેશ કર્યો હતો, પરંતુ થોડા લોકો આવી એકતરફી જીતની આગાહી કરી શક્યા હોત. આ ઈંગ્લેન્ડની મજબૂત બેટિંગને કારણે થયું હતું. અનુભવી ઓપનિંગ જોડી ડેની વ્યાટ અને એમી જોન્સે પહેલી વિકેટ માટે ૧૩૫ રનની ભાગીદારી નોંધાવી, જે શ્રીલંકાના કુલ સ્કોર કરતાં વધુ હતી. આ સમયગાળા દરમિયાન, એમી જોન્સે ૫૩ રન બનાવ્યા, જ્યારે ડેની વ્યાટ માત્ર અડધી સદી સુધી જ અટકી નહીં. તેણીએ ૬૧ બોલમાં પોતાની ત્રીજી ટી૨૦ સદી ફટકારી, જેનાથી ઈંગ્લેન્ડનો સ્કોર ૨૦૦ રનના આંકને પાર કરવામાં મદદ મળી. તે ૬૨ બોલમાં ૧૦૫ રન ફટકાર્યા બાદ અણનમ રહી. આ દરમિયાન, કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટે માત્ર ૨૨ બોલમાં ૪૬ રન ફટકાર્યા. આનાથી ઈંગ્લેન્ડે માત્ર એક વિકેટ ગુમાવીને ૨૧૯ રન બનાવ્યા, અને મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ સ્કોરનો નવો રેકોર્ડ બનાવ્યો. હવે, જો શ્રીલંકાને આટલો મોટો લક્ષ્ય હાંસલ કરવો હોય, તો તેમને ઈંગ્લેન્ડની જેમ ઓપનિંગની જરૂર હતી. ટીમનું ધ્યાન ખાસ કરીને તેના અનુભવી કેપ્ટન ચમારી અટાપટ્ટુ પર હતું, જેમણે પહેલા ઘણી વખત ટીમને બચાવી હતી. જોકે, શ્રીલંકાની ઈનિંગ્સના પહેલા ૨૦ બોલમાં, અટાપટ્ટુ (૬) સહિતની ઓપનિંગ જોડી આઉટ થઈ ગઈ હતી, અને શ્રીલંકાની વાપસીની શક્યતા ઓછી હતી. એક પછી એક વિકેટ પડી અને ટીમ હાર તરફ આગળ વધતી રહી. હર્ષિતા સમરવિક્રમા (૨૯) અને નીલકશિકા સિલ્વા (૩૯) એ ટીમને ૧૦૦ રનનો આંકડો પાર કરવામાં મદદ કરવા માટે કેટલાક રન ઉમેર્યા. આખરે, ટીમ ૧૩૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

# ટીમ ઈન્ડિયાના આયર્લેન્ડ પ્રવાસ પર સંકટના વાદળ!

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ટીમ ઈન્ડિયા હાલમાં અફઘાનિસ્તાનની યજમાની કરી રહી છે. એકમાત્ર ટેસ્ટ મેચ બાદ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચોની વન-ડે સિરિઝ આજથી શરૂ થઈ રહી છે. આ સિરિઝ પૂરી થતાં જ ભારતીય ખેલાડીઓ યુકેના પ્રવાસે જશે. ભારતને આયર્લેન્ડ સામે બે મેચની ટી૨૦ સિરિઝ રમવાની છે, ત્યારબાદ ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ જવા રવાના થશે. જોકે, બેલફાસ્ટમાં ફાટી નીકળેલી હિંસાના કારણે ભારતના આયર્લેન્ડ પ્રવાસ પર સંકટના વાદળો ઘેરાયા છે. ક્રિકેટ આયર્લેન્ડે આ અંગે એક સત્તાવાર નિવેદન પણ જારી કર્યું છે. હાલમાં એ કન્ફર્મ નથી કે ભારતની મેચ બેલફાસ્ટથી અન્ય કોઈ સ્થળે શિફ્ટ થશે કે પછી આ આખો પ્રવાસ જ રદ કરી દેવામાં આવશે. ભ્રઝ્રૈં અને ક્રિકેટ આયર્લેન્ડ હાલની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. જો ભારતનો આયર્લેન્ડ પ્રવાસ રદ



થશે તો વૈભવ સૂર્યવંશીએ ડેબ્યૂ માટે વધુ રાહ જોવી પડી શકે છે.

લિસબર્નમાં યોજાનારો ઈન્ટર-પ્રોવિન્શિયલ ૨૦ ફેસ્ટિવલ રદ કરી દેવામાં આવ્યો છે. ગુરુવારે ક્રિકેટ આયર્લેન્ડે પુષ્ટિ કરી છે કે રવિવારે યોજાનારી આઈરિશ સિનિયર કપ અને નેશનલ કપની મેચો અંગે આગામી ૪૮ કલાકમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે.

ક્રિકેટ આયર્લેન્ડે એક સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, ‘ક્રિકેટ આયર્લેન્ડ હાલમાં જે વિસ્તારોમાં અશાંતિનો માહોલ છે ત્યાની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને આ રવિવારે યોજાનારી આઈરિશ સિનિયર કપ અને નેશનલ કપની મેચો અંગે આગામી ૪૮ કલાકમાં નિર્ણય લેવામાં આવશે.’ નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું કે, ‘અમે સંબંધિત અધિકારીઓ અને અમારા પ્રોવિન્શિયલ યુનિયનો સાથે સતત સંપર્કમાં છીએ. ખેલાડીઓ, કોચ, મેચ અધિકારીઓ અને સમર્થકોની સુરક્ષા અમારા માટે સૌથી મહત્વપૂર્ણ છે. આ અંગે જેમ જેમ વધુ માહિતી મળશે, તેમ તેમને જાણ કરવામાં આવશે.’ એક અહેવાલ પ્રમાણે બીસીસીઆઈ પણ બેલફાસ્ટની સ્થિતિ પર બાજ નજર રાખી રહ્યું છે. સિરિઝ શરૂ થતાં પહેલા બેલફાસ્ટમાં વણસેલી સ્થિતિએ બીસીસીઆઈની ચિંતા વધારી દીધી છે. તાજેતરમાં બેલફાસ્ટમાં થયેલી ચાકુબાજીની એક ઘટના બાદ પ્રવાસીઓ વિરુદ્ધ હિંસા ફાટી નીકળી છે. હુમલાનો વીડિયો વાઈરલ થયા બાદ વંશીય તણાવ વધી ગયો છે અને ઘણા વિસ્તારોમાં હિંસક પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. બુકાનીધારી પ્રદર્શનકારીઓએ અનેક વાહનોને આગ ચાંપી દીધી છે, દુકાનો તથા વ્યાપારિક પ્રતિષ્ઠાનોને નિશાન બનાવ્યા છે અને જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

બીસીસઆઈના એક સૂત્રએ જણાવ્યું કે બેલફાસ્ટની વર્તમાન પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે. બંને મેચ ક્યાં યોજાશે તે આયર્લેન્ડ ક્રિકેટ બોર્ડ પર નિર્ભર રહેશે. જો તેમની તરફથી કોઈ રિક્વેસ્ટ આવશે તો અમે તેના પર વિચાર કરીશું.

# ટીમ ઈન્ડિયા : વિરાટ કોહલી કરશે વાપસી!

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની વન-ડે સીરિઝમાંથી વિરાટ કોહલી બહાર થઈ ગયો છે. આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ દરમિયાન કોહલીને હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી. અફઘાનિસ્તાન સામેની સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરતી વખતે આઈસીસીએ કહ્યું હતું કે જો તે ફિટ રહેશે તો તે રમી શકશે જોકે, કોહલી સંપૂર્ણ ફિટનેસ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયો અને પરિણામે તે અફઘાનિસ્તાન સામેની સીરિઝમાંથી બહાર થઈ ગયો. હવે વિરાટ કોહલીની વાપસી અંગે સારા સમાચાર સામે આવ્યા છે. વિરાટ કોહલી વન-ડે ક્રિકેટમાં ભારતનો સૌથી મહત્વપૂર્ણ બેટ્સમેન છે, અને તેની ગેરહાજરી ચોક્કસપણે અફઘાનિસ્તાન સામેની સીરિઝમાં ચાહકોને અનુભવાશે. જોકે, મીડિયા રિપોર્ટ અનુસાર વિરાટ કોહલી તેની હેમસ્ટ્રિંગ ઈજામાંથી ઝડપથી સ્વસ્થ થઈ રહ્યો છે. કોહલી હાલમાં પુનર્વસનમાંથી પસાર થઈ રહ્યો છે અને આવતા મહિને મેદાનમાં પાછો ફરી શકે છે. અહેવાલ સૂચવે છે કે કોહલી ઈંગ્લેન્ડ સામેની વન-ડે સીરિઝમાં રમતા જોવા મળી શકે છે. વિરાટ કોહલી હાલમાં તેની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને આગામી



દિવસોમાં બેંગલુરુમાં બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સમાં હાજરી આપશે. ટીમ ઈન્ડિયા માટે ફરીથી વનડે રમી શકે તે પહેલાં કોહલીએ ત્યાં પોતાની ફિટનેસ સાબિત કરવી પડશે. તાજેતરમાં, રોહિત શર્મા અને હાર્દિક પંડ્યાએ ફિટનેસ ટેસ્ટ આપ્યો હતો. વિરાટને પણ આ જ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. આ પછી, તે ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વન-ડે શ્રેણીમાં ચમકી શકે છે.

# વૈભવ સૂર્યવંશીનો નાનો ભાઈ પણ ચમકી ગયો: ૨૦ ચોગ્ગા ફટકાર્યા



(એજન્સી દ્વારા) પટના: બિહારનો ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી બે વર્ષથી ક્રિકેટની દુનિયામાં ધમાલ મચાવી રહ્યો છે એમાં હવે તેનો નાનો ભાઈ આશીર્વાદ સૂર્યવંશી પણ ચમકી ગયો છે અને એક સ્થાનિક ટૂર્નામેન્ટની મૅચમાં તેણે સેન્ચુરી ફટકારી એને લીધે સોશ્યલ મીડિયામાં છવાઈ ગયો છે. તેના આ પર્ફોર્મન્સથી ખુશ થઈને સૌથી મોટા ભાઈ ઉજ્જ્વલે ઈન્સ્ટાગ્રામ પર હાર્ટના ત્રણ ઈમોજી સાથે સ્ટોરી, ફૉટો તથા સ્કોરકાર્ડ શૅર કર્યા હતા. ખુદ ઉજ્જ્વલ પણ સારું ક્રિકેટ રમે છે. આશીર્વાદ ૧૦ વર્ષનો છે. તે પણ વૈભવની જેમ ઓપનિંગમાં બૅટિંગ કરે છે. આશીર્વાદે સમસ્તીપુરની સ્થાનિક ટૂર્નામેન્ટની પ્રૅક્ટિસ મૅચમાં ૮૭ બૉલમાં એક છગ્ગા અને ૨૦ ચોગ્ગાની મદદથી ૧૦૩ રન બનાવ્યા હતા. તે તેના આ સ્કોર પર પ્રશાંત રાજના બૉલમાં આયુષ સિંહના હાથમાં કૅચઆઉટ થયો હતો.

# વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૭માં બાંગ્લાદેશ બનશે ભારત-ઓસ્ટ્રેલિયા જેવી મોટી ટીમો માટે ખતરો?


(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈસીસી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે ક્રિકેટ જગતમાં અત્યારથી જ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ભારત, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા જેવી દિગ્ગજ ટીમો ખિતાબની મુખ્ય દાવેદાર માનવામાં આવે છે, પરંતુ આ દરમિયાન બાંગ્લાદેશ પણ ધીમે-ધીમે પોતાની મજબૂત દાવેદારી રજૂ કરી રહી છે. વર્ષો સુધી એવરેજ પ્રદર્શન અને આઈસીસી ટૂર્નામેન્ટોમાં નિરાશાજનક દેખાવ માટે ટીકાનો સામનો કરનારી આ ટીમ હવે સંપૂર્ણપણે બદલાયેલી નજરે પડી રહી છે. તાજેતરમાં બાંગ્લાદેશે પાકિસ્તાન સામે તેની ધરતી પર વનડે શ્રેણી જીતી હતી. ત્યારબાદ ટીમે ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાને પણ હરાવ્યા હતા.



ભલે બંને ટીમો પોતાના કેટલાક સ્ટાર ખેલાડીઓ વિના રમતી હતી, પરંતુ બાંગ્લાદેશે જે રીતે મેચો પર પ્રભુત્વ જમાવ્યું તે ક્રિકેટ નિષ્ણાતોનું ધ્યાન ખેંચવા માટે પૂરતું હતું. આ જીતોએ સાબિત કર્યું છે કે ટીમ હવે માત્ર ઘરેલુ પરિસ્થિતિઓનો લાભ લઈને જ નહીં, પરંતુ પોતાની ક્ષમતાના આધારે પણ સફળતા મેળવી રહી છે. અત્યાર સુધી બાંગ્લાદેશ પર સ્પિન-ફ્રેન્ડલી પિચો તૈયાર કરીને જીત મેળવવાના આરોપ લાગતા રહ્યા હતા. પરંતુ આ વખતે ચિત્ર સંપૂર્ણપણે અલગ રહ્યું છે. ટીમે પેસરોને અનુકૂળ પિચો પર વિરોધી ટીમોને હરાવી છે. ખાસ કરીને પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ઝડપી બોલિંગ ધરાવતી ટીમો સામે તેમની જીતે દર્શાવ્યું છે કે બાંગ્લાદેશ હવે નવી ઓળખ બનાવી રહ્યું છે.

# સચિન તેંડુલકર તેના પરિવાર સાથે પ્રાઇવેટ ફ્લાઇટમાં ક્રિકેટ રમતા જોવા મળ્યા



(એજન્સી દ્વારા) મુંબઈ : સચિન તેંડુલકર તેના પરિવાર સાથે પ્રાઈવેટ ફ્લાઈટમાં ક્રિકેટ રમતા જોવા મળ્યા હતા. ૫૩ વર્ષીય ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેનએ શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ ઘટનાનો ૩૧ સેકન્ડનો વીડિયો શેર કર્યો હતો. તેમણે લખ્યું હતું કે, ’ઊંચાઈ ગમે તેટલી હોય, વલણ બદલાવું જોઈએ નહીં.’ આ વીડિયોમાં, સચિન તેની પુત્રી સારા તેંડુલકર અને પુત્રવધૂ સાનિયા ચાંડોક સાથે ક્રિકેટ રમતા જોવા મળે છે, જેમાં તે બેટ ઊંધું રાખીને બોલિંગ કરી રહી છે. સાનિયા બોલિંગ કરી રહી છે, જ્યારે સારા તેના એક બોલ પર સચિનને કેચ કરી રહી છે. ત્યારબાદ ત્રણેય હસતા અને હળવાશભર્યા ક્ષણનો આનંદ માણતા જોવા મળે છે.

# ‘વીરૂ’ના સ્પેશિયલ ક્લબમાં સામેલ થશે ‘હિટમેન’



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની વન-ડે શ્રેણીની પહેલી મેચ સ્ટાર બેટ્સમેન રોહિત શર્મા માટે ખાસ રહેશે. તે આ મેચમાં એક એવી સિદ્ધિ હાંસલ કરી શકે છે, જે માત્ર એક જ ભારતીય ખેલાડી હાંસલ કરી શક્યો છે. આ સિવાય ત્રણ મેચની સિરીઝમાં કુલ ૧૨૬ રન બનાવી દિગ્ગજ ભારતીય ઓપનરને પણ પાછળ છોડી શકે છે.

“હિટમેન” તરીકે જાણીતા રોહિત શર્માને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઓપનર તરીકે ૧૬,૦૦૦ રન પૂરા કરવા માટે હવે ફક્ત છ રનની જરૂર છે. ધર્મશાલાના મેદાન પર છ રન બનાવતાની સાથે જ રોહિત ક્રિકેટ ઈતિહાસના એક ખાસ ક્લબમાં જોડાઈ જશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઓપનર તરીકે ૧૬,૦૦૦ રન પૂરા કરવા એ કોઈપણ બેટ્સમેન માટે એક સ્વપ્ન હોય છે. રોહિત શર્મા આ સિદ્ધિ મેળવનાર બીજો ભારતીય ઓપનર બનશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત માટે ઓપનિંગ બેટ્સમેન તરીકે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ હાલમાં “મુલ્તાનના સુલતાન” વીરેન્દ્ર સેહવાગના નામે છે. સેહવાગે પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ઓપનર તરીકે કુલ ૧૬,૧૧૯ રન બનાવ્યા છે. રોહિત શર્માએ પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત મિડલ ઓર્ડર બેટ્સમેન તરીકે કરી હતી, જ્યાં તેના પ્રદર્શનમાં ઉતાર-ચઢાવ આવતો રહ્યો. પરંતુ જ્યારે તેને ૨૦૧૩માં ઓપનિંગની જવાબદારી સોંપવામાં આવી, ત્યારબાદ તેનું નસીબ ચમક્યું. હવે, તે ઈતિહાસ રચવાની કગાર પર છે.

# ક્રિકેટ જગતના ‘જેન્ટલમેન’ કેન વિલિયમસનની નિવૃત્તિની જાહેરાત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : વિશ્વ ક્રિકેટના આધુનિક યુગના સૌથી શાંત અને ભરોસાપાત્ર બેટ્સમેનોમાં જેમની ગણતરી થાય છે તેવા ન્યૂઝીલેન્ડના પૂર્વ ક્રિકેટ ટીમ કેપ્ટન કેન વિલિયમસને ક્રિકેટ ચાહકોને મોટો આંચકો આપ્યો છે. બ્લેકકેપ્સના આ મહાન ખેલાડીએ ૧૨ જૂન ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી તાત્કાલિક અસરથી નિવૃત્તિની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ ધરાવતા ૩૫ વર્ષીય વિલિયમસને ભાવુક થઈને જણાવ્યું કે, આ નિર્ણય પાછળ તેઓ લાંબા સમયથી વિચારમંથન કરી રહ્યા હતા.




સત્તાવાર નિવેદનમાં કેન વિલિયમસને જણાવ્યું કે, “હું લાંબા સમયથી આ નિવૃત્તિ વિશે વિચારી રહ્યો હતો, પરંતુ છેલ્લા કેટલાક દિવસોની અંદર જ મને સંપૂર્ણ સ્પષ્ટતા થઈ ગઈ કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહેવાનો હવે આ જ સૌથી યોગ્ય અને સાચો સમય છે.”

# ખાલી સીટો, મોંઘી ટિકિટો અને માર્ગો પર હોબાળો... ફિફાના દાવાની પોલ ખૂલી ગઈ

(એજન્સી દ્વારા)

લંડન : ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની શરૂઆત જેટલી ભવ્ય અને રોમાંચક થવાની અપેક્ષા રાખવામાં આવી હતી, ટૂર્નામેન્ટ તેના પહેલા જ દિવસે તેટલી જ ઝડપથી વિવાદો અને ગંભીર પ્રશ્નોના ઘેરાવામાં આવી ગઈ છે. એક તરફ મેક્સિકો સિટીના ઐતિહાસિક એઝટેકા સ્ટેડિયમમાં રંગારંગ ઉદ્ઘાટન સમારોહ અને યજમાન મેક્સિકોની જીતનો જશ્ન જોવા મળ્યો, તો બીજી તરફ સ્ટેડિયમોમાં ખાલી બેઠકો, ટિકિટોના આસમાને પહોંચેલા ભાવ અને રસ્તાઓ પર થયેલા હિંસક વિરોધ પ્રદર્શનોએ ફિફા મેનેજમેન્ટ માટે મોટી મુશ્કેલીઓ ઊભી કરી દીધી છે. ટૂર્નામેન્ટની બીજી મેચમાં જ્યારે દક્ષિણ કોરિયા અને ચેકિયાની ટીમો ગ્વાડાલાહારામાં આમને-સામને હતી, ત્યારે સ્ટેડિયમનો




નજારો ચોંકાવનારો હતો. ટીવી પ્રસારણ દરમિયાન સ્ટેડિયમના અનેક મહત્ત્વના ભાગો, ખાસ કરીને વીઆઈપી સેક્શનમાં મોટી સંખ્યામાં બેઠકો સાવ ખાલી જોવા મળી હતી. જોકે, સ્ટેડિયમ સંચાલકોએ એવો દાવો કર્યો હતો કે ૪૫,૬૬૪ની ક્ષમતા ધરાવતા આ સ્ટેડિયમમાં ૪૪,૯૮૫ દર્શકો હાજર હતા. ફિફાએ પણ સત્તાવાર રીતે માત્ર ૭૦૦ જેટલી બેઠકો ખાલી હોવાનું જણાવ્યું હતું.

# ઘરઆંગણે અમેરિકાનો પરાગ્વે સામે ધમાકો : ૪-૧થી જીત

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : વૈશ્વિક ફૂટબોલના સૌથી મહાકુંભ ’ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬’ની ધમાકેદાર શરૂઆત થઈ ચૂકી છે. સહ-યજમાન દેશોએ પોતાના ઘરઆંગણે ચાહકોને રોમાંચથી ભરી દીધા છે. કેલિફોર્નિયાના ઈન્ગલવુડ સ્થિત પ્રતિષ્ઠિત સોફી સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ-ઢની હાઈ-વોલ્ટેજ મેચમાં યજમાન અમેરિકાએ પરાગ્વેને ૪-૧ના મોટા અંતરથી હરાવીને ટૂર્નામેન્ટમાં રણશિંગું ફૂંક્યું છે. બીજી તરફ, અન્ય સહ-યજમાન દેશ કેનેડાએ પણ જોરદાર વાપસી કરીને બોસ્નિયા-હર્ઝેગોવિના સામેની મેચ ૧-૧થી ડ્રો કરાવી મહત્ત્વનો એક પોઈન્ટ મેળવ્યો છે. વર્ષ ૧૯૯૪ પછી પહેલીવાર પોતાના હોમ ગ્રાઉન્ડ પર વર્લ્ડ કપ રમી રહેલી યુએસએની ટીમ શરૂઆતથી જ વિસ્ફોટક મૂડમાં જોવા મળી હતી.




અમેરિકાએ શરૂઆતથી જ આક્રમણ વધારીને પરાગ્વેને પ્રેશરમાં લાવી દીધું હતું. મેચની શરૂઆતમાં જ પરાગ્વેના ડિફેન્ડર ડેમિયન બોબાડિલાએ એક મોટી ભૂલ કરી પોતાનામાં જ ગોલ કરી દીધો હતો, જેના કારણે અમેરિકાને ૧-૦ની મફત લીડ મળી ગઈ. આ મેચનો અસલી હીરો ફોલારિન બાલોગુન રહ્યો હતો. ૩૧મી મિનિટે કેપ્ટન ક્રિશ્ચિયન પુલિસિચના શાનદાર થ્રૂ પાસને બાલોગુને ગોલમાં ફેરવી સ્કોર ૨-૦ કર્યો. આ પહેલાં તેનો એક ગોલ ઓફસાઈડ જાહેર થયો હતો. પ્રથમ હાફના ઈન્જરી ટાઈમમાં બાલોગુને માલિક ટિલમેનના પાસ પર બે ડિફેન્ડરોને હંફાવીને એક અદ્ભુત કર્લિંગ શોટ વડે બોલને ટોપ કોર્નરમાં મોકલી અમેરિકાને ૩-૦ની મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું.

## કેનેડાએ હાર ટાળી: કાઇલ લારિને બચાવ્યો ડ્રો

ટોરોન્ટોમાં રમાયેલી ગ્રુપ સ્ટેજની અન્ય એક રોમાંચક મેચમાં સહ-યજમાન કેનેડાએ બોસ્નિયા-હર્ઝેગોવિના સામે ૧-૧થી ડ્રો રમીને હારનું સંકટ ટાળ્યું હતું. મેચની ૨૧મી મિનિટે જ બોસ્નિયાના જોવો લુકિચે શાનદાર હેડર વડે ગોલ કરીને કેનેડાને આંચકો આપ્યો હતો અને પોતાની ટીમને ૧-૦થી આગળ કરી દીધી હતી. કેનેડાની ટીમ લાંબા સમય સુધી ગોલ કરવા માટે સંઘર્ષ કરતી રહી. સુપર સબ લારિનનો જાદુ: મેચના બીજા હાફમાં કોચનો એક નિર્ણય માસ્ટરસ્ટ્રોક સાબિત થયો. ૭૬મી મિનિટે સબ્સ્ટિટ્યૂટ તરીકે મેદાનમાં આવેલા કાઈલ લારિને બે જ મિનિટ બાદ એટલે કે ૭૮મી મિનિટે પ્રોમિસ ડેવિડના શાનદાર આસિસ્ટ પર ગોલ ફટકારી સ્ટેડિયમને ગૂંજવી દીધું હતું. આ ગોલ કેનેડા માટે ઐતિહાસિક છે કારણ કે વર્લ્ડ કપના ઈતિહાસમાં કેનેડાનો આ માત્ર બીજો ગોલ છે (આ પહેલાં તેઓ ૧૯૮૬ અને ૨૦૨૨ વર્લ્ડ કપમાં એક પણ મેચ જીતી શક્યા નહોતા). આ રોમાંચક ડ્રો સાથે કેનેડાએ ટૂર્નામેન્ટનો પોતાનો પ્રથમ પોઈન્ટ મેળવી મનોબળ મજબૂત કર્યું છે.

# ‘એક વ્યક્તિએ મુત્યુની ૫ સેકન્ડ પહેલા સુધી નિવૃત્ત ન થવું જોઈએ’ : અક્ષય

*(એજન્સી દ્વારા) મુંબઈ : અક્ષય કુમારે પોતાની આગામી ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’ના ટ્રેલર લોન્ચ દરમિયાન નિવૃત્તિ અને કામ પ્રત્યેના પોતાના અભિગમ અંગે રસપ્રદ વાતો કરી હતી. તેણે જણાવ્યું હતું કે વ્યક્તિએ જીવનના અંતિમ શ્વાસ સુધી કામ કરતા રહેવું જોઈએ અને ક્યારેય નિવૃત્તિ લેવાનું વિચારવું જોઈએ નહીં. મુંબઈમાં યોજાયેલા ભવ્ય ટ્રેલર લોન્ચ*



*કાર્યક્રમમાં અક્ષય કુમાર ઉપરાંત જેકી શ્રોફ, અર્શદ વારસી, દિશા પટ્ટણી, જેકલિન ફર્નાન્ડિઝ, તુષાર કપૂર, યશપાલ શર્મા, જોની લીવર, આફતાબ શિવદાસાની, શ્રેયસ તલપદે, રાજપાલ યાદવ, કૃષ્ણા અભિષેક, પુનીત ઈસ્સાર, સંવાદ લેખક ફરહાદ સામજી, ડિરેક્ટર અહેમદ ખાન, નિર્માતા અજિત અંધારે અને સહ-નિર્માતા શાયરા અહમદ ખાન હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સ્થળ જંગલની થીમ પર સજાવવામાં આવ્યું હતું, જેમાં કૃત્રિમ ધોધ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.*

# સઇ માંજરેકર અને રાઘવ જુયાલ હોરર ફિલ્મ ‘ઇકાઇ’માં જોવા મળશે

(એજન્સી દ્વારા) મુંબઈ : સઈ માંજરેકર હવે રાઘવ જુયાલ સાથે બિલકુલ નવા જોનરની ફિલ્મમાં અને તીવ્ર લાગણીઓ સાથેની ફિલ્મમાં કામ કરવાની છે. તે મસાલા ફિલ્મોથી લઈને હવે ધીરે ધીરે પર્ફોર્મન્સ ડ્રિવન રોલ તરફ આગળ વધી રહી છે. તેણે કહ્યું કે આ ફિલ્મે તેની પાસેથી ઘણું માગ્યું છે અને તેની ફિલ્મી કૅરિઅરનો સોથી મહત્વનો અનુભવ રહ્યો છે.




આ ફિલ્મ અંગેના અનુભવ વિશે સઈ કહે છે, “મેં અત્યાર સુધીમાં કામ કર્યું છે એમાં ઈકાઈ સૌથી વધુ પડકારજનક ફિલ્મ રહી છે. આ ફિલ્મમાં મારે ઈમોશનલી અને સાઈકોલોજિકલી ઘણું આપવું પડ્યું છે. એવા ઘણા સીન હતા, જેમાં પ્રક્રિયા દરમિયાન મારે મારી જાતને ખરેખર મારા કમ્ફર્ટઝોનમાંથી બહાર ધકેલવી પડી હતી કારણ કે ઘણા સીનમાં બહુ જ વાસ્તવિક અને તીવ્ર લાગણીઓ રજુ કરવાની હતી.”

# સલમાન વધુ એક વખત બિગબોસ ૨૦ના હોસ્ટ તરીકે પાછો ફરશે

(એજન્સી દ્વારા)

મુંબઈ : સલમાન વધુ એક વખત બિગબોસ ૨૦ના હોસ્ટ તરીકે પાછો ફરશે, આ શોની નવી સીઝન હવે ૨૧ સપ્ટમ્બરે આવાવની છે. સલમાન હાલ એક તરફ વમાશી પૈડીપલ્લીની ફિલ્મમાં વ્યસ્ત છે, બીજી તરફ તેની માતૃભૂમિ પણ અટકેલી છે, ત્યારે તેના માટે હવે બિગબોસનું કામ પણ બેલેન્સ કરવું પડે એવી સ્થિતિ છે. સલમાન ઈચ્છે છે કે આ ફિલ્મનું શૂટિંગ શરુ કરે તે પહેલાં તે આ એક્શન થ્રિલર ફિલ્મનો મોટો ભાગ શૂટ કરી લેવા માગે છે, જેમાં તેની સાથે નયનતારા પણ લીડ રોલમાં છે.



આ અંગેના અહેવાલો મુજબ સલમાનની ટીમ ખુબ ધ્યાનથી તેનું શીડ્યુલ ગોઠવી રહી છે, જેથી તેનું શૂટ પણ કોઈ જ પ્રકારના વિલંબ વિના થઈ શકે અને છતાં સલમાન પાસે તેના શો બિગબોસ માટે પણ પુરતો સમય રહે.

# વર્ષો સુધી દીપિકાની ટીકા કર્યા પછી કંગનાએ વખાણ કરતાં ચર્ચા

(એજન્સી દ્વારા) મુંબઈ : કંગના રણૌત હાલ તેની ફિલ્મ ભારત ભાગ્ય વિધાતાના પ્રમોશનમાં વ્યસ્ત છે, ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં કંગનાએ કહ્યું કે આજની પેઢીની હિરોઈન કઈ રીતે એકબીજાથી અસુરક્ષા અનુભવે છે અને એકબીજાંનાં વખાણ કરતી નથી. આ પ્રકારના માહોલ અને વાતાવરણને ટોક્સિક ગણાવતાં તેણે કહ્યું, તે ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે તેણે પોતાનાં પ્રતિસ્પર્ધીઓ પાસેથી શીખવાની કોશિશ કરી હતી, આ મુદ્દે તેણે જણાવ્યું હતું કે દીપિકા પાસેથી તેને ઘણું શીખવા મળ્યું છે. કંગનાએ કહ્યું, “તે સમયે મને કંઈ ખબર નહોતી. હું મારી આસપાસના લોકો પાસેથી ઘણું શીખી. જે લોકોમાં મને સારી બાબતો જોવા મળી, તેમાંથી મેં પ્રેરણા લીધી.”તેણે ખાસ કરીને દીપિકા પાદુકોણનું નામ લેતાં જણાવ્યું કે દીપિકા પાસેથી પણ તેણે ઘણી બાબતો શીખી છે.



# ૭૦ વૈજ્ઞાનિકોની ભયાનક ચેતવણી : પૃથ્વીને બચાવવા માટે હવે માત્ર ૩ જ વર્ષ બાકી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : દુનિયાભરના ૭૦થી વધુ અગ્રણી વૈજ્ઞાનિકોએ ભેગા મળીને એક અત્યંત ચિંતાજનક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર, માનવ પ્રવૃત્તિઓને કારણે આપણી પૃથ્વીનું તાપમાન રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. વર્ષ ૨૦૨૫માં વૈશ્વિક તાપમાન પ્રી-ઈન્ડસ્ટ્રિયલ લેવલ કરતા ૧.૩૯ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું છે, જેમાંથી ૧.૩૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવા માટે સીધા જ મનુષ્યો જવાબદાર છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં આ આંકડો ૧.૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી જશે.

પેરિસ ક્લાયમેટ સમજૂતીમાં વિશ્વના દેશોએ પૃથ્વીના તાપમાનને ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી નીચે રાખવાનો નિર્ણય કર્યો હતો. જોકે, વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હવે આ લક્ષ્ય પ્રાપ્ત કરવું અશક્ય લાગી રહ્યું છે. આપણું નક્કી કરેલું કાર્બન બજેટ એટલે કે કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનની મર્યાદા આગામી ૩ વર્ષમાં જ ખતમ થઈ શકે છે. જો આગામી ૩ વર્ષમાં મોટા પગલાં લેવામાં નહીં આવે તો તબાહી રોકવી મુશ્કેલ બનશે.

પ્રદૂષણ ઓછું કરવાના ચક્કરમાં એરોસોલનું પ્રમાણ ઘટ્યું છે, જેના કારણે પૃથ્વીની કૂલિંગ ઈફેક્ટ નબળી પડી ગઈ છે. હવે સૂર્યના સીધા કિરણો પૃથ્વીને વધુ ગરમ કરી રહ્યા છે. કાર્બન ડાયોક્સાઈડ ગેસ હવામાં ભળીને એક એવી ચાદર બનાવી રહ્યો છે જે ગરમીને બહાર જવા દેતી નથી.

ગ્રીનહાઉસ ગેસોનું ઉત્સર્જન સતત ઓલ-ટાઈમ હાઈ પર ચાલી રહ્યું છે. પૃથ્વી પર એનર્જીનું સંતુલન સંપૂર્ણપણે બગડી ગયું છે અને તેની સીધી અસર સમુદ્ર પર જોવા મળી રહી છે. વર્ષ ૧૯૦૧થી ૨૦૨૫ની વચ્ચે સમુદ્રનું વોટર લેવલ લગભગ ૨૩ સેન્ટીમીટર વધી ગયું છે. હાલમાં સમુદ્રનું જળસ્તર દર વર્ષે ૩.૮૪ મિલીમીટરની ઝડપે ઉપર આવી રહ્યું છે, કારણ કે જમીન પર રહેલો બરફ ઝડપથી પીગળી રહ્યો છે.

વર્ષ ૧૯૯૧ પછી દરિયાઈ લુ એટલે કે મરીન હીટવેવના દિવસોમાં ૩ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૨૫માં સમુદ્રે સરેરાશ ૬૫ દિવસ સુધી અસહ્ય ગરમીનો સામનો કર્યો છે. આ વધેલી ગરમીને કારણે દરિયાઈ જીવોનું જીવન જોખમમાં મુકાઈ ગયું છે. મહાસાગરોનું ગરમ થવું આપણા ચોમાસા અને ચક્રવાતોને વધુ ખતરનાક બનાવી રહ્યું છે.

સૌથી મોટી ચિંતાની વાત એ છે કે જ્યારે પૃથ્વીને બચાવવા માટે કડક પગલાં લેવાના હતા, ત્યારે અમેરિકા અને બ્રિટન જેવા મોટા દેશો ક્લાયમેટ મોનિટરિંગ સિસ્ટમનું બજેટ કાપી રહ્યા છે. અમેરિકી વહીવટીતંત્રે સમુદ્રની ઊંડાઈ માપનારા સેંકડો જરૂરી ઉપકરણો હટાવી દીધા છે. આ બેદરકારીને કારણે વૈજ્ઞાનિકો માટે પૃથ્વી પર આવનારા મોટા સંકટને સમયસર ટ્રેક કરવાનું અશક્ય બની જશે.

પ્રોફેસર પીટર થોર્નના જણાવ્યા અનુસાર, પૃથ્વી અત્યારે એક ગંભીર બીમાર દર્દી જેવી છે, જેના લક્ષણો સતત બગડી રહ્યા છે. ઈતિહાસમાં પહેલીવાર આપણી અર્થ મોનિટરિંગ સિસ્ટમ આટલી ઝડપથી ખરાબ થઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગ અને હવામાનના સચોટ બદલાવોને ટ્રેક કરવા માટે હવે વૈજ્ઞાનિકો પાસે પૂરતો ડેટા બચશે નહીં અને તેઓ અંધારામાં તીર ચલાવવા મજબૂર બનશે.

હાલમાં ચાલી રહેલા યુક્રેન અને મિડલ ઈસ્ટના યુદ્ધોને કારણે તમામ દેશોનું ધ્યાન ક્લાયમેટ ચેન્જ પરથી હટી ગયું છે. સરકારો અત્યારે એનર્જી ક્રાઈસિસ અને બજેટની અછતનો સામનો કરી રહી છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા 'વર્લ્ડ મેટ્રોલોજિકલ ઓર્ગેનાઈઝેશન'ને મળતું ફંડ પણ સતત ઘટી રહ્યું છે, જેના કારણે અચાનક બદલાતા હવામાનની આગાહી કરવી મુશ્કેલ બનશે.

લીડ્સ યુનિવર્સિટીના પ્રોફેસર પિયર્સ ફોર્સ્ટરે જણાવ્યું કે, ૧૯૭૦ના દાયકાથી પૃથ્વીનું એનર્જી ઈમ્બેલેન્સ સતત વધી રહ્યું છે અને હવે તે રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં આ ઈમ્બેલેન્સ ૨ ગણું થઈ ચૂક્યું છે. જ્યાં સુધી કાર્બન ઉત્સર્જન સંપૂર્ણપણે ઝીરો નહીં થાય, ત્યાં સુધી પૃથ્વીનું તાપમાન વધતું રહેશે અને આગામી સમયમાં ભયંકર દુકાળ, કમોસમી વરસાદ અને જાનલેવા હીટવેવ સામાન્ય બની જશે.

# ૪૪૯ કરોડનું ભારતનું 'સિક્રેટ શસ્ત્ર', એક્ટિવ થતા જ દુશ્મન દેશોના 'ડિફેન્સ સિસ્ટમ' થઈ જશે ફેલ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ચીન-પાકિસ્તાનની સૈન્ય હિલચાલ પર લગામ લગાવવા માટે ભારતીય નૌસેનાએ એક મોટો માસ્ટરસ્ટ્રોક શરૂ કર્યો છે. આધુનિક યુદ્ધમાં સેટેલાઈટ સિગ્નલો અને ઈલેક્ટ્રોનિક વોરફેરનું મહત્વ ખૂબ વધી ગયું છે, જેને ધ્યાનમાં રાખીને ભારતે ૨૦ અત્યાધુનિક 'ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ' જેમર્સ ખરીદવા માટે રૂ.૪૪૯ કરોડનો સત્તાવાર સોદો પૂર્ણ કર્યો છે.

આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે સ્વદેશી છે. બેંગલુરુની જાણીતી ડિફેન્સ ફર્મ 'એકોર્ડ સોફ્ટવેર એન્ડ સિસ્ટમ્સ' આ જેમર્સ તૈયાર કરશે. આ એ જ કંપની છે જેણે અગાઉ ઇસરો સાથે મળીને ભારતના પોતાના સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમ 'નાવિક' માટે કોર ટાઈમિંગ ચિપ બનાવી હતી. હિંદ મહાસાગર અને અરબ સાગરમાં ચીનના 'બાયડૂ' નેવિગેશન નેટવર્ક અને તેના આધારે ચાલતા પાકિસ્તાની હથિયારોની ઘેરાબંદી તોડવા માટે આ સિસ્ટમ ભારતીય નૌસેનાને સમુદ્રમાં એકતરફી પ્રભુત્વ આપશે.

શાતિર 'સ્પૂફિંગ' ટેકનોલોજી : આ સિસ્ટમ માત્ર દુશ્મનના સિગ્નલ બ્લોક કરીને તેને એલર્ટ નથી કરતી, પરંતુ 'સ્પૂફિંગ' પદ્ધતિ પર કામ કરે છે. જ્યારે ચીન કે પાકિસ્તાનનું કોઈ ડ્રોન અથવા ક્રૂઝ મિસાઈલ ભારતીય સરહદ તરફ આગળ વધશે, ત્યારે આ જેમર તેના કોમ્પ્યુટરમાં ખોટા કોઓર્ડિનેટ્સ અને ખોટી લોકેશન ફીડ કરી દેશે. જેના કારણે દુશ્મનની મિસાઈલ રસ્તો ભટકીને કોઈ ખાલી જગ્યા પર અથવા તેમના પોતાના જ ઠેકાણા પર જઈને બ્લાસ્ટ થઈ જશે.

એકસાથે મલ્ટિપલ સેટેલાઈટ પર એટેક : આ જેમર્સ 'મલ્ટીપલ કોન્સ્ટિલેશન્સ' ક્ષમતા ધરાવે છે. એટલે કે તે એક જ સમયે ચીનના 'બાયડૂ', અમેરિકાના 'જીપીએસ' અને રશિયાના 'ગ્લોનાસ' જેવા તમામ મોટા સેટેલાઈટ નેટવર્કના સિગ્નલોને એકસાથે જામ કે સ્પૂફ કરવાની તાકાત રાખે છે. ચીન-પાકિસ્તાનની જુગલબંધી નિષ્ફળ જશે : ચીને અમેરિકાના જીપીએસ પરની નિર્ભરતા હટાવવા પોતાનું 'બાયડૂ' નેટવર્ક બનાવ્યું છે અને પાકિસ્તાનને પણ તેની મિલિટ્રી-ગ્રેડ સિગ્નલ એક્સેસ આપી છે. પાકિસ્તાનના જેએફ-૧૭ ફાઈટર જેટ અને રાદ ક્રૂઝ મિસાઈલ આ જ સિસ્ટમ પર કામ કરે છે, પરંતુ ભારતના આ નવા બ્રહ્માસ્ત્ર સામે આ આખું નેટવર્ક હવે નકામું સાબિત થશે.

# ફ્લાઈટના ટોયલેટ પાસેના સ્પીકરમાં છુપાવ્યા હતા ૨૪ બિસ્કીટ, દાણચોરીનો નવો જુગાડ કરનાર માસ્ટરમાઈન્ડની તપાસ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ અમદાવાદનું ઈન્ટરનેશનલ એરપોર્ટ જાણ દાણચોરીના સોના માટેનું એપી સેન્ટર બન્યું હોય એવો ઘાટ જોવા મળ્યો છે. દર મહિને વિદેશથી આવતી ફ્લાઈટમાં દાણચોરીનું સોનું ઝડપાય છે. આ વખતે હવે ભેજાબાજોએ ફ્લાઈટના ટોયલેટ પાસે આવેલા સ્પીકરમાં સોનું છુપાવી દીધું હતું. આ સોનું સોના દ્વારા છુપાવવામાં આવ્યું અને કોને ત્યાં ડિલેવરી આપવાની હતી એ અંગે તપાસ ચાલું કરવામાં આવી છે. દુબઈથી અમદાવાદ આવતી ઈન્ડિગોની ફ્લાઈટમાં આ સોનું છુપાવવામાં આવ્યું હતું. ફ્લાઈટના સ્પીકર પાસે ૨૪ સોનાના બિસ્કીટ મળ્યા છે.

આ બિસ્કીનું મુલ્ય ૪.૨૫ કરોડ થતું હોવાનું તપાસમાંથી જાણવા મળ્યું છે. ઈન્ડિગોની દુબઈથી અમદાવાદ આવતી ફ્લાઈટમાં આ સોનું છુપાવવામાં આવ્યું હતું. અમદાવાદ એરપોર્ટ પર આ ફ્લાઈટ આવતા તપાસ કરવામાં આવી હતી. પ્લેનના લેવેટરી સ્પીકરમાં સોનું છુપાવવામાં આવ્યું હતું. સ્પીકરમાંથી સોનું કાઢવા માટે એરક્રાફ્ટના એન્જિનીયરની મદદ લેવામાં આવી હતી. આ દરેક બિસ્કીટનું વજન ૨ કિલો ૭૯૯ ગ્રામ હોવાનું જાણવા મળ્યું છે. આ સોનું દુબઈથી કોણે મૂક્યું અને કોણ અહીંયા સુધી લાવ્યું એ અંગેની તપાસ ચાલું છે. ફ્લાઈટમાં કોકપીટ પાસે આવેલા કેમેરાની તપાસ કરતા આ અંગે સ્પષ્ટતા થઈ શકે છે. સોનાની દાણચોરી અંગે સ્પીકર પાસે આવેલી જગ્યામાં સોનું છુપાવવામાં આવ્યું હોવાની ચોક્કસ બાતમીના આધારે આ કામગીરી કરવામાં આવી છે. સોનાની દાણચોરીમાં આરોપી પકડાય નહીં અને ફ્લાઈટ ઈન્ટરનેશનલમાંથી ડોમેસ્ટિક થઈ જાય છે.

એ પછી દેશના કોઈપણ એરપોર્ટ પરથી કોઈ વ્યક્તિ એને લઈ જાય એ પ્રકારની મોડસ ઑપરેન્ડી હોવાનું જાણવા મળ્યું છે. આ પહેલા અમદવાદ એરપોર્ટ પરથી શારજહાથી આવેલા મુસાફર પાસેથી ૬૦ લાખથી વધારે સોનાના ચેઈનની દાણચોરી પકડાઈ હતી. હાલમાં સ્પીકર પાસે સોનું કોણ રાખી ગયું અને અમદાવાદમાં આવીને કોને ડિલેવરી આપવાની હતી એ મોટો સવાલ છે. પ્રવાસ દરમિયાન કોને ખબર હતી કે, સ્પીકર પાસે સોનું છે એ અંગે પણ તપાસ ચાલું છે. આ કેસમાં હવે ફ્લાઈટના સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવી રહી છે. આ કેસમાં આરોપી સામે દાણચોરીના કેસ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# ટીએમસી બાદ ઉદ્ધવ સેનામાં બળવાના સંકેત, લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી તરફ આગળ વધતું એનડીએ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેન્દ્રની સત્તા પર કાબિજ ભાજપના નેતૃત્વ હેઠળનું નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ લોકસભામાં પોતાની તાકાત પ્રચંડ રીતે વધારવાની યોજના પર કામ કરી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસમાં સર્જાયેલી બળવાખોરી બાદ હવે વિપક્ષી ખેમાની વધુ એક મોટી પાર્ટી- ઉદ્ધવ ઠાકરેની આગેવાનીવાળી શિવસેનામાં પણ મોટું ભંગાણ પડવાના સંકેત મળી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતીનો જાદુઈ આંકડો મેળવવા માટે દ્વદ્ઘછ વિપક્ષી સાંસદોને પોતાના પાલામાં લાવવાની મજબૂત કવાયત કરી રહ્યું છે.

એક અહેવાલ અનુસાર, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં એનડીએની એકતરફી જીત બાદથી જ ઉદ્ધવ જૂથમાં અસંતોષની અટકળો ચાલી રહી હતી, જે હવે વધુ તેજ બની છે. હાલમાં લોકસભામાં શિવસેના પાસે કુલ ૯ સાંસદો છે. પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ પોતાની સાંસદ સભ્યપદ બચાવવા માટે આ જૂથના ઓછામાં ઓછા ૬ સાંસદોએ એકસાથે પક્ષ છોડવો પડે તેમ છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે આ બળવાખોર સાંસદો મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની આગેવાની હેઠળની અસલી 'શિવસેના' માં જોડાઈ શકે છે.

સંસદમાં પોતાનું સંખ્યાબળ વધારવા પાછળ ભાજપનું સૌથી મોટું લક્ષ્ય લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી (૩૬૦ બેઠકો) હાંસલ કરવાનું છે. હાલમાં લોકસભામાં ૫૪૦ સાંસદો હાજર છે અને ૩ બેઠકો ખાલી છે. આ અગાઉ, ટીએમસીના બળવાખોર જૂથે દાવો કર્યો હતો કે તેમની પાસે ૧૯ લોકસભા સાંસદોની સહીઓ છે, જેઓ એનડીએ સરકારને સમર્થન આપવા તૈયાર છે. જો આ બંને પક્ષોના સાંસદો સત્તાવાર રીતે પક્ષપલટો કરે અથવા સમર્થન જાહેર કરે, તો કેન્દ્ર સરકાર સંસદમાં કોઈપણ મોટા બંધારણીય સુધારા કરવા માટે જરૂરી ૨/૩ બહુમતીના આંકડાને સરળતાથી વટાવી જશે.

# ભારત સંરક્ષણ ક્ષેત્રે 'એલિટ ક્લબ'માં સામેલઃ બહુસ્તરીય બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનું સફળ પરીક્ષણ

**અભેદ્ય સુરક્ષા કવચઃ મિસાઈલ સંરક્ષણની સાથે દરિયામાં દુશ્મનના જહાજોને નેસ્તનાબૂદ કરતી એન્ટી-શિપ મિસાઈલનું સફળ પરીક્ષણ**



ભુજ - કચ્છ ઉદય : ભારતે મલ્ટી-લેયર્ડ એટલે કે બહુસ્તરીય મિસાઈલ સંરક્ષણ પ્રણાલીનું સફળ પરીક્ષણ કરીને સંરક્ષણ ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચ્યો છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) દ્વારા કરવામાં આવેલા સતત ત્રણ સફળ ફ્લાઈટ ટેસ્ટની મદદથી ભારતે લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલોના જોખમોને હવામાં જ તોડી પાડવાની પોતાની અત્યાધુનિક ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે. આ અભૂતપૂર્વ સફળતા સાથે ભારત હવે ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ જેવા અત્યંત ઘાતક જોખમોનો સામનો કરી શકે તેવા વિશ્વના ગણતરીના દેશોના એલિટ ક્લબમાં સામેલ થઈ ગયું છે. બેલિસ્ટિક મિસાઈલ સંરક્ષણ ઉપરાંત, ભારતીય નૌસેનાની તાકાતમાં વધારો કરતા 'નેવલ એન્ટી-શિપ મિસાઈલ-મીડિયમ રેન્જ'નું પણ પ્રથમ સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેણે મધ્યમ અંતરે દરિયાઈ લક્ષ્યોને સચોટ રીતે નષ્ટ કરવાની ભારતની એન્ટી-શિપ સ્ટ્રાઈક ક્ષમતાને સાબિત કરી છે. આ ઐતિહાસિક સિદ્ધિ અંગે માહિતી આપતા કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ગર્વભેર જણાવ્યું હતું કે, ડીઆરડીઓ દ્વારા વિકસિત આ મલ્ટી-લેયર્ડ બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમના ઈન્ટરસેપ્ટર્સે પોતાના લક્ષ્યોને સફળતાપૂર્વક નષ્ટ કર્યા છે. દેશ સામે ઉભરી રહેલા આધુનિક મિસાઈલ જોખમોને પહોંચી વળવા માટે આ સિસ્ટમને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવી છે, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે એક મોટું કવચ સાબિત થશે. સંરક્ષણ મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ કસોટીઓએ ભારતને આઈસીબીએમ સ્તરની મિસાઈલોને રોકવાની ક્ષમતા ધરાવતા દેશોની વિશેષ યાદીમાં સ્થાન અપાવ્યું છે. આ ભવ્ય અને વ્યૂહાત્મક સફળતા બદલ તેમણે ડીઆરડીઓના વૈજ્ઞાનિકોની ટીમને અને નૌસેનાને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

# ફૂડ પેકેજિંગમાં સ્ટેપલ પિનના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ, નિયમ તોડ્યા તો થશે કડક કાર્યવાહી

(એજન્સી દ્વારા)


નવીદિલ્હી : જો તમે હોટલ, રેસ્ટોરન્ટ, બેકરી, મીઠાઈની દુકાન કે ઓનલાઈન ફૂડ ડિલિવરી જેવા ખાદ્ય વ્યવસાય સાથે જોડાયેલા હોવ તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણે ગ્રાહકોની સુખાકારી અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને મોટો નિર્ણય લીધો છે. હવેથી ખાવા-પીવાની વસ્તુઓના પેકિંગમાં સ્ટેપલ પિન અથવા મેટલના તાર (ધાતુના તાર)નો ઉપયોગ કરવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ આદેશ તાત્કાલિક અસરથી લાગુ કરી દેવાયો છે.

ડેકોરેટિવ કેક, મીઠાઈના બોક્સ, સ્નેક્સના પાઉચ, હોટલના પાર્સલ અને ઓનલાઈન ડિલિવરી થતા ફૂડ પેકેટોને સીલ કરવા માટે મોટા પાયે સ્ટેપલ પિન અને મેટલ વાયરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે ગ્રાહકોની સુરક્ષા માટે ગંભીર જોખમ ઉભું કરે છે. ખાદ્ય નિયામકના જણાવ્યા અનુસાર, દેશમાં એવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે, જેમાં કેક અને ખાવાના પેકેટોની અંદરથી સ્ટેપલ પિન અથવા ધાતુના નાના ટુકડા મળી આવ્યા છે.

ગ્રાહકો અજાણતામાં ખોરાક સાથે આ ધાતુની વસ્તુઓ ખાઈ શકે છે, જેના કારણે તેમને ગંભીર આંતરિક ઈજાઓ પહોંચી શકે છે, અથવા સ્વાસ્થ્ય પર ખૂબ જ ખરાબ અસર પડી શકે છે. આ ગંભીર જોખમને રોકવા માટે તમામ હોટલ, રેસ્ટોરન્ટ અને ફૂડ ઓપરેટરોને આદેશ આપ્યો છે કે, તેઓ કોઈપણ ખાદ્ય સામગ્રી, બેકરી પ્રોડક્ટ કે ફૂડ પાર્સલને સીલ કરવા અથવા પેક કરવા માટે મેટલ પિન અને તારનો ઉપયોગ તાત્કાલિક અસરથી બંધ કરી દે. ફસાઈએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, ગ્રાહકોની સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. જો કોઈ પણ ફૂડ બિઝનેસ ઓપરેટર આ કડક નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ જશે, તો તેની સામે 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬' અને તેના હેઠળ બનેલા નિયમોની કાનૂની જોગવાઈઓ અનુસાર કડક દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ મહત્વપૂર્ણ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં ફૂડ સેફ્ટીના ધોરણોને વધુ મજબૂત બનાવવાનો અને ગ્રાહકોને પેકેજિંગના કારણે થતા બિનજરૂરી જોખમોથી સુરક્ષિત રાખવાનો છે.

# સિંધ પ્રાંતની ગરમીની અસર કચ્છ પરઃ તાપમાન ૪૦ ડિગ્રીને આંબ્યું



ભુજ - કચ્છ ઉદય : કચ્છને અડીને આવેલા સિંધના આ હવામાનની અસર કચ્છ પર પણ વર્તાઈ રહી છે. ભુજ અને નલિયા સહિતના ભાગોમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રીથી ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે. હવામાન નિષ્ણાતોના મતે સિંધ પર સર્જાયેલું હીટ લો પ્રેશર સિસ્ટમ કચ્છમાં ગરમ લૂ જેવા પવન ફૂંકી રહ્યું છે. સ્થાનિક તંત્ર દ્વારા ખેડૂતો અને મજૂરોને બપોરના સમયે કામ ટાળવા અને તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. સિંધની આ હીટવેવ આબોહવા પરિવર્તનના કારણે આ પ્રદેશમાં આકરી ગરમીની આવૃત્તિ અને તીવ્રતા બંને વધી રહી હોવાનો સંકેત આપે છે.

ભૌગોલિક રીતે કચ્છને અડીને આવેલા પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં હાલ આકરી ગરમીનો પ્રકોપ યથાવત છે. કચ્છની સરહદથી માત્ર થોડા કિલોમીટર દૂર આવેલા જેકબાબાદ, સક્કુર અને હૈદરાબાદ સહિતના વિસ્તારોમાં દિવસનું તાપમાન સત ૪૩ ડિગ્રીથી ૪૫ ડિગ્રીની વચ્ચે નોંધાઈ રહ્યું છે. જેકબાબાદમાં ૧૨ જૂને ૪૫૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે સક્કુરમાં ૪૪.૮ઝ ગરમી પડી હતી. કરાચી જેવા દરિયાકાંઠાના શહેરમાં ભેજના કારણે ફીલ્સ લાઈક તાપમાન ૪૭ઝ સુધી પહોંચી ગયું હોવાના અહેવાલ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ સુધી સિંધ અને બલુચિસ્તાનમાં ગરમીનો આ જ દોર ચાલુ રહેવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજ અને ગરમીના કારણે ઉકળાટ રહેશે અને તાત્કાલિક વરસાદની કોઈ શક્યતા નથી.

આ આકરી ગરમીના કારણે સિંધમાં જનજીવન ખોરવાયું છે. તાપમાન વધતા એર કંડિશનર અને કૂલરનો વપરાશ વધતા વીજ ગ્રીડ પર ભાર વધ્યો છે. પરિણામે સિંધના ગ્રામીણ વિસ્તારોમાં ૮ થી ૧૦ કલાક સુધી વીજ કાપના અહેવાલો મળી રહ્યા છે. હોસ્પિટલોમાં ડિહાઈડ્રેશન, હીટ એક્ઝોશન અને હીટસ્ટ્રોકના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. તંત્ર દ્વારા નાગરિકોને બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી ઘરની બહાર નીકળવાનું ટાળવા અને પૂરતું પાણી પીવાની સલાહ આપવામાં આવી છે. ઈન્ડુસ નદીમાં પાણીનું સ્તર ઘટતા સિંચાઈ અને પીવાના પાણી માટે પણ દબાણ વધ્યું છે. કૃષિ પાકો ખાસ કરીને કપાસ અને શેરડીના પાકને ગરમીથી નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

# ડેટા સેન્ટરો સામે દેખાવો : ૧૩૦ કરોડ લોકોના ભાગનું પાણી એઆઈ પી જશે

(એજન્સી દ્વારા)

વૉશિંગ્ટન : એઆઈ ડેટા સેન્ટર્સને માતબર સંખ્યામાં વીજળી-પાણીની જરૂર પડે છે. એઆઈના ડેટા સેન્ટર્સ વધશે તેમ એને વીજળી અને પાણી પણ વધારે જોઈશે. અમેરિકા અને કેનેડામાં પહેલી વખત એઆઈ ડેટા સેન્ટર્સ સામે વિરોધ ઉઠયો છે. કેટલાય શહેરોમાં નવા ડેટા સેન્ટર્સ બનાવવાના પ્રોજેક્ટ અટકી પડયા છે. લોકોએ પાણી-વીજળીની અછતનો મુદ્દો ઉઠાવીને ભારે વિરોધ કર્યો હોવાથી કંપનીઓએ કે સ્થાનિક સરકારી તંત્રએ પ્રોજેક્ટ અટકાવી દેવાની ફરજ પડી છે.

એઆઈ ટેકનોલોજી વિકસી છે તેની સાઈડ ઈફેક્ટ પણ સામે આવી છે. શરૂઆતમાં એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ લોકો ખૂબ હોંશથી કરતા હતા, પરંતુ એઆઈ ટેકનોલોજી વિકસાવવા પાછળ, તેને ચલાવવા માટે જે રીતે કુદરતી રિસોર્સીસની જરૂર પડે છે એ બહાર આવ્યું છે ત્યારથી લોકોમાં એની સામે અવેરનેસ આવી છે. એઆઈ ડેટા સેન્ટર્સ અત્યારે દુનિયામાં ૧૨૦ કરોડ લોકોના ભાગનું પાણી પી જાય છે, વળી જાપાન જેવા કોઈ આખા દેશને પૂરી પાડી શકાય એટલી વીજળી એઆઈ ડેટા સેન્ટર્સને જરૂર પડે છે. ૨૦૩૦ સુધીમાં વર્ષે ૯૪૫ ટેરાવોટ વીજળીના વપરાશ થતો હશે. અત્યારે જ દુનિયાની કુલ વીજળીમાંથી ૩ ટકા વીજળી એઆઈ ડેટા સેન્ટર્સ પાછળ વપરાઈ જાય છે.

એઆઈ ટેકનોલોજી દુનિયાભરની વિગતો પળવારમાં આપે છે. ફોટોથી લઈને વીડિયો બનાવી આપે છે. જે પૂછો એનો જવાબ આપે છે, તેની સામે એને પ્રોસેસિંગ માટે વીજળીની જરૂર પડે છે. કોઈ પણ ડેટા સેન્ટર્સમાં વીજળીની જરૂર તો પડે છે, પરંતુ એઆઈ ડેટા સેન્ટર્સમાં એની જરૂર વધી જાય છે. એ જ રીતે એઆઈ ડેટા સેન્ટર્સને કૂલ રાખવા માટે પાણીની જરૂર પડે છે. આ બંનેની અછત આખી દુનિયામાં હજુય રહે છે. ૨૧મી સદીમાં પણ હજુ કરોડો લોકો પાણીની અછતનો સામનો કરે છે અને વીજળી ગૂલ થવાના બનાવો તો વિકસિત દેશોમાં પણ રોજિંદા છે.

આવી સ્થિતિમાં અમેરિકા અને કેનેડામાં લોકોએ એઆઈ ડેટા સેન્ટર્સનો વિરોધ શરૂ કર્યો છે. એકલા અમેરિકામાં જ ૨૦૦ અબજ ડોલરના ડેટા સન્ટર્સના પ્રોજેક્ટ અટકી પડયા છે. સ્થાનિક લોકોના વિરોધના પગલે ડેટા સેન્ટર્સનું કામ અટકાવી દેવું પડયું છે. ધીમે ધીમે લોકોમાં અવેરનેસ આવી રહી હોવાથી હવે આ મુદ્દે માત્ર ટેકનોલોજીનો રહ્યો નથી, પરંતુ પર્યાવરણ અને ભવિષ્યની સલામતીનો મુદ્દો બની ચૂક્યો છે. યુએને પણ એઆઈ ટેકનોલોજીથી પાણી, વીજળી ઉપરાંત જમીનના ક્લાઈમેટ પર અસર થશે એવી ચેતવણી આપી છે.

એઆઈ ટેકનોલોજીમાં વીજળી અને પાણીનો ઉપયોગ યુઝર્સ વધશે તેની સાથે વધતો જશે. એક યુઝર એઆઈને સવાલ પૂછે અને એઆઈ તેની પ્રોસેસ કરીને જવાબ આપે કે કન્ટેન્ટ-ફોટો-વીડિયો જનરેટ કરે એટલી વારમાં ઘણી વીજળી અને પાણી વપરાઈ જાય છે. યુઝર્સનો આંકડો ઝડપભેર વધી રહ્યો છે એટલું તો ખરું જ, માતબર કંપનીઓ લોકોને બદલે એઆઈ એજન્ટ્સને કામ સોંપવા લાગ્યા છે એટલે એ પ્રોસેસિંગ પણ વધશે.

ટેકનોલોજીની ટોચની પાંચ કંપનીઓમાં શુમાર થતી એમેઝોન કંપનીના એક લેટેસ્ટ અહેવાલ પ્રમાણે કંપનીને એક વર્ષમાં ડેટા સેન્ટર્સ પાછળ ૯૦૦ કરોડ લિટર પાણીની જરૂર પડી હતી. જોકે, કંપનીએ બચાવમાં એવું પણ કહ્યું હતું કે બીજી મોટી ટેક-કંપનીઓની સરખામણીમાં એમેઝોને ઓછું પાણી ખર્ચ્યું. એમેઝોને પહેલી વખત આ પ્રકારનો ડેટા જાહેર કર્યો હતો. એમેઝોનના કહેવા પ્રમાણે ગૂગલ, માઈક્રોસોફ્ટ, મેટા જેવી ઘણી કંપનીઓની સરખામણીએ એમેઝોને ડેટા સેન્ટર્સ પાછળ ઓછું પાણી વાપર્યું હતું. એક અંદાજ મુજબ ગૂગલે ૮૦૦ કરોડ ગેલન પાણી વાપર્યું હતું. તો માઈક્રોસોફ્ટે ૭૮ લાખ ક્યૂબિક લીટર પાણી વાપર્યું હતું. એપલે ૬૧ લાખ ક્યૂબિક મીટર પાણીનો ઉપયોગ ડેટા સેન્ટર્સ પાછળ કર્યો હતો. મેટાના ડેટા સેન્ટર્સ ૮૧ કરોડ ગેલન પાણી પી ગયા હતા.

# જર્જરિત વીજ લાઇનથી મોટી વિરાણીમાં જીવનું જોખમ

**જીવંત વીજ તાર તૂટી પડતાં ગ્રામજનોમાં ફફડાટ : પીજીવીસીએલ સામે ઉદાસીનતાના આક્ષેપ**

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના મોટી વિરાણી ગામના ભૂતરાઈ મફતનગર વિસ્તારમાં શુક્રવારે સવારે જીવંત વીજ તાર અચાનક તૂટી જમીન પર પટકાતા સ્થાનિક રહેવાસીઓમાં ભય અને ચિંતાનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાના સમયે એક મહિલા ત્યાંથી પસાર થઈ રહી હતી, પરંતુ સદનસીબે સમયસર દૂર ખસી જતાં મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનાએ ગામમાં વીજ સલામતી અંગેના પ્રશ્નોને ફરી એકવાર ઉજાગર કર્યા છે. ગામના પૂર્વ સામાજિક ચેરમેન કાનજી ધનજી બળિયાએ જણાવ્યું હતું કે ભૂતરાઈ મફતનગર વિસ્તારમાં આવેલી વીજ લાઈન લાંબા સમયથી જર્જરિત બની ગઈ છે. વાયરો અને અન્ય સાધનોની હાલત નબળી હોવાથી અવારનવાર તાર તૂટી પડવાના બનાવો બની રહ્યા છે. ગ્રામજનો દ્વારા આ અંગે અનેક વખત પીજીવીસીએલના નખત્રાણા વિભાગને લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાના કાયમી નિરાકરણ માટે કોઈ અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ રહેણાંક વિસ્તાર વચ્ચે આવેલી આ લાઈન સતત જોખમ ઊભું કરી રહી છે. દિવસ દરમિયાન બાળકો, મહિલાઓ, વૃદ્ધો તેમજ પશુઓની અવરજવર રહેતી હોવાથી કોઈપણ સમયે ગંભીર અકસ્માત સર્જાઈ શકે તેવી સ્થિતિ છે. શુક્રવારે બનેલી ઘટના સદનસીબે જાનહાનિ વિના સમાપ્ત થઈ, પરંતુ આવી ઘટનાઓ વારંવાર બનતી રહે તો ભવિષ્યમાં ગંભીર પરિણામો આવી શકે છે.

ચોમાસાની ઋતુ નજીક હોવાથી વરસાદ અને પવનના કારણે જર્જરિત લાઈન વધુ નબળી બનવાની શક્યતા છે. જેના કારણે વીજ તાર તૂટી પડવાના બનાવોમાં વધારો થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. ગ્રામજનોનું કહેવું છે કે તંત્ર દ્વારા સમયસર યોગ્ય મરામત અને નવી લાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવે તો સંભવિત અકસ્માતો અટકાવી શકાય. ગ્રામજનો અને સ્થાનિક આગેવાનોએ પીજીવીસીએલ તંત્રને તાત્કાલિક ધોરણે સમગ્ર વિસ્તારની વીજ લાઈનનું સર્વેક્ષણ કરી જર્જરિત તાર અને સાધનો બદલવાની માંગ કરી છે. લોકોનું માનવું છે કે કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલાં જ તંત્રએ જવાબદારીપૂર્વક પગલાં ભરી ગામલોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી બની ગઈ છે.

# ભુજમાં સાપ્તાહિક નિઃશુલ્ક ફિટનેસ યોગ સેમિનાર યોજાશે

ભુજ - કચ્છઉદય : ભુજમાં કાર્યરત ઉમા યોગ કેન્દ્ર દ્વારા આગામી ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણીના ભાગરૂપે એક વિશેષ સાપ્તાહિક નિઃશુલ્ક ફિટનેસ યોગ સેમિનારનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ અઠવાડિક યોગ ઈવેન્ટ આગામી તારીખ ૧૫ થી ૨૦ જૂન સુધી દરરોજ સાંજે ૫ થી ૬:૧૦ વાગ્યા સુધી યોજાશે. આ સમગ્ર સેમિનારનું આયોજન ઉમા યોગ કેન્દ્ર, બેક્ર્સ કોલોની ખાતે રાખવામાં આવ્યું છે.

આ ફિટનેસ સેમિનાર યોગગુરુ કમલકાંતભાઈ ભટ્ટની આગેવાનીમાં પ્રોજેક્ટ ચેરપર્સન ભાવનાબેન એ. ઝવેરીના માર્ગદર્શનમાં યોજાઈ રહ્યો છે. આ આયોજનમાં ક્વોલિફાઈડ યોગ થેરાપિસ્ટોની કુશળ ટીમ દ્વારા મેટ યોગા, ફુલ બોડી વર્કઆઉટ, મેડિટેશન, સૂર્ય નમસ્કાર, યોગમુદ્રાઓ, મેલોડી મ્યુઝિક વર્કઆઉટ તેમજ માનસિક તણાવ દૂર કરવા માટે પ્રાણાયામ કરાવવામાં આવશે. આ ઉપરાંત પાચનક્રિયા સુધારવા અને કમરના દુખાવા માટેના ખાસ આસનો, વેરીકોઝ વેઈન માટેની કસરતો, ક્લેપિંગ કીર્તન, ચેર સૂર્ય નમસ્કાર અને યોગનિદ્રા જેવા યોગના વિવિધ આયામોનું પણ સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ સેમિનાર દરેક ઉંમરના ભાઈઓ, બહેનો તેમજ બાળકો માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે.

# કેપ્ટાગોન ડ્રગ્સકાંડ : બંટી- રાજુ-લાકડાના ઠગ બની બેઠેલ વેપારી-મુકેશ આણી ચંડાળ ચોકડીની ટુકડીમાં ભંગાણ..!

**વિદેશના કોઈ સેઝમાથી લાકડાની આડમાં બે નંબરી વસ્તુઓ મંગાવી અને ટુંકા સમયમાં કરોડોની મોંઘીદાટ ગાડીઓ મર્શિડીઝ-ઓડીમાં ફરતા થઈ ગયેલ લાકડાના બની બેઠલ ઠગ વેપારી-રાજુને હેમ-ખેમ બચાવવા મુકેશે દિલ્હી સુધી ફોનની ઘંટડીઓ તો રણકાવી પણ એનસીબીએ દરોડો પાડયો હોવાથી હવે રેલો તો આ ટોળકીના પગ તળે ગમે ત્યારે આવી જવાની સેવાય છે ભીતી : મુકેશ-રાજુ આણી ટોળકીમાં પડી છે મોટી ફા..ડ.. કે *કુતરૂં કાઢતા કયાંક ઉંટ ન પેંસી જાય.!***

## મુખ્ય સુત્રધારની ભુમિકાવાળો મુકેશ કોણ?

ગાંધીધામ : આ સમગ્ર ટોળકીને ખુલ્લેઆમ પીઠબળ પુરૂ પાડનાર મુખ્ય સુત્રધાર મુકેશ છે. મુકેશ કેન્દ્રીય પ્રધાન સાથેના પોતાના સબંધોની ધોંસ જમાવીને રાજુ-બંટી અને લાકડાના બની બેઠેલા ઠગ વેપારીને બચાવવાના દાવાઓ કરી રહ્યો છે. હું બેઠો છુ, તમે તમારા એમએઓ, ડીઝલ, અને બીજું જે કંઈ લાવવુ હોય તે લાવો, તમારો કોઈ વાળ પણ વાંકો નહી કરે, ભારા બાળપણના મિત્ર કેન્દ્રમાં પ્રધાન છે, હું તેનાથી ફોન કરાવી દઈશે અને તેમને **હેમ-ખેમ બધાયમાથી બહાર કઢાવી લઈશ** આવા દાવાઓ કરી અને બંટી-રાજુ અન લાકડાના બની બેઠેલા ઠગ વેપારીને મુકેશ જ છાવરતો હોવાનુ કહેવાય છે.

**લાકડાની અમુક બની બેઠેલી** રેડીશન મીટીંગ પાર્ટીની ગોસીપમાં **મુકેશ-લાકડાનો બની બેઠેલ ઠગવેપારી બન્યો ચર્ચાનું કેન્દ્ર..? ચીયર્સ કરતા ગ્લાસની સાથે નીતનવી વાતો આવી બહાર : લાકઠાનો બની બેઠલ ઠગ વેપારી તો હદ નથી કરતો, દિવસે સુંદરકાંડ કરાવે,** રામનામની ઝાપ બોલે અને પછી ડ્રગ્સકાંડ જેવા ગુનાઓમાં હાથ કળે છે કાળા, રાજુ તો વરસોથી બેનામી ધંધાઓ જ કરે છે, બધાયને ખબર છે, આ બધાયની સાથે **હવે મરો તગડી રકમના રોકાણ કરનાર મુકેશનો થવા પામ્યો છે..!** મુકેશ વચેટીયો દલાલ છે, રોકાણ મોટુ કર્યુ છે, પરંતુ પોતાના તરફ તપાસનો રેલો આવતો જોઈ હવે **મુકેશે ઠગ ટોળકીને બચાવવાના આદર્યા છે પેંતરા**

ગાંધીધામ: રાજયમાં તાજેતરમાં ઝડપાયેલા હાઈપ્રોફાઈલ ડ્રગ્સકાંડ અન સાઉથઆફ્રીકાથી કિમંતી લાકડાની આડમાં ચાલતા બેનામી આયાત-નકાસના કૌભાંડની ગંધના પગલે ગુનાખોરીની દુનીયામાં ભારે ખળભળાટી મચી ગયો હોવાનુ ચર્ચાય છે. લાકડાના બની બેઠલ ઠગ વેપારી(રામનામ ઝપનાર),રાજુ, બંટી અને તેના મુખ્ય આક્કા મુકેશની ચંડાળ ચોકડીની ટોળકીમાં હવે આંતરીક ડરને કારણે મોટી ફાડ ભંગાણ પડી હોવાની વાતો પણ સામે આવવા પામી રહી છે.

ડ્રગ્સકાંડ ગંભીર પકડવવા પામ્યુ છે અને તેમાં પણ એનસીબીની એન્ટ્રી થઈ હોવાથી હવે આંતરીક રીતે ફફડાટ પણ વ્યાપેલો જ હોવાનુ મનાય છે. આ ટોળકીની સાથે સંકળાયેલા અમુક રોકાણકારો હવે તેમનાથી અંતર બનાવવાનુ મન કરી લીધુ છે. તેમનાથી દુર જ રહેવાનુ પસદ કરી રહ્યા હોવાનુ ચર્ચાય છે. રેડીશનમાં સાંજે યોજાતી પાર્ટીમાં ગોશીપ મોટાપાયે શરૂ થવા પામ્યા છે. લોકો કહી રહ્યા છે કે, આ લાકડાનો બની બેઠલ ઠગ વેપારી હવે તો હદ નથી કરતદો, દીવસે સુંદરકાંડના પાઠ ગાતો રહે છે અને બાદમાં ડ્રગ્સ જેવી વસ્તુઓની હેરફેરમાં લીપ્ત થઈ અને હાથ કાળા કરે છે? રાજુ તો સમજયા કે પહેલેથી બેનામી ધંધાઓની આદતવાળો જ છે, પણ મુકેશને કયા આ ટોળકીને બચાવવા માટે કેબીનેટ પ્રધાન સુધી ફોન કરવાની જરૂર પડી? મુકેશનું શું લુંટાઈ જઈ રહ્યુ છે? તો આ જ મીટીંગમાં ચીયર્સના અવાજથી ગ્લાસ ટકરાવનારામાથી એક કહે છે કે, મુકેશ તો રોકાણ કાર મોટો છે. આ ટોળકીમાં એમએચઓ હોય કે પછી ડીજલ દાણચોરી કે લાકડાની આડમાં બેનામી વસ્તુઓની હેરફેર તેની ગોઠવણીઓમાં આ મુકેશની મોટી ભુમિકા રહેલી હોવાનુ કહી રહ્યા છે. ચર્ચા વધુમાં એ પણ થાય છે કે ડ્રગ્સકાંડમા નામ ઉછળતા જ આ ટોળકીને બચાવવા માટે મુખ્ય સુત્રધાર મુકેશે દિલ્હી સુધી જોડાણો સાધી એક કેન્દ્રીય મંત્રી પાસે ફોન પણ કરાવ્યા હતા. પરંતુ આ કેસની તપાસ હવે નાર્કોટીકસ કંટ્રોલ બ્યુરાના હાથમાં આવતા જ સ્થાનિક કડીઓ અને મોટા માથાઓના હોશ ઉડી રહ્યા છે. જાણકારો કહી રહ્યા છે કે, કેપટાગોન જેહાદી ડ્રગ્સ કાંડની તપાસ જેમ જેમ આગળ ધપી રહી છે તેમ તેમ ડ્રગ્સ સાથે મુકેશ આણી ચંડાળ ચોકડીના વિદેશથી લાકડાની આડમાં ચાલતા આખા કૌભાડ અને તેનુ નેટવર્ક પણ બહાર આવી જવાની પુરેપુરી સંભાવના દર્શાઈ રહી છે. આ ટોળકી માની રહી છે કે ડ્રગ્સકાંડમાં બચવા જઈ રહ્યા છીએ પણ વિદેશમા એક સેઝથી ગાંધીધામનામીઠીરોહરમા આવેલા એક વેરહાઉસ સુધીના લાકડાના ગોઠવાયેલા શંકાસ્પદ માયાજાળ કયાંક ખુલ્લુ ન પડી જાય? કહેવાય ને કે કુતરું કાઢવા જતા કયાંક ઉંટ ન પેંસી જાય.!લાકડાનાબની બેઠલ ઠગ વેપારી, બંટી અને રાજુની સાથે હવે આ પ્રકરણમાં ચોથુ નામ મુકેશનું પણ ચર્ચામાં ઉમેરાઈ ગયુ છે. મુકેશ પણ આ ગેગની સાથે સંકળાયેલ જ હાવોનુ મનાય છે. વચેટીયો દલાલ છે અને મોટો રોકાણકાર આ કન્સાઈનમેન્ટમાં હોવાનુ ચર્ચાય છે. આ તમામે તમામના નામો હવે સરાજાહેર ચર્ચાનુ કારણ બની રહ્યા છે ત્યારે તેમની સાથે રહેલા સાથીદારો તેમનાથી કિનારો કરી રહ્યા છે અને આ ટોળકીમાં ભંગાણ પડી રહ્યુ હોવાની વાત સપાટી પર આવી રહી છે. કહેવાય છે કે એકતરફ સુંદરકાંડના પાઠ કરવા અને બીજીતરફ કરોડોના કૌભાંડોનું હેન્ડલીંગ કરવુ, આ બેવડી નીતી ધરાવતી આ ગેગથી હવે રોકાણકારો અને સાથીદારો દુર ભાગી રહ્યા છે. સુત્રોના જણાવ્ય અનુસાર બેનામી ધામા સંકળાયેલા ૧૦ મુખ્ય લોકોમાથી પાંચથી છ જણાઓએ આ ગેંગથી અંતર બનાવી લીધુ છે. સાથીદારોમાં ફફડાટ છે, કે આ ટોળકી હવેમાત્ર ડિજલ દાણચોરી પુરતીસમીતી નથી રહી પરંતુ ડ્રગ્સ જેવા કાળા કારોમાં પણ ગળાડુબ છે. જેના છાંટા ભવિષ્યમાં તેમના પર પણ પડી શકે તેમ છે.

## એનસીબી મુકેશની કડક સરભરા કરે : તો અનેક બેનામી ધંધાઓ ખુલશે..

ગાંધીધામ : કેપ્ટાગોન ડ્રગ્સકાંડમાં બારોઈના એક શખ્સને ઉઠાવાયો તે તો ફોલ્ડરીયો માત્ર જ છે, પરંતુ તેણે જે નામો ઓકી દીધા છે તેમાં લાકડાનો બની બેઠલ ઠગ વેપારી(રામ નામ ઝપનાર), બંટી, રાજુ અને મુકેશની ટોળકી જ સાણસામાં આવી રહી છે.જો એનીસબી દ્વારા મુકેશની કડકાઈથી પુછપરછ કરવામા આવે અને તેની સરખી સરભરા થાય તો માત્ર ડ્રગ્સકાંડ જ નહી પરંતુ લાકડાની આડમાં થતી કરોડો રૂપીયાની બેનામી હેરફેરના તમામ રહસ્યો અને મોટા માથાઓના નામ બહાર આવી શકે તેમ ચર્ચાય છે. એજન્સી આવનારા દીવસોમાં વધુ આકરા પગલા ભરે તેવી આશંકાઓ વર્તમાન સમયે જોવાઈ રહી છે.

## અંજારમાં વાહનચાલકની અડફેટે મજૂરનું મોત

અંજાર તાલુકાના સાપેડા ગામના રહેવાસી જનાભાઈ ઉર્ફે નારણભાઈ બડગા (ઉ.વ. ૪૭) પોતાના ભાણેજ સાથે મજૂરી કામ અર્થે અંજાર-ભુજ હાઈવે રોડ પર સુગરીયા બસ સ્ટેશન સામે હાજર હતા. દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી જનાભાઈને અડફેટે લેતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.અકસ્માત બાદ ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જનાર અજાણ્યો વાહનચાલક ઘટના બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે મૃતકના ભાણેજ દ્વારા અંજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. કેસની તપાસ પોલીસ દ્વારા ચાલુ રાખવામાં આવી છે.

**ગાંધીધામ માટે તાત્કાલિક જોઈએ છે**
**એકાઉન્ટન્ટ - હેડ**
**સીનીયર એકાઉન્ટન્ટ (મેલ-ફીમેલ)**
એકાઉન્ટીંગ વર્ક, G.S.T. ફીલીંગ, T.D.S. ફીલીંગના જાણકાર
ઓછામાં ઓછુ ૮ થી ૧૦ વર્ષનો અનુભવ જરૂરી
રસ ધરાવતા ઉમેદવારોએ નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરવો
સંપર્ક સમય ૧૦:૦૦ થી ૬:૦૦
મો.: 97129 66136, 99747 50773

**શ્રધ્ધાંજલિ**



**સ્વ.બહાદુરસિંહજી શિવુભા જાડેજા**
સ્વ.તા.૮/૬/૨૦૨૬, ઉ.વ.૮૯,
મુળ ખેડોઈ, હાલે : ભુજ
અધ્યક્ષ, ભુજ જીમખાના

મોભીને ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી,
આપના સ્નેહની લાગણી કેમેય વિસરાતી નથી.
આપનું પુરૂષાર્થી અને પ્રેરણાદાયક જીવન તેમજ આપના
આશિષ એજ અમારો પ્રેરકબળ રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના..

**ભુજ જીમખાના સ્પોર્ટસ સેન્ટર**
**હોદેદારો, કારોબારી સભ્યો, તથા સભ્યશ્રીઓ**

**પ્રાર્થનાસભા**
ભુજ : તા.૧૩/૦૬/૨૦૨૬, શનિવાર,
સાંજે ૫.30 થી ૬.30 કલાકે,
સ્થળ : કતિરા પાર્ટી પ્લોટ, વી.ડી.હાઈસ્કુલ પાસે, ભુજ

તરૂણ એડ

## ઝભ્ભાલેંગાવાળાની ઓથ તળે ધૂમ રેતીચોરી? : ગલાલને સરહદ દેખાડો

# મીઠીરોહર ખનીજચોરીકાંડ : ભ્રષ્ટ ગલાલ મહેરબાન તો જશો પહેલવાન : એસપીશ્રી કરાવે કડક તપાસ..!

**જશા આણી ટોળકી લાંબા સમયથી મીઠીરોહર પટ્ટામાથી માટી-રેતીની કરી રહ્યા છે આડેધડ ચોરી : આ તો આંતરીક હુંસ્સાતુસ્સીમાં વાત વણસી, અને જસાના મશીન-વાહનોની માહીતીઓ જિલ્લા કલેકટર સુધી પહોચતા મામલતદારશ્રીની ટીમે કરી કાર્યવાહી : બાકી જશા પાસે કડકાઈભરી કાર્યવાહી કરવા તો કોઈ પહોચી જ ન શકે..!**

**જશાને રેતી-માટી ચોરી અટકાવવા જાવ, એટલે તેના વતીથી ભ્રષ્ટ વહીવટદાર ગલાલનો ફોન આવી જ જાય, મુકોને, જશાને શુ કામ હેરાન કરો છો, તમે તમારૂ બોલો, સીધી આગળીથી ઘી ન નીકળે તો સાહેબના નામની આ ભ્રષ્ટ વહીવટદાર ગલાલ આપે જાગૃત વર્ગને ધમકીઓ, સાહેબ મળવા બોલાવે છે, રજુ થઈ જાવ..!**

ગાંધીધામ : એકતરફ રાજય સરકાર દ્વારા ખનીજચોરીને ડામવાને માટે નીતનવા પ્રયાસો થવા પામી રહયા છે અને ભગીરથ કાર્યો હાથ ધરાઈ રહ્યા છે ત્યારે બીજીતરફ સરકારના અમુક પળલેલા તત્વો, અમુક ઝભાલેંગાવાળાઓ મળી અને ચીભડ ખનીજચોરોને માફીયા બનાવી રહ્યા હોવાની ઘટનાઓ પૂર્વ કચ્છમાં પણ સામે આવવા પામી રહી છે.

આ બાબતે ચર્ચાતી વિગતો અનુસાર વર્તમાનમા ગાંધીધામ તાલુકાના મીઠીરોહર પટ્ટામાં પણ આ જ રીતે રેતી અને માટીચોરીમાં એક નામ કુખ્યાતી સાથે પંકાઈ જવા પામ્યુ છે અને તે જશાનું છે. જશો પાછલા લાંબા સમયથી આ વિસ્તારમાં આડેધડ બિનધાસ્ત અને બેફામ થઈ રેતી-માટીની અઢળક ચોરીઓ કરી રહ્યો છે. આ જશો એટલો ફાટીને ફુલેકે ગયો છે કે તેની ચોરી બાબતે કોઈ જાગૃતનાગરીક તપાસ કરવા જાય તો જશો તેની બાઉન્સર ગેંગને કામે લગાડી અને તેમનો પીછો કરાવ ડરાવી ધમકાવીને ભગાડી દે છે. જાણકારો કહી રહ્યા છે કે, આ જશો આટલો બધો ફાટીને ધુમાડે કેમ ગયો છે. કહેવાય છે કે, રાજકીય ઓથ વગર આ બધુ શકય બની શકે તેમ નથી ઝભ્ભાલેંગાવાળાઓના જોરે તથા સ્થાનિકે જશાની રેતીચોરીમાં ભ્રષ્ટ વહીવટદાર ગલાલની ભુમીકા રહેલી છે.

ગલાલ મહેરબાન છે તો જશા જેવા રેતીચોરો માફીયા બનીને પહેલવાન થઈ રહ્યા છે. જશાનીમાટી ચોરી તો લાંબા સમયથી જ ચાલી રહી છે પરંતુ તેના પર જે રેઈડ પડી છે, તે પણ આંતરીક હુંસાતુસ્સીના ભાગરૂપે જ પડવા પામી છે. બાકી તો જશા પાસે કોઈ જાય, અટકાવવાની વાત કરે એટલે ભ્રષ્ટ ગલાલનો તેને ફોન આવી જાય. મુકોને જશાને શા માટે હેરાન કરો છો? તમે તમારૂ બોલો? કંઈ હોય તો..સીધી રીતે કે સીધી આંગળીએ વાત ન બને તો જશાનો વહીવટદાર ગલાલ આંગળી ટેળી કરી અને સાહેબના નામે ધાક ધમકીઓ કરી ને તે વ્યકિતને પજવતો હોય છે. કયા સાહેબના નામે આ ગલાલ ધામ ધમકી કરે છે તે પણ તપાસનો વીષય બની રહ્યો છે. જે સાહેબના નામે ડારા-ડફારા કરે છે તે સાહેબને આ ગલાલ વહીવટમાથી કઈ આપે છે કે તેમના નામે બધું ખુદ જ ઓંઈયા કરી જાય છે? એસપીશ્રી ખુદ સનિષ્ઠ અને કડક અધિકારી છે, ત્યારે આ બાબતે તપાસ કરાવી જોઈએ કે, કયા ભ્રષ્ટ વહીવટદારો આ પ્રકરણમાં ભુમિકાઓ ભજવી રહ્યા છે. આ તો ભલુ થજો જાગૃત ગ્રામલોકોનું કે જેણે જશાને પડકાર ફેકયો અને ગામની નખ્ખોદ ન વાળવા અટકાવ્યો, ત્યારે જશાએ મુંછને તાવ આપીને કહી દીધુ કે તારાથી થાય તે કરી લેજો, મારો કોઈ વાળ પણ વાંકો નહી કરી શકે, હું બધાયને હપ્તા આપું છે, તે બાદ કલેકટરશ્રી સુધી વાત ફરીયાદ સ્વરૂપે લેખિતમાં પહોચી અને મામલતદારની ટીમે દરોડો પાડી દેખાડયો છે. બાકી ગલાલ જેવા ભ્રષ્ટ વહીવટદારો હોય ત્યા સુધી જશાને ઉની આંચ આવે તેમ નથી હોતી.



**કંડલા પોર્ટ ટ્રસ્ટના કાર્યદક્ષ-કડક અને તટસ્થ ચેરમેનશ્રી આટઆટલી મોટી ખનીજચોરી તેમની જમીન પર થતી હોવા છતા કેમ એકશનમાં નથી દેખાતા?**

તેઓએ **એસ્ટેટ વિભાગના જવાબદારોના આમળવા જોઈએ કડક કાન** : શું કંડલાના એસ્ટેટ વિભાગના અમુક અધિકારીઓની રહેમનજરેથી જ જશા જેવો રેતી-માટીચોર અહી બેફામ બનીને આડેધડ ડીપીટી-કંડલાની જમીન પર આદરી રહ્યો છે આંધળી લુંટ? : **શું ડીપીટી-કંડલાના કોઈ ચોકીદારો પણ આવી જમીનની રખેવાળી નથી કરતા?** જો કરે છે તો આટઆટલી મોટી રેતીચોરી સેકંડો એકરોમાં થઈ ગઈ ત્યા સુધી તેઓને શેની ચોકી કરી? **રેડ્ડી સાહેબ તો હવે બદલાઈ ગયા, તો પછી જશા જેવા રેતી-માટી ચોરને હજુય કોણ છાવરી રહ્યુ છે...?**

**મીઠીરોહર પટ્ટામાં રેતી-માટી ચોરી કરીને એટલા મોટા મોટા ખાડાઓ જશા આણી ટોળકી કરી દીધા છે કે જનાવર તો જનાવર ચોમાસામાં માણસ ભુલે પડયો તો તે ખાડામાં પડયા બાદ શોધ્યો નહી મળે, જાગૃત નાગરીકોએ જશાને ગામની નખ્ખોદ વાળવાની બંધ પાડતા અને જશાએ મુંછને તાવ આપીને થાય એ કરી લેવાની ધમકી ઉચ્ચારતા એજન્સી સુધી વાત પહોચી છે, બાકી તો જશાનું રેતીચોરીનું નેટવર્ક મોટા પાયે ધમધમી જ રહ્યુ છે : મીઠીરોહર આસપાસમાં અથવા તો જીઆઈડીસીમાં પણ જેટલા નવા નવા પાછલા પાંચેક વર્ષમા ગોડાઉનો બન્યા તેમાં ચોરાઉ રેતી-માટીનો જ થયો છે ઉપયોગ**

# આસંબીયા પાસેના વણોટી ડેમના કામમાં ભ્રષ્ટાચારની બૂ

ભુજ - કચ્છઉદય : મોટા આસંબીયા ગામ પાસેના નાની વણોટી ડેમની જૂની દિવાલો અને જૂનું કામ રીપેર કરી અને મોટી રકમનું બિલ મંજૂર કરાવીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે, જેની તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ કરી છે. લોકોએ જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા કામની રકમના ચુકવણા થઈ ગયા પછી પણ જૂની દીવાલોમાં મોટી મોટી તિરાડો નજરે પડે છે, જેથી તાત્કાલિક ચુકવણુ અટકાવવામાં આવે તેવી માંગ કરી છે. સિંચાઈ વિભાગ દ્વારા કામ જોયા વિના જ ચુકવણું કરાયું હોવાથી તે તંત્રના જવાબદારો પણ શંકાના દાયરામાં છે. એક જ કોન્ટ્રાટકરને વારંવાર કોન્ટ્રાકટ મળે છે અને તેની તપાસ કરવામાં આવે તો કેટલાક મિલભગત તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓના પગ નીચે રેલો આવે તેમ છે તેવું લોકોએ જણાવ્યું હતું.

મોટા આસંબીયાના હુસેનશા જણાવ્યું હતું કે, આ ડેમને રિપેર કરવા માટે સરકાર દ્વારા મોટી રકમ મજૂર કરવામાં આવી હતી, પરંતુ થીંગડા મારીને જુનુ કામ દેખાયું ત્યાં થીંગડા મારીને રીપેર કરી કરવામાં આવ્યું છે, બાકી જૈસે થે હેની પરિસ્થિતિમાં મુકી દેવામાં આવ્યું છે. વણોટી ડેમના કામ માટે ૮૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, પરંતુ રીતસરના

અનુસંધાન પાના નં.૫ પર


**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**




**સ્વ.આદર્શ (આદિ) અશોકભાઈ રાવલ**
સ્વ.તા.૧૧-૦૬-૨૦૨૬, ગુરુવાર, ઉ.વ.૧૪

રડી પડે છે આંખો અમારી જોઈ તસવીર તારી, નાની ઉંમરે તારી અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઈ, મન હજુ માનતું નથી કે તું અમારી વચ્ચે નથી, પરંતુ તું હંમેશા અમારા દિલમાં રહીશ. પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

શોકમગ્ન
• કલ્પેશ સી. ગોસ્વામી (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર, કેન્દ્ર સરકાર)
• નિખિલ સી. ઠક્કર • ભાવિન જે. ગોર





## કોન્ટ્રાકટર જાણે સિંચાઈ વિભાગનો ફેમિલી કોન્ટ્રાકટર બન્યો

માંડવી તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ રફિકભાઈ રાયમા જણાવ્યું હતું. કોન્ટ્રાક્ટર જાણે સિંચાઈ વિભાગના "ફેમિલી કોન્ટ્રાક્ટર "બની ગયા તેવું લાગી રહ્યું છે. દક્ષિણ ગુજરાતના આ મનાતા કોન્ટ્રાક્ટર પાસે જ આવી રીતે વારંવાર કોન્ટ્રાક્ટર ફિક્સ કરાય છે કે બધે જ આવું કામ થયું છે. રાજડા ડેમના કામમાં અઢી કરોડના કામમાં દોઢ કરોડનું કામ કરી અને એક કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપ કરાયા હતા. તો માંડવી બસ સ્ટેશન અને ડેપોનું કામ પણ કહેવાય છે કે મહાકૌભાંડ આચર્યું હોવાના આક્ષેપ છે.